अथ प्रथमं शिक्षापत्रम् ।

सदोद्विग्नमनाः कृष्णदर्शने क्लिष्टमानसः ॥
लौकिकं वैदिकं चापि कार्यं कुर्वन्ननास्थया ॥ १ ॥

निरुद्धवचनो वाक्यमावश्यकमुदाहरन् ॥
मनसा भावयेन्नित्यं लीलाः सर्वाः क्रमागताः ॥ २ ॥

सेवापि कायिकी कार्या निरुद्धेनैव चेतसा ।
दैहिकं कर्मनिखिलं प्रभुसेवोपयोगिनाम् ॥ ३ ॥

यथोपकरणादिनां रक्षा तद्वद्विधीयताम् ।
भार्यादिष्वनुरागोऽपि सेवाहेतुक एव हि ॥ ४ ॥

प्रातिकूल्ये यथा त्यागः प्रभ्वसंबंधीवस्तुनः ॥
धनेषु निस्पृहः सेवोपयोगित्वेन रक्षणम् ॥ ५ ॥

विवाहादिषु कार्येषु बध्वाः सेवार्थमानसः ।
भगवत्संगिसंगोपि स्वप्राणप्रेष्ठवार्तया ॥ ६ ॥

वियोगानुभवं कुर्वन् सेवाऽनवसरे पुनः ।
मूर्तौ भगवतो दृष्टिर्भाव्या तत्तस्य दर्शनम् ॥ ७ ॥

स्पर्शस्तत्रैव भावेन सर्वास्तत्रैव तत्क्रियाः ।
भावात्मनो ह्यनुभवः सर्वो भावेन नान्यथा ॥ ८ ॥

हृदयास्यात्यशुद्धत्वान्न तत्रावेशसंभवः ।
स्वमूर्तावतिशुद्धायामाविश्यानुभवं हरिः ॥ ९ ॥

यावत्साधनसंपत्तिः कारयत्यखिलान्निजान् ।
शुद्धं विधाय हृदयं पश्चात्तत्राविशेत्स्वयम् ॥ १० ॥

दत्त्वा दैन्येन संतुष्टो नित्यं देहमलौकिकम् ।
स्वयं प्रविश्य भावात्माऽनुभवं कारयेत्स्वकम् ॥ ११ ॥

एवं विधं फलं नित्यं चिन्तयन् चेतसा सदा ।
कुर्यादत्यादरं कृष्णसेवायामेव सर्वथा ॥ १२ ॥

साक्षात्परोक्षरूपत्वात् सेवा पूर्वविलक्षणाः ।
यथा गायन्त्य इत्यत्र भावः शबलितो मतः ॥ १३ ॥

तदुत्तरं यथा भावः केवलो विरहात्मकः ।
फलं तथैव चात्रापि फलता केवलस्य हि ॥ १४ ॥

फलाशायां फलं कृष्णवदनं हृदि चिंत्यताम् ।
फलं कृष्णः सदानन्दो भक्तभावात्मकत्वतः ॥१५॥

न तत्र ज्ञानसंबंधो यतोऽत्रापि न वै चितिः ।
सच्चिदानंदरूपस्तु प्रसिद्धः पुरुषोत्तमः ॥१६॥

पूर्वावस्था फलं कृष्णः केवलश्चोत्तरो मतः ।
तस्यैवास्यं कृपापूर्णः प्रभुः श्रीवल्लभाभिधः ॥१७॥

तदाश्रयः सदा कार्यो मनोवाक्कायवृत्तिभिः ।
स्वकीयता तदीयेषु तद्भिन्ने भिन्नता मता ॥१८॥

तदीयेषु च तद्बुद्ध्या भरः स्थाप्यो विशेषतः ।
यथा दूतीषु भवति विषयिणां मतिस्तथा ॥१९॥

धनं गृहं यथा कृष्णे तथा भक्तिस्थितेऽपि च ।
विनियोक्तव्यमेवं हि प्रभोर्भावो भविष्यति ॥२०॥

तदीयाश्चेत्स्वतस्तुष्टास्तुष्टः कृष्णो न संशयः ।
तदीयास्तु निजाचार्यचरणैकपरायणाः ॥२१॥

अनन्यभजनास्तुष्टाः कामलोभविवर्जिताः ।
निरपेक्षा विरक्ताश्च सर्वभूतहिते रताः ॥२२॥

निर्मत्सराः कृष्णसेवाकथादिविहितादराः ।
एवंविधास्तदीयाश्चेत्संगादपि विशेषतः ॥२३॥

सर्वथा शुद्धभावानां स्वीकृतानां कृपालुना ।
सर्वं श्रीवल्लभाचार्यप्रसादेन भविष्यति ॥२४॥

ઇતિ શ્રીહરિદાસ વિરચિતં પ્રથમં શિક્ષાપત્રં સંપૂર્ણમ્ ॥ ૧ ॥

શિક્ષાપત્ર ૧લું.

જેનું મન સદાયે (સંસારથી) કંટાળેલું રહે છે, જેનું ચિત્ત શ્રીકૃષ્ણનાં દર્શન માટે આર્ત રહે છે, જે લૌકિક વૈદિક કર્યો આસ્થા વગર, કર્યાં જાય છે, જે પોતાની વાણીને નિયમમાં રાખે છે તથા ખપ પૂરતું જ બોલે છે,– આવા વૈષ્ણવ પોતાના મનમાં (ભગવાનની) સર્વ લીલાની ભાવના ક્રમશઃ કરે. (૧–૨)

તેણે તનુજા સેવા (પણ) નિરોધ વાળા ચિત્તથી કરવી. એવાએ પોતાના દેહને લગતાં સર્વ કાર્યો (પણ) પ્રભુસેવા અર્થે ઉપયોગી છે કે નહિ તેને ધ્યાનમાં લેવું. જેવી રીતે ઉપકરણોની રક્ષા કરવામાં આવે તેવી જ રીતે આવાં કાર્યોની રક્ષા પણ તે દષ્ટિએ જ કરવી. ભાર્યાદિમાં સ્નેહ રાખવો તે (પણ) સેવાના હેતુથી જ. (૩,૪)

જેમ કોઈ પ્રતિકૂલ વસ્તુનો ત્યાગ કરવો એ યોગ્ય છે, તેમ પ્રભુની સાથે સંબંધ ધરાવતી ન હોય તેવી વસ્તુનો પણ ત્યાગ કરવો યોગ્ય છે. ધન માટે ઇચ્છા રાખવી નહિ, ધનનું રક્ષણ કરવામાં આવે તે પણ સેવા માટે તે ઉપયોગી છે તે દષ્ટિએ જ. (૫)

સ્ત્રીની સાથે વિવાહ વગેરે કરવામાં આવે તેમાં પણ પ્રભુ સેવાની ભાવના ચિત્તમાં રાખવી. અરે, ભગવાનના સંગીઓનો સંગ પણ પોતાના પ્રાણથી પણ પ્રિય એવા ઠાકોરજીની વાર્તા નિમિત્તે જ કરવો. (૬)

સેવાનો સમય ન હોય ત્યારે તે સમય પ્રભુ વિયોગનો અનુભવ કરવામાં ગાળવો. શ્રીઠાકોરજીના સ્વરૂપમાં સાક્ષાત્ શ્રીકૃષ્ણચંદ્રની ભાવના કરવી. જો એવી ભાવના રાખવામાં આવે તો સાક્ષાત્ પ્રભુનાં દર્શન થાય. (૭)

જ્યારે ભગવાનના સ્વરૂપનો સ્પર્શ કરવાનો હોય, અથવા, એવી જ રીતે દેહ સંબંધી હરેક પ્રકારની ક્રિયા કરવાનું પ્રાપ્ત થાય, ત્યારે ઉપર પ્રમાણે ભાવના કરવી. પ્રભુ ભાવાત્મક છે, તેનો અનુભવ ભાવ વડે જ થઈ શકે, ભાવ વગર ન થાય. (૮)

જ્યાં હૃદય અતિશય અશુદ્ધ હોય, ત્યાં પ્રભુના આવેશનો સંભવ જ નથી. પ્રભુ પોતાના અતિશુદ્ધ સ્વરૂપમાં પ્રવેશ કરી (ભક્તને) પોતાનો અનુભવ કરાવે છે. (૯)

અર્થાત્ પ્રભુ પોતાના જનની સર્વ સાધન સંપત્તિ સિદ્ધ કરી તે ભકતના હૃદયને શુદ્ધ કરે છે ને પછી તેમાં પ્રવેશ કરે છે. (૧૦)

પ્રભુ (પ્રથમ) દૈન્યથી પ્રસન્ન થઇ નિત્ય ને અલૌકિક દેહનું દાન કરે છે ને પછી તે ભાવાત્મક પ્રભુ તેમાં પોતે પ્રવેશ કરી પોતાનો સ્વાનુભવ કરાવે છે. (૧૧)

(ભગવત્ સેવામાં) આ પ્રમાણે ચિત્ત વડે સદા નિત્યફળનો વિચાર કરતાં કરતાં પ્રભુ સેવા સર્વથા આદર પૂર્વક કરવી. (૧૨)

સેવા સંયોગાત્મક તેમજ વિપ્રયોગાત્મક હોઇ અપૂર્વ લક્ષણવાળી છે. વ્રજ ભક્તોને જેમ સ્વરૂપાનંદનો અનુભવ થયો અને તેઓ ગુણગાન કરવા લાગ્યાં તેવી રીતે આપણે પણ સેવામાં તેવો જ ભાવ રાખવો. (૧૩)

તેમાં જેટલો વિરહાત્મક ભાવ હશે તેટલું જ ફળ મળશે. કારણ અહીં કેવળ વિરહાત્મક ભાવ જ ફળ રૂપ છે. (૧૪)

કદાચ્ ફળની આશા હોય તો પણ શ્રીઠાકોરજીના મુખ કમળનું હૃદયમાં ચિંતન કરવું. કારણ સદાનંદ કૃષ્ણ જે ફળરૂપ છે તે ભકતના ભાવાત્મક છે. (૧૫)

અહીં જ્ઞાનનો સંબંધ નથી, કારણ કે આમાં ચૈતન્યરૂપ જ્ઞાનને અવકાશ નથી. શાસ્ત્રોમાં જે પુરૂષોત્તમ તરીકે સુપ્રસિદ્ધ છે તે જ સચ્ચિદાનંદરૂપ છે. (૧૬)

જેમ સંયોગાત્મક અવસ્થાના ફળરૂપ શ્રીકૃષ્ણ છે, તેમ વિપ્રયોગાત્મક અવસ્થાના ફળરૂપ પણ કેવળ શ્રીકૃષ્ણ

પોતે છે અને એવા શ્રીકૃષ્ણના મુખારવિંદના સ્વરૂપરૂપ કૃપાપૂર્ણ શ્રીવલ્લભ પ્રભુ છે. (૧૭)

માટે મન, વાણી કે કાયાની વૃત્તિથી તેઓશ્રીનો આશ્રય સદાયે કરવો, (એટલું જ નહિ પણ) જેઓ તદીયો હોય તેમનામાં પોતાપણાનું મમત્વ સેવવું. તેમને આશ્રયે ગયેલા ન હોય તેમનામાં ભેદબુદ્ધિ રાખવી. (૧૮)

જેવો ભાવ શ્રીઆચાર્યજીમાં રાખવામાં આવે તેવો જ ભાવ, બલ્કે તેથી પણ વિશેષ ભાવ ભગવદીઓમાં રાખવો, જેમ કામી પુરુષો પોતાની દૂતિમાં રાખે છે તેવો. ૧૯

જેમ ધન ને ઘરનો વિનિયોગ શ્રીકૃષ્ણમાં કરવામાં આવે, તેમ ભક્તિમાં સ્થિતિ કરી રહેલા ભકતમાં પણ તેનો તેવો વિનિયોગ કરવો. એમ કરવાથી પ્રભુભાવ ઉત્પન્ન થશે.(૨૦)

જો ભગવદીયો પોતે પ્રસન્ન થાય તો શ્રીકૃષ્ણ પણ પ્રસન્ન થાય એ નિઃશંક છે. કારણ કે તેવા ભગવદીયોને શ્રીઆચાર્યચરણમાં દૃઢ આશ્રયભાવ હોય છે. (૨૧)

તેવા ભકતો અનન્ય ભાવ વડે પ્રભુનું ભજન કરેછે તથા કામ લોભથી રહિત હોયછે. તેમ જ તેમનામાં કોઇ પણ પ્રકારની અપેક્ષાવૃત્તિ હોતી નથી, એટલું જ નહિ પણ તેઓ વિરક્ત હોય છે ને સર્વ પ્રાણી માત્રનું હિત કરવામાં તેમને રસ હોય છે. (૨૨)

તેઓ ઈર્ષ્યારહિત હોય છે ને શ્રીકૃષ્ણની સેવા કરવામાં પૂર્ણ આદરવાળા હોય છે. જો તેવાઓનો સંગ થાય તો તેનું ફળ સવિશેષ થાય છે. (૨૩)

આવા શુદ્ધભાવવાળા ભગવદીઓનાં સર્વ કાર્યો શ્રીવલ્લભાચાર્યજીની કૃપા ને પ્રસન્નતાથી સિદ્ધ થાય છે (૨૪)

द्वितीयं शिक्षापत्रम् ।

यशोदोत्संगलालितः कचग्रथितवेणिकः ।
मुक्ताफललसज्जालश्चलत्कुटिलकुंतलः ॥१॥
मुक्ताफलावलिभालप्रांतकर्णविभूषितः ।
कस्तूरिकातिलकयुग् भालभूषातिसुंदरः ॥२॥
काश्मीररागविलसत्कपोलद्वयचित्रितः ।
स्फुरद्भ्रूतियुगप्रांतकुंडलद्युतिमंडितः ॥३॥
चिबुकांतलसद्वज्रभूषः सांजनलोचनः ।
नयनप्रांतविलसन्मषीबिंदुसुशोभनः ॥४॥
लालामिषाधररसस्रवणज्ञानबोधकः ।
बाल्यभावाऽतिसुलभरसबोधनतत्परः ॥५॥
मुखांबुजनिजांगुष्ठप्रवेशनपरायणः ।
भक्तिप्रविष्टस्य गतिक्रियाशक्तिविबोधकः ॥६॥
ग्रीवालग्नलसन्मुक्ताफलमालविभूषणः ।
तदुत्तरलसत्स्वर्णमणिमालातिमोहनः ॥७॥
उरःस्थललसत्स्वच्छवज्रवैयाघ्रभूषणः ।
मुक्ताफलस्वर्णमालायुततुंदिलितोदरः ॥८॥
बाहुमध्यलसद्रत्नजटितांगदसुंदरः ।
पटगुच्छलसत्स्वल्पकरकंकणभूषणः ॥९॥

दशांगुलिलसद्रत्नजटितोत्तममुद्रिकः ।
किंकिणीपटगुच्छातिविराजितकटिस्थलः ॥१०॥
सनूपुरपदन्यासध्वनिमोहितगोपिकः ।
दिगंबरो नखविधुज्योत्स्नाजितनिशापतिः ॥११॥
स्वरूपप्रतिबिंबैकदृष्टिहास्यमुखांबुजः।
पंकांगरागरुचिरः सदामुग्धशिरोमणिः ॥१२॥
लीलान्यज्ञानरहितः सर्वलीलाविचक्षणः ।
कंदर्पकोटिलावण्यो मानिनीमानदर्पहा ॥१३॥
स्वगोपिकागूढचोरः कृतसंकेतगोपनः ।
परमानंदसंदोहः सदा दुःखविवर्जितः ॥१४॥
असमक्षो दुःखितानां प्रपंचसुखिनामपि ।
दयानिधिर्मुग्धभावः स्वीयवाक्यैककारकः ॥१५॥
प्रपंचनाशनःस्वीयनिरोधकृतितत्परः ।
बालभावग्रहपरः क्षणक्षणविचक्षणः ॥१६॥
क्षणं क्रुद्धः क्षणं हृष्टः स्वल्पवस्तुषु तोषितः ।
स्वकीयहृदयाभिज्ञस्तदन्यज्ञानवर्जितः ॥१७॥
गूढलीलापरो भक्तगूढभावरसात्मकः ।
सेवनीयः सावधानैर्विपरीतगतिक्रियः ॥१८॥
श्रीमदाचार्यकृपया तिष्ठति स्वगृहे हरिः ।
एवंविधः सदा हस्ते योगिनः पारदो यथा ॥१९॥
चिंत्यनीयोऽनवसरे सेवायाः सर्वथा धियाः ।
यतो निरोधसंसिद्धिः सेवया हार्दया भवेत् ॥२०॥

इति श्रीहरिदास विरचितं द्वितीयं शिक्षापत्र संपूर्णम् ॥

શિક્ષાપત્ર રજું.

(શ્રીઠાકોરજીનું કયું સ્વરુપ સેવવા યોગ્ય છે?)

(એવું સ્વરૂપ) જે શ્રીયશોદાજીના ખોળામાં લાડ લડી રહ્યું હોય, જેમની કેશવેણિ ગુંથેલી હોય, જેમના લલાટ ઉપર મોતી સોહી રહ્યું હોય, ને જેમના વાંકડિયા વાળ ફરફર ઉડી રહ્યા હોય; (૧)

જેમના કપાળના મધ્યભાગમાંથી મોતીની સેર કાન સુધી શોભી રહી હોય, ને જેમનું લલાટ અતિ સુંદર કસ્તૂરીના તિલકથી શોભાયમાન હોય; (૨)

જેમનો ગાલ કેસરી રંગથી રંગાયેલો હોય, અને જેમના કાનમાં શોભા આપતાં બે કુંડલો લટકી રહ્યાં હોય; (૩)

ચિબુકની વચ્ચે હીરો ઝગઝગી રહ્યો હોય, લોચન કાજળથી અંજાયેલાં હોય, અને નેત્રની પાસે રૂપાળું મસી બિંદુ શોભામાં વૃદ્ધિ કરી રહ્યું હોય; (૪)

લાળના મિષથી જે અધરમાંથી ટપકતા રસ દ્વારા જ્ઞાન-નો બોધ આપી રહ્યા હોય અને તેમ કરી બાલભાવ વડે સસ કેવો અતિસુલભ છે તેનો અનુભવ કરાવવામાં ઉત્સુક હોય; (૫)

મુખકમલમાં પોતાનો અંગૂઠો ઘાલી તે દ્વારા ભક્તિ-માં જેઓએ પ્રવેશ કર્યો છે તેમની ગતિ ક્રિયા કેવી થશે તેનો બોધ આપી રહ્યા હોય; (૬)

જેમના કંઠમાં મોતીની માળા લટકી રહી હોય અને તે ઉપર સુવર્ણની માળા પહેરેલી હોવાથી જે મોહ ઉપ-જાવી રહ્યા હોય; (૭)

જેમની છાતી ઉપર ચળકાટ મારતુ સ્વચ્છ વાંકા વાઘ-નખનું આભૂષણ સોહી રહ્યું હોય ને જેમના પ્રફુલ્લિત ઉદર ઉપર મોતીની તથા સૂવર્ણની માળાંઓ લટકી રહી હોય;(૮)

બન્ને ભુજા મધ્યે રત્ન જડિત બાજુબંધ પહેરેલાં હોવાથી જે સુંદર દેખાતા હોય તથા નાના શ્રીહસ્ત ઉપર કંકણનાં આભૂષણ પાટગુચ્છ સહિત શોભી રહ્યાં હોય. (૯)

જેમની દશે આંગળીઓ ઉપર રત્ન જડિત ઉત્તમ વીંટીઓ ઝગઝગી રહી હોય ને ઘુઘરીઓવાળા પાટગુચ્છથી જેમની કેડ શોભી રહી હોય; (૧૦)

પગમાં નૂપુર ધરેલાં હોવાથી જે પોતાના ચરણાર-વિંદના હલનચલનના ધ્વનિથી ગોપિકાનાં ચિત્ત મુગ્ધ બનાવી રહ્યા હોય અને વસ્ત્ર રહિત હોઈ, નખરૂપી દશ ચંદ્રોના કિરણોથી જેઓ ચંદ્રના ઉપર વિજય મેળવી રહ્યા હોય; (૧૧)

જેમની દૃષ્ટિ પોતાના સ્વરૂપના પ્રતિબિંબમાં ચોંટી

જવાથી જે પોતાના મુખારવિંદ વડે મંદ મંદ હાસ્ય કરી રહ્યા હોય અને વ્રજની રજ સર્વાંગે લાગેલી હોવાથી જે પરમ શોભા આપતા મુગ્ધ બાલકોમાં શિરોમણિ હોય; (૧૨)

લીલાઓમાં નિમગ્ન હોવાથી જે અન્ય જ્ઞાન વગરના દેખાતા હોય અને પોતે સર્વ લીલાઓમાં ચતુર હોવાથી કરોડો કામદેવોને પણ લજાવે એવું જેમનું લાવણ્ય હોય કે જે લાવણ્યથી માનિનીઓના ગર્વ પણ હરાઈ જાય; (૧૩)

(એટલું જ નહિ પણ) જે પોતાનાં ગોપી જનોના ગૂઢ ભાવને ગુપ્ત રાખનાર તેમ જ ચોરનારા હોય અને ઉત્તમ આનંદના સમૂહરૂપ હોવાથી સદા દુઃખ રહિત હોય; (૧૪)

જે દયાનિધિ હોવાથી દુઃખીઓના દુઃખને તેમ જ પ્રાપંચિક સુખીઓના સુખને સાંખી શકતા નથી ને મુગ્ધ-ભાવને પ્રકટ કરી પોતાના ભક્તોની વાણીને સત્ય કરી રહ્યા હોય; (૧૫)

જે ભક્તના પ્રપંચને નાશ કરી પોતામાં તેમનો નિરોધ સિદ્ધ કરવામાં તત્પર હોય અને બાલભાવ ગ્રહણ કરી પ્રતિક્ષણે પોતાની વિલક્ષણતા પ્રકટ કરી રહ્યા હોય; (૧૬)

જે ક્ષણમાં ક્રોધી તો ક્ષણમાં હર્ષિત દેખાતા હોય ને એક અલ્પ વસ્તુથી પણ રીઝી જઈ પોતાના ભક્તોના

મનોરથો વગર અન્ય કાંઈ જાણે જાણતા ન હોય; તેવો દેખાવ કરી રહ્યા હોય; (૧૭)

જે પોતે ગૂઢ લીલા કરનારા હોવા છતાં ભક્તોના ગૂઢ ભાવના રસિયા હોય ને તેથી જેમનામાં વિપરીત ગતિ ક્રિયાનું દર્શન થઈ રહ્યું હોય;—

આવા શ્રીઠાકરજીની ભક્તે સેવા કરવી. (૧૮)

શ્રીઆચાર્યજીની કૃપાથી એવા શ્રીહરિ આપણા ઘરમાં આપણા માથે બિરાજે છે. તેથી જેમ યોગીઓ પોતાના હસ્તમાં પારો સ્થિર રાખી શકે છે, તેમ આપણે શ્રીકૃષ્ણની સેવા તેવી જ સાવધાનતાથી કરવી. (૧૯)

જ્યારે સેવાનો સમય ન હોય ત્યારે આપણે બુદ્ધિ પૂર્વક સર્વ રીતે પ્રભુનું ચિંતન કરવું, જેથી માનસી સેવા દ્વારા નિરોધ સિદ્ધ થાય. (૨૦)

तृतीयं शिक्षापत्रम् ।

निधि प्राप्तः सुसंरक्ष्यो दुःसंगादितः सदा ।
त्यरवाऽपि लोकसंकोचं यथा वह्निर्जलादपि ॥१॥
वह्निवद्भगवद्भावः सत्संगव्यवधानतः ।
नाशयेत्संसृतिं यद्वत्पात्रव्यवहितं जलम् ॥२॥
जलवल्लौकिकं प्रोक्तं साक्षात्तन्मेलनेन च ।
मूलतः नाशयेद्भावं यथा वैश्वानरं जलम् ॥३॥
अतः सदैव भेतव्यं लौकिकासक्तितो जनैः ।
सत्संगमग्रतः कृत्वा नाशनीया न चान्यथा ॥४
सतां परोक्षे सत्संगजातभावो विभाव्यताम् ।
तद्विरुद्धवचो नैव माननीयं सतां क्वचित् ॥५॥
भरतस्यापि दुःसंगे जाता हरिणजातिता ।
केवलं कलिदोषाभिभूता अपि जनाः स्वतः ॥६॥
तत्संगनिर्तैनैव भवितव्यं विशेषतः ।
अथवा सर्वतो मौनं तदभावे विधीयताम् ॥७॥
यो वदत्यन्यथा वाक्यमाचार्यवचनाज्जनः ।
संसृतिप्रेरको वापि तत्संगो दुष्टसंगमः ॥८॥
यश्च कृष्णे रतिं नित्यं बोधयत्यप्रयोजनम् ।
निरपेक्षः सात्विकश्च तत्संगः साधुसंगमः ॥९॥

एवं निश्चित्य सर्वेषु स्वीयेष्वन्येषु वा पुनः ।
महत्कुलप्रसूतेषु कर्तव्यः संगनिर्णयः ॥१०॥
श्रीमदाचार्यचरणे मतिःस्थाप्या सदा स्वतः ।
तत एव स्वकीयानां सिद्धिः कार्यस्य सर्वथा ॥११॥
अवैष्णवत्वं मंतव्यं तद्विरुद्धजनेष्वपि ।
जीवेषु दोषवत्स्वेवं तथा तत्साम्यवस्तुषु ॥१२॥
श्रीकृष्णः श्रीमदाचार्यस्तथा श्रीविठ्ठलेश्वरः ।
तथा लीलास्थसामग्रीनैंतत्साम्यं कदाचन ॥१३॥
यदस्माभिः पुरा प्रोक्तं तच्चित्ते स्थाप्यतां सदा ।
न कुत्रापि च वक्तव्यं सांप्रतं विमुखा जनाः ॥१४॥
सांमुख्यबोधनं नैव जायते बाह्यधर्मतः ।
एकोऽपि दोषः सुदृढः सर्वं नाशयति ध्रुवम् ॥१५॥
अस्माभिरेव लिखितं निरपेक्षैः स्वभावतः ।
स्नेहेन सर्वथा चित्ते धीयतां यदि रोचते ॥१६॥

इति श्रीहरिदास विरचितं तृतीयं शिक्षापत्रं संपूर्णम् ॥

શિક્ષાપત્ર ૩જું.

ભગવદ્ભાવ રૂપી જે નિધિ આપણને પ્રાપ્ત થઈ છે તેનું આપણે સદા દુઃસંગથી રક્ષણ કરવું જોઈએ. જેમ જલથી અગ્નિની રક્ષા કરીએ, તેમ લોક સંકોચ ત્યજી દઈ આપણે તેની રક્ષા કરવી જોઇએ. (૧)

ભગવદ્ભાવ અગ્નિ જેવો છે. તેને સત્સંગ રૂપી પાત્રમાં ધારણ કરી રાખવો, જો દુઃસંગને સત્સંગ રૂપી પાત્રમાં રાખવામાં આવે તો ભગવદ્ભાવ રૂપી અગ્નિ તેને જલની પેઠે બાળી નાંખશે. (૨)

અહીં લૌકિકને જલ જેવો કહ્યો છે. તેનો સંબંધ સાક્ષાત્ ભાવ સાથે થવાથી, જેમ જલ અગ્નિનો નાશ કરે છે, તેમ તે ભગવદ્ભાવનો નાશ કરે છે. (૩)

માટે ભગવદીએ સદા લૌકિક આસક્તિથી ડરતા રહેવું. સત્સંગ કરી પ્રથમ તેનો નાશ કરવો, બીજી રીતે તેનો નાશ શકય જ નથી. (૪)

સત્પુરુષોના સંગથી જે ભાવ ઉત્પન્ન થયો હોય તેની ભાવના પરોક્ષમાં કરવી. જે વચનો સત્પુરુષનાં વચનોથી વિરૂદ્ધ હોય તેને કદિ પણ માનવાં નહિ. (૫)

દુઃસંગથી જડભરતને પણ હરિણીની જાતિમાં જન્મવું પડયું.—સ્વાભાવિકપણે જ લોકો કેવળ કલિના દોષથી જીતાયેલા છે. (૬)

તેથી તેમનો સંગ વિશેષ ભાવથી સેવવો નહિ. જો તેમ નજ બને તો મૌન સેવવું. (૭)

જો કોઇ માણસ શ્રીમહાપ્રભુના વચનથી અવળાં વચનો બોલે, અથવા તો તે વચનો એવાં હોય જે સંસારાસક્તિ વધારે તો તેવાનો સંગ કરવોજ નહિ, તેવા સંગને દુષ્ટ સંગ જાણવો. (૮)

જે સાધુ પુરુષ હમેશાં શ્રીકૃષ્ણમાં નિષ્કામ પ્રીતિનો બોધ કરે, નિરપેક્ષ હોય, સાત્ત્વિક હોય, તેવાનો સમાગમ સત્સંગ જાણવો. (૯)

આવી રીતે પોતાના ને પારકા કોણ કોણ કહેવાય અને તે સર્વમાં સંગ કોનો કરવો એનો નિશ્ચય કરીને જેનો જન્મ ઉત્તમ કુલમાં હોય તેનો સંગ કરવો. (૧૦)

આપણે આપણી બુદ્ધિ સદા શ્રીમહાચાર્યજીના ચરણ કમળમાં ધારણ કરવી. જેઓએ તેમ કર્યું છે તેઓ આપણા સ્વકીય છે. તેવા ભગવદીઓના કાર્યની સિદ્ધિ સર્વદા થાય છે. (૧૧)

જેઓ તેનાથી વિરુદ્ધ હોય, જે જીવો દોષબુદ્ધિવાળા

હોય, અથવા તો કોઈ વસ્તુ તેવા પ્રકારની હોય તો તેમાં પણ વૈષ્ણવત્વ નથી એમ જાણવું. (૧૨)

આ દુનિયામાં શ્રીકૃષ્ણ, શ્રીમહાચાર્યજી, શ્રીવિઠ્ઠલેશ પ્રભુ તથા સર્વ લીલાસામગ્રીની બરાબરી કરી શકે એવું બીજું કશું છેજ નહિ. (૧૩(

અમે જે આગળ કહ્યું છે તે હમેશાં ચિત્તમાં સ્થાપન કરવું બીજા કોઇની આગળ કહેવું નહિ. આજકાલ મનુષ્યો બહિર્મુખ થઇ ગયા છે. (૧૪)

જેઓ બહારના ધર્મમાં સન્મુખ હોય તેમને કદાપિ જ્ઞાન થતું નથી. જો એક દોષ પણ અત્યંત દૃઢ જામી ગયો હોય તો નિશ્ચય પૂર્વક તે સર્વનો નાશ કરે છે. (૧૫)

આ બધું અમે અહીં નિરપેક્ષ પણે અને સ્વભાવિક રીતે લખ્યું છે. જો ગમે તો સર્વથા ચિત્તમાં સ્નેહ પૂર્વક ધારણ કરવું. (૧૬)

चतुर्थं शिक्षापत्रम् ।

प्रभोर्धर्माः श्रुतौ प्रोक्तास्तथा भागवतेऽपि च ।
अप्राकृताः स्वरूपैकनिष्ठा भिन्ना न रूपतः ॥१॥

कर्तृत्वसर्वरूपत्वसर्वाधारत्वमुख्यकाः ।
व्यापकत्वविरुद्धात्मधर्माद्याः श्रुतिरूपिताः ॥२॥

ऐश्वर्याद्या अंतरंगधर्मा भागवते तथा ।
तेऽपि स्वरूपभेदेन मर्यादापुष्टिभेदतः ॥३॥

सर्वेऽपि च विभिद्येत इति श्रीमत्प्रभोर्वचः ।
अतोऽत्र पुष्टिमार्गीयमंतरंगं विशेषतः ॥ ४ ॥

विरुद्धधर्माश्रयत्वं स्वसुखाय विचारयेत् ।
प्रभुः कुमार एवास्ति व्रजे मातृपदांकगः ॥५॥

श्रीभागवतवाक्येन कौमारं जहतुर्व्रजे ।
व्याख्याते च तथैवाऽस्मदाचार्यैर्विवृतावपि ॥ ६ ॥

व्रज एव कुमारश्च कुमारीभावविद्धरिः ।
एकादश समास्तत्र गूढार्चिः सबलोऽवसत् ॥ ७ ॥

एतद्वाक्यं मिश्ररूपं कुमारः केवलो हरिः ।
सामग्र्यऽपि तथैवास्ति यतो गोप्यः कुमारिकाः ॥ ८ ॥

एवं सतीदृशे रूपे रासलीलादिरूपणम् ।
विरुद्धधर्माश्रयत्वबोधायैव हि युज्यते ॥९॥

इदं हि पुष्टिमार्गीयं तदेव ज्ञायते बुधैः ।
गीतगोविंदाद्यपद्येऽप्येतदेव निरूप्यते ॥१०॥
अन्यथा नंदवचनं तादृशे युज्यते कथम् ।
अतस्तु पुष्टिमार्गीयविरुद्धगुणसंश्रयः ॥११॥
रसमार्गीयधर्मास्तु ते बोद्धव्या विचक्षणैः ।
बालो रसिकमूर्द्धन्यः स्ववशोऽन्यवशः सदा ॥१२॥
अभीतः सर्वथा भीतः सापेक्षो निरपेक्षकः ।
चतुरोऽपि महामुग्धः सर्वज्ञोप्यज्ञ एव च ॥१३॥
आत्मारामोऽपि गोपीनां सर्वदा रतिवर्धनः ।
पूर्णकामोऽपि कामार्तो ह्यदीनो दीनभाषणः ॥१४॥
स्वप्रकाशोऽप्यप्रकाशो बहिष्ठोऽन्तः स्थितः सदा ।
अस्वतंत्रः स्वतंत्रोऽपि समर्थो न तथापि च ॥१५॥
एवं हि पुष्टिमार्गीयं विरुद्ध स्वगुणालयम् ।
कृष्णं कृपालुं सततं शरणं भावयेदृहृदि ॥१६॥
असाधनः साधनवानसाधुः साधुरेव वा ।
शरणादेव निखिलं फलं प्राप्नोत्यसंशयम् ॥१७॥
भक्तिमार्गे साधनं च फलं शरणमेव हि ।
सर्वधर्मपरित्यागः स्वतंत्रं चेत्फलं हि तत् ॥१८॥
परोक्षे शरणं तादृङ् महापुरुषयोगतः ।
कृपा चेत्तादृशानां हि तदा तदुद्धारकं भवेत् ॥१९॥
तेषामपि तु पारोक्ष्ये तदुक्तैर्वचनैः स्वतः ।
तत्प्रकाशितमार्गैकस्थितो भवति सर्वथा ॥ २० ॥

संसारिणां सदा दुष्टसंगिनामन्नदोषतः ।
बहिर्मुखानां मत्तानां कुतो मार्गस्थितिर्भवेत् ॥ २१ ॥
तदर्थं श्रीमदाचार्यचरणांबुरुहाश्रयः ।
सदाविधेयस्तेनैव सकलं सिद्धिमेष्यति ॥ २२ ॥
तदाश्रयोऽपि मनसः संगभावेन चेत्सताम् ।
तोषभावेन शिथिलो यदि दैवाद्भविष्यति ॥२३॥
तदास्माकं गतिः का वेत्येवं चिंतास्ति मे हृदि ।
लौकिकक्लेशसंबंधो ह्यंगीकृतलक्षणम् ॥२४॥
लोके स्वास्थ्यमिति श्रीमदाचार्यवचनामृतात् ।
तदीयैः स्वामिहार्दज्ञैस्तोषः कार्यस्तु तेन हि ॥ २५ ॥
अतो हि लौकिकः क्लेशो नांतरः क्रियतां क्वचित् ।
बाह्यतस्तु प्रकर्तव्यो ह्यौदासीन्यप्रसाधनात् ॥२६॥
दुःखं दुःसंगजं चान्यल्लौकिकाभिनिवेशजम् ।
सत्संगाभावजं चापि तथा मार्गस्थितेरपि ॥२७॥
तत्तु मत्प्रभुपादाब्जकृपया सर्वथा मम ।
तदीयानां च संगेन क्षणाद् दूरीभविष्यति ॥२८॥
ते दुर्लभा इति मनः खिन्नं भवति नित्यदा ।
यदा प्रभुः कृपापूर्णः कृपायिष्यति दैन्यतः ॥२९॥
तदाचार्यपदासक्तांस्तानुपस्थापयिष्यति ।
अस्माकं तु गतिर्नान्या श्रीकृष्णः शरणं मम ॥३०॥

इति श्रीहरिदास विरचितं चतुर्थं शिक्षापत्रं संपूर्णम् ॥

શિક્ષાપત્ર ૪થું.

પ્રભુના ધર્મો અપ્રાકૃત છે, તે એક સ્વરુપમાં જ સ્થિત છે ને સ્વરૂપથી અભિન્ન છે; એવું શ્રુતિમાં તેમ જ શ્રીભાગવતમાં નિરુપણ કરવામાં આવેલું છે. (૧)

કર્તાપણું, સર્વરુપપણું, સર્વાધારપણું, આ તેના મુખ્ય ધર્મો છે. વળી વ્યાપકત્વ તથા વિરુદ્ધ ધર્માશ્રયપણું વગેરે ધર્મો પણ શ્રુતિમાં નિરૂપણ કરવામાં આવેલા છે. (૨)

ઐશ્વર્ય વગેરે અંતરંગ ધર્મો શ્રીભાગવતમાં આપેલા છે. તે પણ સ્વરૂપભેદને લઇને મર્યાદા ને પુષ્ટિ એવા બે ભેદોથી જુદા પડે છે. (૩)

આમ સર્વ ધર્મમાં પણ ભેદ પડે છે. એવું આપશ્રીનું વચન છે. માટે અહીં તો વિશેષ કરીને અંગરંગ પુષ્ટિ માર્ગીય ધર્મ છે. (૪)

એવું વિચારવું કે પ્રભુએ વિરૂદ્ધ ધર્માશ્રયત્વનો અંગીકાર પોતાના સુખ માટે કર્યો છે. વ્રજમાં પ્રભુ કુમાર અવસ્થા રાખે છે, શ્રીયશોદોત્સંગ લાલિત પ્રભુ કુમાર જ છે. (૫)

શ્રીમદાચાર્યજીએ શ્રીસુબોધિનીજીમાં कौमारं जहतु व्रजे। એવા શ્રીભાગવત વાકયની વિવૃત્તિમાં એવું વર્ણન કર્યું છે કે કુમાર લીલા વ્રજમાં રાખીને પૌગંડ કિશોર વયની લીલા કરીઃ (આમ નિત્ય લીલા ઠેકાણે ઠેકાણે સંપાદન કરી.) (૬)

કુમારિકાના ભાવોને જાણનાર હરિ વ્રજમાંજ કુમાર છે. ગૂઢ પ્રભાવવાળા અગિયાર વર્ષના તે શ્રીબળદેવજી સહિત ત્યાં વ્રજમાં વસ્યા. (૭)

આ વાકય મિશ્રભાવવાળું છે. (સ્મૃતિમાં વ્યાપક રૂપ તથા ઐશ્વર્ય જ્ઞાનાદિ ધર્મ સહિત રૂપનું વર્ણન છે. દશમ સ્કંધમાં कौमारं जहतु व्रजे। વ્રજમાં કુમાર અવસ્થા રાખી એવું નિરૂપણ છે. ત્રીજા સ્કંધમાં एकादश समास्तत्र गूढार्चिः सबलोऽवसत् । એવું વર્ણન છે. આમ વ્યાપક, કૌમાર ને પૌગંડ કિશોર અવસ્થા રૂપ પ્રતિપાદક વાકય છે.) પરંતુ વસ્તુતઃ કેવળ કુમાર હરિ જ છે. કારણકે વ્રજભકત (ઋષિ-રૂપા) કુમારિકા છે ને બીજી સામગ્રી પણ તેવી જ છે. (૮)

પ્રભુનું આવું મિશ્રરૂપે વર્ણન છે. તેવી સ્થિતિમાં રાસલીલાદિ કર્યાનું નિરૂપણ છે. આ વિરૂદ્ધ ધર્માશ્રયત્વ જણાવવા માટે જ છે. (૯)

આ પુષ્ટિ માર્ગનું તત્ત્વ છે. પંડિતો તેને તે પ્રકારે જ જાણે છે. ગીત ગોવિંદના પહેલા શ્લોકમાં પણ એવું જ (કુમારાવસ્થાસૂચક શ્રીનંદરાયજીનું વચન તથા શ્રીસ્વામિ-

નીજી સાથે ક્રીડા કર્યાનું વર્ણન છે) નિરૂપણ કરવામાં આવ્યું છે. (૧૦)

જો પ્રભુનું વિરુદ્ધ ધર્માશ્રયત્વ સ્વીકારવામાં ન આવે તો આ શી રીતે ઘટી શકે? માટે પુષ્ટિમાર્ગીય પ્રભુ વિરુદ્ધ ધર્માશ્રયી છે. (૧૧)

જેઓ ચતુર પુરૂષો છે, તેઓ જ રસ માર્ગના આ ધર્મને સમજે છે. શ્રીઠાકોરજી બાલક છે છતાં રસિકોના શિરોમણિ છે, પોતે સ્વતંત્ર છે, છતાં સદા ભકતને વશ છે (૧૨)

પોતે સર્વથા ભય રહિત છે, છતાં ભય યુકત હોય, નિરપેક્ષ હોવા છતાં ઈર્ષ્યાયુકત હોય, ચતુર છતાં મહા-મુગ્ધ હોય, સર્વજ્ઞ છતાં જાણે અજ્ઞ હોય, એવા જણાય છે. (૧૩)

આત્મામાં રમણ કરનારા હોવા છતાં ગોપીજનોની રતિ સદા વધારે છે, પૂર્ણકામ હોવા છતાં કામાંર્ત બને છે, દીન ન હોવા છતાં તે દીનની માફક બોલે છે. (૧૪)

પોતાના તેજથી પ્રકાશિત હોવા છતાં (ભકતો સમક્ષ) પ્રકાશ વગરના હોય તેવા જણાય છે. બહાર બિરાજતા હોવા છતાં ભકતોના અંતઃકરણમાં બિરાજે છે. સ્વતંત્ર છતાં પરતંત્ર છે. સર્વસામર્થ્ય યુકત હોવા છતાં અસમર્થ છે. (૧૫)

કૃપાળુ પુષ્ટિમાર્ગીય કૃષ્ણ એવા પોતાના વિરુદ્ધ ગુણોના સ્થાનરૂપ છે. હંમેશાં તેવા કૃષ્ણની ભાવના હૃદયમાં કરવી. (૧૬)

જીવ સાધન રહિત હોય કે સાધન કરનારો હોય, અસાધુ હોય કે સાધુ હોય, તે ગમે તેવો હોય છતાં જો તે ભગવાનને શરણે જાય તો નિશ્ચિતપણે સર્વ પ્રકારે ફળની પ્રાપ્તિ કરે છે. (૧૭)

ભકિતમાર્ગમાં શરણ જ સાધન છે ને શરણ જ ફળ છે. માટે સર્વધર્મનો પરિત્યાગ કરવામાં આવે તો સ્વતંત્ર ફળરૂપ એવા શરણની પ્રાપ્તિ થાય. (૧૮)

જ્યારે ભગવાનની અનવતાર દશા હોય ત્યારે મહા-પુરૂષના સંબંધથી તેવું શરણ સિદ્ધ થાય છે. જો તાદૃશીયની કૃપા થાય તો તેની દ્વારા તે સિદ્ધ થાય. (૧૯)

કદાચ એવા મહાપુરૂષોનો પણ સાક્ષાત સંબંધ ન થાય તો તેમની પરોક્ષમાં તેમનાં કહેલાં વચનામૃતથી પણ તેમણે પ્રકટ કરેલા માર્ગમાં જો મુખ્ય સ્થિતિ થાય તો તેનાથી પણ સર્વદા શરણ સિદ્ધ થાય. (૨૦)

જે સંસારીઓ દુષ્ટ સંગવાળા છે, અન્ન દોષથી જેઓ બહિર્મુખ ને ઉન્મત્ત બન્યા હોય છે, તેવાઓની સ્થિતિ પુષ્ટિમાર્ગમાં કયાંથી થાય? ૨૧

તેવી સ્થિતિ પ્રાપ્ત કરવાને શ્રીમદાચાર્યજીના ચરણારવિંદનો સદાયે આશ્રય રાખવો. તેમ કરવાથી સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થશે. (૨૨)

સત્પુરુષોના સંગના અભાવથી મન પ્રસન્નં ન રહે ને તેથી કદિ જો તેમનો આશ્રય શિથિલ થાય તો શી ગતિ થાય, એવી ચિન્તા મારા હૃદયમાં રહ્યાં કરે છે. લૌકિક કલેશનો સંબંધ પણ હરિના અંગીકારનું લક્ષણ છે એવું સમજવું (૨૩, ૨૪)

શ્રીમદાચાર્યજીનું વચનામૃત છે કે પ્રભુ લોકમાં સ્વાસ્થ્ય નહિ કરે. જેઓ તેઓશ્રીના જીવો છે તેમણે સ્વામીના હૃદયનું આવું હાર્દ જાણી તેનાથી સંતોષ રાખવો. [૨૫]

અંતરમાં લૌકિક કલેશ કદિ પણ કરવો નહિ. તેમને ઉદાસીનતાની સિદ્ધિ અર્થે બહારથી તેવો કલેશ કરવો પડે તો તેવો કલેશ તેઓ ભલે કરે. [૨૬]

એવું પણ બને કે દુઃસંગથી ઉત્પન્ન થતું દુઃખ હોય, બીજું લૌકિક આવેશજન્ય દુઃખ હોય, ત્રીજું સત્સંગના અભાવનું દુઃખ હોય અને ચોથું માર્ગની સ્થિતિનું પણ દુઃખ હોય. [૨૭]

શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદની કૃપાથી તથા તદીયના સંગથી અમારૂં દુઃખ તો ક્ષણમાં દૂર થઈ જશે એ નિશ્ચય છે. (૨૮)

પરંતુ, એવા ભગવદીયો દુલભં છે એથી મન નિરંતર ખિન્ન રહે છે. જ્યારે કૃપાપૂર્ણ પ્રભુ દીનતાને લેઈને કૃપા કરશે ત્યારે શ્રીઆચાર્યચરણમાં આસકિતવાળા ભગવદીયોનો સત્સંગ થશે. અમારી તો બીજી ગતિ જ નથી. એક શ્રીકૃષ્ણ જ અમારૂં શરણ છે. (૨૯, ૩૦)

पंचमं शिक्षापत्रम् ।

सदाविरहभावेन भावात्मा भाव्यतां हरिः ।
कृष्णो हृदयदेशस्थः स्वामिनीनां कृपानिधिः ॥१॥

अस्माकमतिभाग्येन तदास्यं वह्निरुद्गतः ।
अतः शीतलभावोऽस्मिन्मार्गे नैवोपयुज्यते ॥२॥

तापभवः परं दैन्यं प्रकाशयति सर्वथा ।
दैन्येन दयया दीनबंधुः प्रादुर्भवत्यसौ ॥३॥

तद्दैन्यं स्यात्स्वामिनीनां तापभावविभावनात् ।
तद्भावनं भवेदेव तापात्मचरणाश्रयात् ॥४॥

तदाश्रयस्य सिद्धिस्तु तद्वाक्यपरिनिष्ठया ।
तन्निष्ठा सततं तादृक्तदीयजनसेवया ॥५॥

तदीया दुर्लभाश्चेत्स्युः श्रीभागवतसेवनम् ।
अथवा दैन्यभावेन स्मर्तव्यः सततं हरिः ॥६॥

अष्टाक्षरमहामंत्रो कर्त्तव्य इति निश्चयः ।
सर्वदा सर्वभावेन तेन सर्वं भविष्यति ॥७॥

अस्माकं न्यूनतैवासीन्मिलनं यद्भून्नहि ।
एतावती हरिः कृष्णः पूरयिष्यति तामपि ॥८॥

भवद्भिर्नैव कर्तव्यः क्षोभो मनसि सर्वथा ।
अस्मिन्मार्गे यथैवार्तिस्तथैव फलसन्निधिः ॥९॥

यथा कथंचित्कर्तव्यो व्यवहारो हि लौकिकः ।
अपकीर्तिभयात्तेन बुद्धिशैथिल्यसंभवात् ॥१०॥

इति श्रीहरिदास विरचितं पंचमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૫મું.

હરિ ભાવાત્મા છે. તેની ભાવના સદા વિરહભાવથી કરવી. તે કૃષ્ણ શ્રીસ્વામિનીજીની કૃપાના નિધિરૂપ છે અને તે તેમના હૃદયની અંદર વાસ કરી રહેલા છે. ૧.

એ આપણું મહદ્‌ભાગ્ય છે કે ભાવાત્મક પ્રભુનું મુખારવિંદ અગ્નિરૂપે (શ્રીઆચાર્યજી રૂપે) પ્રકટ થયું છે. માટે આ માર્ગમાં શીતલ ભાવ ઉપયોગમાં આવતો નથી. ૨.

પરમ દૈન્યિભાવ તાપભાવ દ્વારા સર્વથા પ્રકાશ પામે છે. દૈન્ય વડે જ દીનબંધુ દયાલ એવા ભગવાન દયા કરીને પ્રકટ થાય છે. ૩.

શ્રીસ્વામિનીજીના તાપરૂપી ભાવનું અનુસંધાન કરવાથી દીનતા થાય છે. વિરહાત્મક શ્રીઆચાર્યજીના ચરણારવિંદનો આશ્રય કરવાથી તાપભાવનું ભાવન થાય છે. ૪.

શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદની સિદ્ધિ તેમનાં વાક્યોમાં (શ્રીસુબોધિની વગેરે ગ્રન્થોમાં) શ્રદ્ધા સ્થિર થવાથી થઇ શકે છે. તેઓશ્રીના વચનામૃતમાં નિષ્ઠા તો નિરંતર તદ્દશી જનની સેવાથી જ થઈ શકે છે. ૫.

આવા તાદશીજનો કદાપિ દુર્લભ હોય તો શ્રીભાગવતનું સેવન કરવું; અથવા તો દીનતાપૂર્વક નિરંતર હરિનું સ્મરણ કરવું. ૬.

સર્વદા સર્વ ભાવ વડે અષ્ટાક્ષર મહામંત્ર કહ્યા કરવો. તેનાથી સર્વ સિદ્ધ થશે. ૭.

આપણામાં એટલી બધી ન્યૂનતા છે કે ભગદીયોનો મેલાપ થતો નથી. તે ન્યૂનતા પણ હરિ શ્રીકૃષ્ણ પૂર્ણ કરશે. ૮.

તમારે મનમાં જરી પણ ક્ષોભ કરવો નહિ. આ માર્ગમાં તો જેટલી આર્તિ હશે તેટલુ ફલ નજીક આવશે. ૯.

અપકીર્તિના ભયથી થોડો ઘણો લૌકિક વ્યવહાર કરવો પડે તો કરવો. કારણ અપકીર્તિના ભયથી બુદ્ધિ શિથિલ થઇ જવાનો સંભવ છે. ૧૦.

षष्ठम् शिक्षापत्रम् ।

गृहभंगसमाचाराः श्रुताः श्रुतिविषायिता ।
तदर्थं लिख्यते किंचित्समाधानाय चेतसः ॥१॥

सदा यशोदातनुजो द्विभुजः सुद्विजद्वयः ।
सरोजास्यस्रवल्लालः स्मर्यतामार्यवंशजः ॥२॥

सर्वेश्वरश्च सर्वज्ञः कृष्णः सकरुणः सदा ।
असमर्थो ज्ञानशून्यो जीव इत्येव निश्चयः ॥३॥

तस्येच्छा त्रिविधा प्रोक्ता मूलवेदस्वभेदतः ।
मूलेच्छागृहीतानां नाऽन्यथा कुरुते फलम् ॥४॥

प्रवाह एव नियतस्तेषु कृष्णविचारितः ।
मर्यादया गृहितांस्तु प्रवर्तयति कर्मणि ॥५॥

स्वरूपेण वृतानां तु स्वतः सर्वं करोति हि ।
तद्विवतयैव हि व्याप्तः कृपालुः सर्वतो विभुः ॥६॥

निवर्तयत्यनिष्टेभ्यः स्वकीयान्करुणानिधिः ।
यदि जीवाः स्वभावेन निवर्तेरन्न ते स्वतः ॥७॥

अनिष्टमेव सर्वज्ञो बलाद्दूरीकरोति हि ।
इष्टानिष्टविवेको हि जीवबुद्ध्या न जायते ॥८॥

अविद्यया गृहीतानामणूनां भ्रमसंभवात् ।
अत एव हि संसारं मन्यते सुखरूपिणम् ॥९॥

बाला इव करप्राप्तं सर्पमक्रीडनोचितम् ।
पितेव सहजस्निग्धस्तन्निवर्तयते बलात् ॥१०॥

यथा रुदंति ते बाला भ्रान्ताः संसारिणस्तथा ।
अत एव हि सर्वज्ञः कृष्णः संसारमोचकः ॥११॥

इत्येव रूप्यते नाम तथाविधमतः प्रभोः ।
संसारवैरी धरणीं प्रति शेषो न्यरूपयत् ॥१२॥

मन्यामहे वयं भ्रांताः कृष्णविस्मृतिकारणम् ।
संसारमुत्तमं कृष्णस्तं कथं स्थापयेद्धरिः ॥१३॥

एवं तदीयैर्मनसि निधेयः स्वप्रभोर्गुणः ।
स्वस्मिन्नपि विनिश्चेयाः प्रभोरंगीकृतिर्ध्रुवा ॥१४॥

अत एवास्मदाचार्यैरुक्तं वरणलक्षणम् ।
लोके स्वास्थ्यं तथा वेदे हरिस्तु न करिष्यति ॥१५॥

इति श्रीहरिदास विरचितं षष्ठं शिक्षापत्रं संपूर्णम् ॥

શિક્ષાપત્ર ૬૬

કાનને વિષરૂપ લાગે એવા ગૃહભંગના સમાચાર સાંભળ્યા–ચિત્તનું સમાધાન થાય એ અર્થે અહીં કંઇક લખું છું. ૧.

આર્યવંશજ શ્રીયશોદાજીના પુત્ર જે દ્વિભુજધારી છે અને જેમની મોઢાની દંતકળી સુંદર છે અને જેમના મુખકમળમાંથી લાળ ટપકી રહી છે, એવા શ્રીકૃષ્ણનું સ્મરણ કરવું. ૨.

શ્રીકૃષ્ણ સર્વેશ્વર, સર્વજ્ઞ ને સદા દયાળુ છે, જ્યારે જીવ અસમર્થ ને જ્ઞાનશૂન્ય છે એ નિશ્ચિત છે. ૩.

તે પ્રભુની ત્રણ પ્રકારની ઈચ્છા છે–મૂળ, વેદ ને સ્વ. તેમાં પ્રભુએ જેનો મૂળની ઈચ્છાથી અંગીકાર કર્યો છે તેને (પ્રભુસ્વરૂપ સિવાય) અન્યથા ફળ થતું નથી. ૪.

તેમાં કૃષ્ણે જેમને પ્રવાહ ને મર્યાદાથી ગૃહણ કર્યા છે તેવા જીવોને તે કર્મમાર્ગમાં પ્રવૃત્ત કરે છે. ૫.

પરંતુ, જેઓને સ્વરૂપથી ગૃહણ કર્યા છે તેમનું સર્વ કાર્ય પ્રભુ પોતે કરે છે, તે કૃપાળુ પ્રભુ તેમની ચિન્તાથી વ્યાપ્ત છે. કારણ કૃપાળુ પ્રભુ સર્વ કરનારને સમર્થ છે. ૬.

જો જીવ પોતાના સ્વભાવને લીધે. અનિષ્ટને નિવૃત્ત ન કરી શકે તો તે કરૂણાનિધિ પોતે પોતાના ભક્તને અનિષ્ટિથી દૂર કરે છે. ૭.

અમુક વસ્તુ સારી છે કે ખોટી તેનો નિર્ણય જીવ પોતે પોતાની જીવબુદ્ધિથી કરી શકતો નથી તેથી (જીવની ઇચ્છા હોય કે નહિ) સર્વજ્ઞ પ્રભુ પોતાના (પ્રમેય) બળથી અનિષ્ટને દૂર કરે છે. ૮.

જીવ અણુ છે. તે અવિદ્યાથી ઘેરાયેલો છે. તેને ભ્રમ થવાનો સંભવ હોવાથી તે સંસારને સુખરૂપ માને છે. ૯.

એક બાલક ન રમવા યોગ્ય એવા સર્પને હાથમાં લઈ તેની સાથે રમવામાં સુખ માને છે પરંતુ સાહજિક પ્રેમને ધારણ કરતો તેનો પિતા પરાણે તે બાળકને તેનાથી નિવૃત્ત કરે છે. ૧૦.

પરંતુ, આવું થતાં બાલક રડવા માંડે છે. તેવી જ રીતે સંસારી જીવ પણ ભ્રમયુક્ત હોય છે તેથી (લૌકિક વસ્તુ જવાથી) ખેદવાળો થાય છે. પણ શ્રીકૃષ્ણ તો સર્વજ્ઞ છે. તેથી જ તેવા જીવને અહંતા મમતાત્મક સંસારમાંથી છોડાવે છે. (અર્થાત્ લૌકિક વસ્તુની પ્રાપ્તિ થવા દેતા નથી ને પ્રાપ્ત થઇ હોય તો દૂર કરે છે.) ૧૧.

પૃથ્વી ને શેષજીની વચ્ચે થએલા સંવાદમાં શેષજીએ પ્રભુને સંસારવૈરી કહ્યા છે. તેથી પ્રભુનું નામ તેવું નિરૂપિત

કરવામાં આવ્યુ છે. અને પ્રભુની મતિ પણ ભક્તનો સંસાર છોડવવાની હોય છે. ૧૨.

આપણે બધા ભ્રાન્ત બન્યા છીએ તેથી જ શ્રીકૃષ્ણની વિસ્મૃતિ કરનાર સંસારને ઉત્તમ માનીએ છીએ. પ્રભુ આપણને તેવા સંસારમાં કેમ સ્થાપન કરે? ૧૩.

તેથી જેઓ ભગવાનના જીવો છે તેમણે પોતાના મનમાં પોતાના સ્વામિ એવા શ્રીકૃષ્ણનો ગુણ વિચારવો અને મનમાં એવો દૃઢ નિશ્ચય રાખવો કે આપણે તેના અંગીકૃત જીવો છીએ. ૧૪.

આપણા શ્રીમદાચાર્યજીએ વરણનું એવું લક્ષણ આપ્યુ છે કે હરિના જે અંગીકૃત જીવ છે તેનું, તે લોકમાં કે વેદમાં સ્વાસ્થ્ય નહિ કરે. ૧૫.

सप्तमं शिक्षापत्रम् ।

सदा श्रीगोकुलाधीशः स्मर्तव्यः सर्वथा जनैः ।
तदीयैर्मिलितैः सर्वदोषचिंताविवर्जितैः ॥१॥

न लौकिके मतिः कार्या भगवद्भावबाधिका ।
लौकिकं वैदिकं चापि स्वयं साधयिता प्रभुः ॥२॥

इदानीमीदृशः कालः प्रतिकूलः समागतः ।
यथाकथंचित्स्वमनः स्थापनीयं पदाब्जयोः ॥३॥

सेवायां च मनः स्थाप्यं तत्साधकतयैव हि ।
गार्हस्थ्यार्थं विवाहोऽपि प्रयत्नः क्रियतां द्रुतम् ॥४॥

न भवेत्प्रायशो भोगे तदीयानां क्वचिन्मनः ।
तथापि चेद्भवेद् भोगो निवार्यः सर्वथैवहि ॥५॥

भावोऽत्र साधनं मार्गे प्रमेयं भगवान् हि सः ।
प्रमाणं कृष्णसेवादौ स एव च फलं पुनः ॥६॥

तस्मात्स एव संरक्ष्यो निधिरूपस्तु सर्वथा ।
एतद्विरुद्धं तत्सर्वं ज्ञात्वा ज्ञात्वा निवर्तयेत् ॥७॥

इति श्रीहरिदास विरचितं सप्तमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૭મું.

દોષ ને ચિન્તા રહિત હોય તેવા ભગવદીયોની સાથે મળવું ને સદા શ્રી ગોકુલનાથજીનું સ્મરણ કરવું. ૧

તેવા ભગવદીયોમાં ભગવદ્ભાવને બાધ કરે તેવી લૌકિક મતિ કરવી નહિ. ભગવદીયોનું લૌકિક ને વૈદિક તો પ્રભુ પોતે જ સિદ્ધ કરે છે. ૨

હાલમાં વિપરીત કાળ આવ્યો છે. આપણે આપણા મનને જેમ તેમ કરી શ્રીઠાકોરજીના ચરણ કમળમાં સ્થાપન કરવું જોઇએ. ૩.

મનને સેવામાં સ્થાપવું. ગૃહસ્થાશ્રમને સેવાની સાધકતા માટે સ્વીકારવાનો હોવાથી વિવાહ વાસ્તે પણ જલદી પ્રયત્ન કરવો. ૪

જેઓ ભગવદીયો છે તેમનું મન ઘણે ભાગે ભોગમાં હોતું નથી. આમ છતાં કદાપિ જો ભોગેચ્છા થાય તો સર્વથા તેનું નિવારણ કરવું. ૫

આ માર્ગમાં ભાવ જ સાધન છે; પ્રમેય ભગવાન છે; શરૂઆતમાં શ્રીકૃષ્ણની સેવા સાધનરૂપ છે, પછી તે જ કૃષ્ણ ફળરૂપ થાય છે. ૬.

આ ભગવદ્ભાવ જ નિધિરૂપ છે, માટે સર્વથા તેનું રક્ષણ કરવું. જે કાંઇ તેની વિરૂદ્ધ હોય તેનો ત્યાગ કરવો. ૭.

अष्टमं शिक्षापत्रम् ।

ऐहिके पारलोके च सर्वसामर्थ्यसंयुतः ।
स एव गोकुलाधीशश्चिन्तनीयः सदा हृदि ॥१॥
विश्वासस्तत्र कर्तव्यो भद्रमेव विधास्यति ।
स्वदोषादेव तत्रापि दोषस्फूर्तिर्यतो भवेत् ॥२॥
आर्तिः फलं साधनं च व्रजाधिपतिसंगमे ।
अतः सदा तदार्त्यैव स्थीयतां तत्कृपायुतैः ॥३॥
अन्याश्रयो महानेव बाधको भीयतां ततः ।
तत्क्षणेनैव तच्चेतो विमुखं वै विधास्यति ॥४॥
तदीयेषु सदा स्थेयं सद्भावेनैव सर्वथा ।
त एव भक्तिमार्गस्य सहायत्वे नरूपिताः ॥५॥
अस्माकं तु तदीयानां प्रसंगोऽपि सुदुर्लभः ।
चेतोऽपि साधनाभावाद्विमुखं तिष्ठति स्वतः ॥६॥
गतो हि भगवद्दासः स्वकार्याय विदेशके ।
व्रजपालोऽपि चलितेस्तेन मे दुःखितं मनः ॥७॥
मयि यद्यपि नास्त्येव किंचित्तत्कृपया पुनः ।
यदस्ति तदपि स्वीयं साधनाभावतो गतम् ॥८॥
एतादृशेऽर्थे संप्राप्ते स हरिः शरणं मम ।
ऐहिके पारलोके च नैश्चित्यं तत एव नः ॥९॥

कदाचिन्मिलनं चेत्स्यात्सद्भाग्येन भवादृशाम् ।
तदा को वेद चित्तस्य परावृत्तिःपुनर्भवेत् ॥१०॥

कियल्लेख्यं महाचिंतासमुद्रो हृदि वर्तते ।
स्थितेऽपि शिरसि प्राणनाथे चित्तविभेदतः ॥११॥

इति श्रीहरिदास विरचितं अष्टमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૮મું.

આ લોકમાં તેમ જ પરલોકમાં શ્રીગોકુલાધીશ જ સર્વસમર્થ છે, માટે સદા હૃદયમાં તેમનું જ ચિંતન કરવું. (૧)

પ્રભુ મારૂં કલ્યાણ જ કરશે, એવો વિશ્વાસ રાખવો. જો તેમાં દોષની સ્ફૂર્તિ થાય તો તેવું પોતાના દોષથી જ થાય છે, એમ સમજવું. (૨)

વ્રજાધિપતિના સંગમ માટે આર્તિ એ જ સાધન ને ફલરૂપ છે, માટે પ્રભુની કૃપાનું પાત્ર બનવું ને સદા તેની આર્તિમાં સ્થિતિ કરીને રહેવું. (૩)

અન્યાશ્રાય બહુ જ બાધક છે, માટે તેનાથી બ્હીતા રહેવું. જે પળે અન્યાશ્રાય થયો, તે જ પળે ચિત્ત બહિર્મુખ થયું, એમ સમજવું. (૪)

સદા ભગવદીયમાં સદ્ભાવ રાખી રહેવું. ભક્તિમાર્ગમાં તેમની સહાય્ય મુખ્ય ગણવામાં આવી છે. (૫)

અમને તો તેવા ભગવદીયનો સંગ જ મહા દુર્લભ છે. ચિત્ત પણ સાધનના અભાવથી સ્વતઃ વિમુખ રહે છે. (૬)

ભગવાનદાસ પોતાના કાર્ય અર્થે વિદેશ ગયો છે. વ્રજપાલ પણ ગયો છે, આથી મારૂં મન દુઃખી થાય છે. (૬)

મારામાં કંઈ નથી. પ્રભુની કૃપાથી મારામાં જે કાંઈ છે તે પણ સાધનના અભાવે જતું રહ્યું છે. (૮)

મારી સ્થિતિ આવી થયેલી છે. તેમાં હરિ એ જ મારું શરણ છે, આવા વિચારથી જ અમને આ લોકમાં તેમ જ પરલોકમાં નિશ્ચિંતતા છે. (૯)

સદ્ભાગ્યે જો તમારા જેવાનો મેલાપ થશે, તો ચિત્ત પાછું હતું તેવું જ પુરાવૃત્ત થશે. પણ આની કોને ખબર? (૧૦)

હું કેટલુંક લખું? મારે માથે પ્રાણનાથ બિરાજે છે છતાં ચિત્તના વિક્ષેપને લેઈને મારા હૃદયમાં મહાચિંતારુપી સમુદ્ર ખળભળી રહ્યો છે. (૧૧)

नवमं शिक्षापत्रम् ।

कदानिजपतिः कृष्णः स्वबिंबं दर्शयिष्यति ।
बद्धबर्हशिखं नीलकुंतलावरणाननम् ॥ १ ॥

भ्रूधनुः संधितशरं कस्तूरीचित्रकांकितम् ।
इंदीवरदलाद्दैर्घ्यविशालनयनद्वयम् ॥ २ ॥

मौक्तिकाभरणालंबिसुनासं सरसाधरम् ।
तिरेखकंठविलसत्कण्ठाभरणभूषितम् ॥ ३ ॥

प्रफुल्लगल्लयुगलं चिबुकाभरणान्वितम् ।
सुवर्णसूक्ष्ममणियुक् वनमालाविराजितम् ॥ ४ ॥

उरःस्थललसत्स्वच्छवक्षवैयाघ्रबाहुजम् ।
स्तनव्यवहितस्थूलमुक्तामालांचितोदरम् ॥ ५ ॥

सुवर्णकृत्रिममणिस्थूलमालातिसुंदरम् ।
गुंजाफलमहन्मालालसदूरुयुगांतरम् ॥ ६ ॥

अनेकरत्नजटितकरकंकणभूषणम् ।
बाहुमध्यलसत्स्वर्णनिर्मितग्रथितांगदम् ॥ ७ ॥

अनेकपुष्पतुलसीवनमालातिलालितम् ।
विचित्रवर्णविलसत्कटिवासोविराजितम् ॥ ८ ॥

कटिभावज्ञापिकातिकिंकिणीरवशोभितम् ।
पदद्वयगतस्वर्णमणिनूपुरमंडितम् ॥ ९ ॥

नखचंद्रप्रकाशैकप्रकाशितजगत्त्रयम् ।
पीतांबरोत्तरीयेषच्चलदंचलसुंदरम् ॥ १० ॥

प्रदर्शितशिरोभेदं चलन्मकरकुंडलम् ।
नृत्यन्तं नयनानन्दं नितांतरतिसंप्रदम् ॥ ११ ॥

नितंबिनीवृंदवर्तिरसानुभवलोलुपम् ।
विहरंतं विशेषेण रासलीलापरायणम् ॥ १२ ॥

त्रिभंगललितं वेणुकलितं भुजयोरपि ।
वृंदावनैकफलितं वलितं स्वजनैः सह ॥ १३ ॥

वादयंतं मुरलिकां मोहयन्तं मनःस्वलाम् ।
जगज्जडं प्रकुर्वन्तं रोधयन्तं च भक्षणम् ॥ १४ ॥

पशूनां पक्षिणां चैव मौनसंपादकं तदा ।
तरूणामंतरानंदमधुधारैकवार्षुकम् ॥ १५ ॥

हरंतं व्रजभूतापं पदस्थापनतस्तथा ।
यमुनातीरमात्रैकजलक्रीडाकृतिप्रियम् ॥ १६ ॥

रसात्मकरसात्मस्वभक्तवृंदसमन्वितम् ।
निजानुभवसंवेद्यं प्रकटं तं क्षणे क्षणे ॥ १७ ॥

विरहे युगपत्सर्वनिजलीलानुभावकम् ।
साकारानंदरूपेण व्रजभक्तहृदि स्थितम् ॥ १८ ॥

एवं दिदृक्षा सततं स्थापनीया निजे हृदि ।
सैवास्माकं प्रेमभावोऽन्यरागविनिवर्तकः ॥ १९ ॥

ततः स्यादासक्तिरधिका गेहदैहिकबाधिका ।
आसक्तिः सैव मार्गेऽस्मिन् गृहस्थास्वास्थ्यकारिका ॥२०॥

परितापोदयस्तस्मात् सर्वविस्मृतिकारकः ।
स एव व्यसनं यत्र प्रपंचस्फूर्तिनाशनम्ः ॥ २१ ॥

एवं विधस्तु त्रिविधो भावो निःसाधनो मतः ।
अतस्तु दुर्लभा लोके तत्प्राप्तिर्भजतां नृणाम् ॥ २२ ॥

चक्रे करुणया कृष्णो भावात्माऽऽस्यं तथाविधः ।
मूर्तिमद्भावसंबंधात्तत्प्राप्तिरिति वेद यः ॥ २३ ॥

प्रमेयबलतो नान्यत् साधनं तत्र भाव्यताम् ।
अतः सर्वैः प्रकर्तव्यो निजाचार्यपदाश्रयः ॥ २४ ॥

तदभावे न वै भावि फलमेतन्न संशयः ।
अत एवास्मदीशैस्तु ग्रंथे श्रीवल्लभाष्टके ॥ २५ ॥

स्वामिन्! श्रीवल्लभेत्येतत्पद्येऽखिलमुदीरितम्
तदाश्रयो न वचनैः किं तु तन्मार्गनिष्ठया ॥ २६ ॥

मार्गनिष्ठा न स्वबोधैः किंतु तादृग्गुरूदीतैः ।
गुरूदीतानि वाक्यानि न स्वतो ह्यनुवादतः ॥ २७ ॥

अनुवादो न स्वबुध्या किं तु मूलक्रमागतः ।
अथापि तत्र चापेक्ष्यो दृढः स्वाचार्यसंश्रयः ॥ २८ ॥

एतादृशेन गुरुणावगत्य निखिलं जनः ।
आश्रित्य च निजाचार्यान् सदानंदं सदा भजेत् ॥ २९ ॥

भजनं भावरूपस्य भावेनैवोपपद्यते ।
चेतस्तत्प्रवणं सेवा ह्यत एव निरूपिता ॥ ३० ॥
तस्यां तु विस्मृतिभाव्या जगतः सर्वथा ध्रुवम् ।
तदभावे मानसी तु सेवनान्नैव सिद्ध्यति ॥ ३१ ॥
तद्बाधकानींद्रियाणि विषया लौकिकी मतिः ।
प्रतिबंधस्तथोद्वेगो भोगोऽप्यत्रैव लौकिकः ॥ ३२ ॥
दुष्टान्नभक्षणं चापि ह्यसमर्पितभक्षणम् ।
असत्संगः सर्वथा हि भावबाधक इष्यते ॥ ३३ ॥
तस्मात्यक्त्वा दुष्टसंगं कृत्वा स्वाचार्यसंश्रयम् ।
तदीयजनसंसर्गे स्थित्वा मार्गे तथा गुरौ ॥ ३४ ॥
कृत्वा विषयवैराग्यं परितोषं विधाय च ।
सदानन्दं सदानन्दं फलप्राप्त्यै सदा भजेत् ॥ ३५ ॥

इति श्रीहरिदास विरचितं नवमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૯મું.

માથે મયુરપિચ્છ ધારણ કર્યું હોય અને વદન ઉપર કાળા વાળ ઉડી રહ્યા હોય તેવા સુંદર સ્વરુપનું દર્શન મારા પતિ શ્રીકૃષ્ણ ક્યારે કરાવશે? (૧)

જેમણે ભ્રકૂટિરૂપ ધનુષમાં શર સાંધ્યું હોય, જેમના કપાળ ઉપર કસ્તૂરીનું તિલક અંકિત કરવામાં આવ્યું હોય અને જેમણે પોયણાંના પાંદડાં જેવાં બે વિશાળ નેત્રો ધારણ કર્યાં હોય, એવા શ્રીકૃષ્ણ મને ક્યારે દર્શન આપશે? (૨)

જેમની નાસિકા મોતીના આભરણથી શોભી રહી હોય, જેમના અધરપુટમાંથી સુધારસ ઝરી રહ્યો હોય, ત્રણ રેખાવાળો જેમનો કંઠ કંઠાભરણથી ભૂષિત થયેલો હોય; (૩)

જેમનાં બેઉ ગંડસ્થળ પ્રફુલ્લિત હોય, જેમનું ચિબુક આભૂષણથી યુક્ત હોય, અને જેમના ગળામાં સુવર્ણના ઝીણાઝીણા મણિકાઓથી બનેલી વનમાલા બિરાજી રહી હોય; (૪)

જેમના ઉરઃસ્થલમાં સ્વચ્છ વાંકો વાઘનખ શોભી

રહ્યો હોય ને જેમનું ઉદર રત્નની પરોવેલી મોટા મોતીની માળાથી પૂજાયેલું હોય; (૫)

જેમના ઉરના મધ્યભાગમાં સોનાના કૃત્રિમ મણિકાની બનેલી સ્થૂલ અતિસુંદર માલા તથા ગુંજાફળની મોટી માલા શોભી રહી હોય; (૬)

જેમણે શ્રીહસ્તમાં અનેક રત્નોથી જટિત એવાં કંકણ પહેરેલાં હોય, અને જેમના વિશાળ હાથના મધ્યમાં સોનાના બાજૂબંધ ઝળકી રહ્યા હોય; (૭)

અનેક પુષ્પ ને તુલસીદલની વનમાલાથી જે અતિ-સુંદર દેખાતા હોય અને કટી ઉપર ચિત્ર વિચિત્ર વર્ણવાળું વસ્ત્ર બિરાજી રહ્યું હોય; (૮)

કટિભાવને જ્ઞાપન કરનાર ઘુઘરીઓના ધ્વનિથી જેમની કટિ શોભી રહી હોય અને જેમનાં બેઉ ચરણોમાં સુવર્ણથી જટિત મણિયુકત નૂપુરો શોભી રહ્યાં હોય; (૯)

જેમના નખરૂપી ચંદ્રના પ્રકાશથી ત્રણેલોક પ્રકાશી રહ્યા હોય અને ઉત્તરીય વસ્ત્ર તરીકે પહેરેલું જેમનું પીતાંબર ફરફર ઉડવાથી જેઓ સુંદર દેખાતા હોય; (૧૦)

જેમનો શિરોભાગ નૃત્યની ક્રિયામાં ચલાયમાન થઈ રહ્યો હોય અને જેમનાં મકરાકૃતિ કુંડલો હાલી રહ્યાં હોય, તથા નૃત્ય કરતાં કરતાં જેમનાં નયનોમાંથી આનંદ ઉભરાઈ જતો હોય ને જે નિરંતર રતિનું દાન કરી રહ્યા હોય; (૧૧)

વ્રજસુંદરીઓના વૃંદ મધ્યે બિરાજમાન થઈ જે રસાનુભવમાં લુબ્ધ બન્યા હોય અને વિશેષે કરીને વિહાર-નિમગ્ન થઇ રાસલીલા પરાયણ બન્યા હોય; (૧૨)

સ્વભકતોથી વિંટાયેલા અને બન્ને હાથે વેણુ વગાડતાં જેમણે વૃંદાવનના મુખ્ય ફલરૂપ એવું ત્રિભંગી સ્વરૂપ ધારણ કર્યું હોય; (૧૩)

જે મુરલિના નાદ વડે સત્પુરુષોના ચિત્તને મોહ પમાડી રહ્યા હોય એટલું જ નહિ પણ જેનાથી તે જંગમને જડ, ને જડને જંગમ કરી રહ્યા હોય; (૧૪)

જે પ્રભુનો વેણુનાદ સાંભળી સર્વ પશુપક્ષીઓ મૌન ધારણ કરી રહ્યાં હોય ને વૃક્ષો પોતાની અંદરથી ઉભરાતી મધુધારાને વર્ષાવી રહ્યાં હોય; (૧૫)

જે પોતાના ચરણારવિંદને વ્રજભૂમિ ઉપર સ્થાપન કરી તેના તાપને હરી રહ્યા હોય અને જે કેવળ યમુનાજીના તટ ઉપર જ જલક્રીડાનો આનંદ લેઈ રહ્યા હોય; (૧૬)

પોતે રસાત્મક હોઇ રસાત્મક ભકતોથી જે વિંટાયેલા હોય અને ભકતોના રસાનુભવ અર્થે જ પ્રતિક્ષણ સેવાયજ્ઞ પ્રકટ કરી રહ્યા હોય; (૧૭)

જે વિરહદશામાં પોતાની સર્વ લીલાનો અનુભવ એકી સાથે કરાવતા સાકાર આનંદરૂપથી વ્રજભક્તોના હૃદયમાં બિરાજી રહ્યા હોય; (૧૮)

આવા પ્રભુ પોતાના સ્વરૂપનું દર્શન મને ક્યારે કરાવશે ?

આવા સ્વરૂપનાં દર્શન કરવાની ઈચ્છા દરેક ભક્તે પોતાના હૃદયમાં સ્થાપન કરવી–આને જ આપણે પ્રેમભાવ કહીએ છીએ. આવો પ્રેમભાવ જ અન્ય વસ્તુમાંથી આપણી પ્રીતિનો નાશ કરે છે. (૧૯)

આવો પ્રેમભાવ થયેથી પ્રભુ માટે અધિક આર્તિ થાય છે. આવી આર્તિ જ દેહ ને ઘરનાં કાર્યોને બાધ કરનારી છે. આ માર્ગમાં જો આવી આસક્તિ થાય તો ગૃહસ્થને (પોતાના ગૃહકાર્યમાં) અસ્વસ્થ બનાવે છે. (૨૦)

આવી આસક્તિ થાય તો સર્વ પ્રપંચની વિસ્મૃતિ કરાવે તેવા પરિતાપનો ઉદય થાય છે. જેમાં પ્રપંચની સ્ફૂર્તિનો નાશ થાય તે જ વ્યસન. (૨૧)

એવી રીતે (પ્રેમ, આસક્તિ અને વ્યસન) ત્રણ પ્રકારનો ભાવ નિઃસાધન કહેવાય છે. ભજન કરનારા ભક્તોમાં આવા ભાવની પ્રીતિ દુર્લભ છે. (૨૨)

કરુણા કરી શ્રીકૃષ્ણે પોતાના ભાવાત્મક મુખારવિંદ-

રૂપ શ્રી આચાર્યજીને પ્રકટ કર્યા. અર્થાત્ આવો ભાવ શ્રી મહાપ્રભુજીરૂપે મૂર્તિમંત થયો છે તેથી તેમની સાથેના સંબંધથી ઉપરોક્ત ત્રણ ભાવની પ્રાપ્તિ થાય છે, અને આવું જાણનારને તેવા ભાવની પ્રાપ્તિ થાય છે. (૨૩)

તે પ્રાપ્ત થવામાં પ્રમેય બળ વગર અન્ય સાધન નથી. માટે સર્વેએ આપણા શ્રીઆચાર્યજીના ચરણારવિંદનો આશ્રય કરવો. (૨૪)

તેના અભાવમાં ફલની સિદ્ધિ નથી એ નિઃસંશય છે. શ્રીગુંસાઇજીએ શ્રીવલ્લભાષ્ટકમાં એ જ પ્રમાણે નિરૂપણ કર્યું છે. સ્વામિન્ શ્રીવલ્લભ વગેરે પદમાં આ સર્વ દર્શાવેલું છે. એટલે તેઓશ્રીનો આશ્રય કેવળ વચનથી સિદ્ધ થઇ શકે નહિ, તે માટે આપણને તેઓશ્રીથી પ્રકટ થયેલા માર્ગમાં નિષ્ઠા હોવી જોઈએ. (૨૫, ૨૬)

માર્ગમાં નિષ્ઠા જ્ઞાનથી થતી નથી. એમાં નિષ્ઠા શ્રીગુરૂદેવનાં વચનામૃતથી થાય છે. આવાં વચનામૃતો ગુરુદ્વારા પ્રકટ થયેલાં, સ્વકલ્પિત નહિ પરંતુ પુષ્ટિમાર્ગના સિદ્ધાંતના અનુવાદરૂપ હોવાં જોઇએ. (૨૭)

અનુવાદ પોતાની બુદ્ધિ અનુસાર ન કરવો. તેનો અર્થ મૂળક્રમ પ્રમાણે કરવો. એમાં પણ શ્રીઆચાર્યજીનો દૃઢ આશ્રય અપેક્ષિત છે. (૨૮)

ગુરૂશ્રીથી સર્વ જાણીને, તેઓશ્રીનો આશ્રય કરી સદાનંદ એવા શ્રીકૃષ્ણને ભજવા. (૨૯)

શ્રીકૃષ્ણ ભાવરૂપ છે. તેમનું ભજન ભાવ વડેજ પ્રાપ્ત થાય છે. તેથી જ એવું નિરૂપણ કરવામાં આવ્યું છે કે પ્રભુમાં ચિત્તનું પ્રવણ થાય એનું નામ સેવા. (૩૦)

પરંતુ આવી સેવામાં સર્વથા જગતની ખાસ વિસ્મૃતિ હોવી જોઇએ. જો તે ન હોય તો માનસીસેવા સિદ્ધ થતી નથી. (૩૧)

ઇન્દ્રિયો, ઇન્દ્રિયોના વિષયો, લૌકિકબુદ્ધિ, પ્રતિબંધ, ઉદ્વેગ ને લૌકિક ભોગ એ સર્વ તેમાં બાધક છે. (૩૨)

દુષ્ટજનના અન્નનું, અપવિત્ર અન્નનું કે અસમર્પિત અન્નનું ભક્ષણ કરવું તથા અસત્સંગ કરવો એ ભાવબાધક છે. (૩૩)

માટે દુષ્ટજનનો ત્યાગ કરવો, આચાર્યશ્રી મહાપ્રભુજીનો આશ્રય કરવો અને ગુરુ તથા ગુરુના જનોનો સંસર્ગ કરવો, (૩૪)

તથા વિષયમાં વૈરાગ્ય રાખવો ને સંતોષમાં રહેવું. અને હમેશાં આનંદમાં રહી સદાનંદરૂપ શ્રીકૃષ્ણને ભજવા, જેથી ફલની પ્રાપ્તિ થાય. (૩૫)

दशमं शिक्षापत्रम् ।

को वेद कीदृशः कृष्णाभिप्रायः स्वजने मतः ।
स्वानंदसिद्धये राति निजार्तिं दर्शनादिषु ॥ १ ॥
संसाररागाभावाय लौकिकार्तिं तथा पुनः ।
मदाभावाय च स्वार्तिं शरीरार्तिं प्रयच्छति ॥ २ ॥
संगाभावाय बंध्वार्तिं देशार्तिं दैन्यसिद्धये ।
मोहाभावाय भगवान् साधनार्तिं ददाति हि ॥ ३ ॥
प्रारब्धभोजनार्थं वा परीक्षार्थं विलंबनात् ।
निर्वाहार्थं तथा वेदसाध्यार्थार्तिं प्रयच्छति ॥ ४ ॥
एवमार्तिप्रदानेऽपि परमानंददायिनः ।
समाश्रयो न मोक्तव्यो दृढः स्वाचार्यसंश्रयैः ॥ ५ ॥
स्वतः कृष्णः सदानंदो निजानंदं प्रदास्यति ।
तदाशयैव स्थातव्यं सर्वैश्चातकपक्षिवत् ॥ ६ ॥
लौकिकार्तैरगणनं परमानंदचिंतनात् ।
यथा न गणयेद्रोगी तिक्तभेषजभक्षणम् ॥ ७ ॥
अहितं निजभक्तानां विदधाति हरिर्न हि ।
समस्तानां सखा स्वीयभक्तानां न कथं भवेत् ॥ ८ ॥

इति श्रीहरिदास विरचितं दशमं शिक्षापत्रं संपूर्णम् ॥

શિક્ષાપત્ર ૧૦ મું

પોતાનો સ્વજન (તદીય) કેવો હોય એ વિષે શ્રીકૃષ્ણનો અભિપ્રાય શો છે એ કોણ જાણે? પરંતુ, (એ સત્ય છે કે) જો શ્રીકૃષ્ણ પોતાના સેવકને આનંદનું દાન કરવાનો વિચાર કરે તો જરૂર તે પ્રથમ તેના હૃદયમાં દર્શન માટે તાપ ઉત્પન્ન કરે છે. (૧)

એટલું જ નહિ પણ સંસારમાંથી તેનો સ્નેહ નાશ પામે એ માટે લૌકિકાર્તિ (પીડા) આપે છે. જો તેના મદનો નાશ કરવો હોય તો સંબંધીજનો કે દેહ સંબંધી આર્તિ (પીડા) આપે છે. (૨)

જો ભગવદીયનો સંગ ન હોય તો બંધુઓની સાથે ક્લેશ કરાવે કે તેમનો વિયોગ થાય, દીનતાની સિદ્ધિ કરાવવી હોય તો પરદેશગમન કરાવે, મોહ નિવૃત્ત કરવો હોય તો સાધનની આર્તિ આપે. (૩)

જો ભગવાન ફલપ્રાપ્તિમાં વિલંબ કરે તો કાં તો પ્રારબ્ધ ભોગવવા માટે અથવા તો પરીક્ષા કરવા માટે હોય. તેમ કરવા તે તેના નિર્વાહ માટે કે વેદસાધ્ય અર્થે પીડા પણ કરે (લોકવેદની અસિદ્ધિ આપે.) (૪)

આવી રીતે લૌકિક આર્તિ આપવામાં આવે છતાં પરમાનંદ સ્વરૂપ ભગવાનનો સુંદર આશ્રય છોડવો નહિ. એટલું જ નહિ પણ શ્રીઆચાર્યજીના દૃઢ આશ્રયને વળગી રહેવું. (૫)

શ્રીકૃષ્ણ સદા પોતે જ આનંદરૂપ છે. તે પોતાના ભક્તને નિજાનંદનું દાન કરશે જ. માટે ચાતકપક્ષીની માફક સર્વે વૈષ્ણવોએ આશા રાખીને રહેવું. (૬)

જેમ રોગી કડવી દવા ખાય છે ને તેને કશા લેખામાં લેતો નથી તેમ તેમણે પરમાનંદનું ચિંતન કરવું ને લૌકિક આર્તિની અવગણના કરવી. (૭)

હરિ પોતાના ભક્તનું કદિ અહિત કરે જ નહિ. જે પ્રભુ આખા જગતના સખા છે તે પોતાના ભક્તના સખા કેમ ન હોય? (૮)

एकादशं शिक्षापत्रम् ।

सर्वदा सर्वभावैकहेतुभूतेषु सर्वथा ।
श्रीमदाचार्यपादेषु स्थाप्यतां तन्मयं मनः ॥ १ ॥

तत एव कृतार्थत्वं निश्चयः क्रियतां हृदि ।
आसुरत्वं विनिश्चेयमन्यत्तत्साम्यवादिषु ॥ २ ॥

श्रीकृष्णः सर्वदा स्मर्यः सर्वलीलासमन्वितः ।
भक्तैकहृदयस्थायी सकलः पुरुषोत्तमः ॥ ३ ॥

गुणगानं तथा दुःखभावनं दैन्यमेव च ।
तथा त्यागः सिद्धदशः कृत्यमेतच्चतुष्टयम् ॥ ४ ॥

गुणगानं भागवतात् सेवया दुःखभावनम् ।
सद्दैन्यभाववद्दैन्यं त्यागो विरहभावतः ॥ ५ ॥

एतच्चतुष्टयं सिद्धं यदि नान्यदपेक्षितम् ।
सर्वस्य मूलं सत्संगस्तदभावे न सिद्ध्यति ॥ ६ ॥

इति श्रीहरिदास विरचितं एकादशं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૧૧મું.

સર્વ ભાવોને ઉત્પન્ન કરવામાં શ્રીમદાચાર્યજીનાં ચરણારવિંદ મુખ્ય હેતુરૂપ છે માટે સર્વદા મનને તન્મય કરી તેમાં સ્થિર કરવું. (૧)

હૃદયમાં એવો નિશ્ચય કરવો કે એવું કરવામાં જ (જીવનની) કૃતાર્થતા રહેલી છે. તેનાથી કોઇ બીજું કહે અગર તેની બરોબરી કરાવે તો તેમાં આસુરપણાનો નિશ્ચય કરવો. (૨)

સર્વલીલાયુકત શ્રીકૃષ્ણનું સર્વદા સ્મરણ કરવું, કલાયુકત તે પુરૂષોત્તમ ભગવાન કેવળ ભકતના હૃદયમાં નિત્ય બિરાજે છે. (૩)

ગુણગાન, વિપ્રયોગની આર્તિ, દીનતા ને ત્યાગ આ ચારેય સિદ્ધિની દૃષ્ટિવાળાને કાર્ય છે. (૪)

શ્રીભાગવતના પાઠ દ્વારા ગુણગાન કરવાં, સેવાદ્વારા દુઃખની ભાવના કરવી; દીનતાના ભાવથી દૈન્ય સિદ્ધ કરવું, અને વિરહના ભાવથી ત્યાગ સિદ્ધ કરવો. (૫)

જો આ ચતુર્વિધ વસ્તુ સિદ્ધ થાય તો બીજું કંઇ મેળવવાનું બાકી રહેતું નથી. આ સર્વનું મૂળ સત્સંગ છે. જો સત્સંગ ન હોય તો ફળ સિદ્ધ થાય નહિ. (૬)

द्वादशं शिक्षापत्रम् ।

भावनीयं सदा चित्ते स्वामिनीजल्पितं मुहुः ।
तापक्लेशैरयं मार्गः श्रीमदाचार्यरूपितः ॥ १ ॥

दर्शनं देहि गोपीश ! गोकुलानंददायक ! ।
गोविंद ! गोपवनिताप्राणाधिप ! कृपानिधे ! ॥ २ ॥

गोपाल ! पालितव्रज ! निजव्रजसुखांबुधे ! ।
परमानंद ! नंदादिरुचिरोत्संगलालित ॥ ३ ॥

सदानंद ! निजानन्दसमुदायप्रदायक ।
दामोदर ! दयार्द्राद्र ! दीनानाथ ! दयापर ! ॥ ४ ॥

पुरुषोत्तम ! सर्वांगरुचिर ! प्रेमपूरित !
अनंगरूपपरम ! प्रिय ! गोपवधूपते ! ॥ ५ ॥

व्रजावलंब सुकटे ! लंबकेश ! कलानिधे ! ।
विरहार्तिहर ! स्वीयमनोहरणतत्पर ! ॥ ६ ॥

मनोविनोद ! भावाब्धे ! भाववद्धृदयस्थित !
चंचलीकृतचित्त ! स्वभावान्दोलितरूपधृक् ! ॥ ७ ॥

महामुग्ध ! सदादुग्धपानतत्परमानस ! ।
नवनीतालिप्तमुख ! पयोबिन्दुयुताधर ! ॥ ८ ॥

अलकावृतवदन ! मदनाधिकसुन्दर ! ।
कपोलविलसद्राग ! कस्तूरीतिलकांचित ॥ ९ ॥

शिंजन्नूपुरशोभाढ्य ! नखभूषणभूषित ! ।
सघोषसूक्ष्मसुकटिविलसत्क्षुद्रघंटिक ! ॥ १० ॥

राजद्धृदयवैयाघ्रनखभूषण ! भूषित ॥
कंजलोचनलोलाक्ष ! विशालाक्ष विलक्षण ॥ ११ ॥

दीनैकशरण स्वीयसर्वसामर्थ्यसंयुत ! ।
व्रजराजसुत ! स्वीयजननीकंठभूषण ! ॥ १२ ॥

हा कृष्ण ! हा सदानंद ! हा वृन्दावनभूषण ! ।
हा नंदराजतनय ! हा यशोदांकखेलन ! ॥ १३ ॥

हा गोपिकेश ! हा नाथ ! हा गोकुलपुरंदर ! ।
हाहा व्रजजनार्तिघ्न ! हाहा निःसाधनाधिप ! ॥१४॥

हाहा नंदादिसर्वस्व ! हाहा ऽनंगनवांकुर ! ।
हा निरालंबनालंब ! हाहांधलकुटि प्रिय ! ॥ १५ ॥

एवं विधानि सततं जल्पितानि मुहुर्मुहुः ।
अवगत्य च भावेन भावनीयान्यहर्निशम् ॥ १६ ॥

इति श्रीहरिदास विरचितं द्वादशं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૧૨ મું

શ્રીસ્વામિનીજીએ જે જે વચનો કહેલાં તેને વારંવાર ચિત્તમાં ધારણ કરવાં ને તેની ભાવના કરવી. શ્રીમહાપ્રભુજીએ સ્થાપિત કરેલો આ માર્ગ તાપક્લેશયુક્ત છે. (૧)

હે ગોપીજનના ઇશ! હે ગોકુલના આનંદદાતા! હે ગોવિંદ! હે વ્રજભક્તોના પ્રાણપતિ! હે કૃપાનિધિ! મને દર્શન આપો. (૨)

હે ગોપાલ! હે વ્રજના પાલક! હે વ્રજભક્તના સુખ-રાશિ! હે પરમાનંદ! હે નંદાદિની હુંફાળી ગોદમાં ખેલનારા! (મને દર્શન આપો.) (૩)

હે સદાનંદ! હે ભક્તજનોના આનંદધન! હે દામોદર! હે દયાર્દ્ર! હે દીનાનાથ! હે દયાપર! (મને દર્શન આપો.) (૪)

હે પુરુષોત્તમ! હે સર્વાંગિસુંદર! હે પ્રેમ–સભર! હે કામદેવના પણ કામદેવ! હે પ્રિય! હે ગોપવધૂઓના પતિ! (મને દર્શન આપો). (૫)

હે વ્રજના આલંબનરૂપ સુંદર કટિવાળા! હે. લાંબા કેશવાળા! હે કલાના ભંડારરૂપ! હે વિરહાર્તિનું હરણ કરનારા! હે ભક્તોના મનનું હરણ કરવામાં તત્પર રહેનારા! (મને દર્શન આપો.) (૬)

હે મનને વિનોદ આપનારા! ભાવના સમુદ્રરૂપ! ભાવવાળા હૃદયમાં સ્થિતિ કરનારા! હે ભક્તના ચિત્તને ચંચળ કરનારા! પોતાના ભક્તોના ભાવથી આંદોલિત થઇ તેને અનુસાર રૂપ ધારણ કરનારા પ્રભો! (મને દર્શન આપો.) (૭)

હે મહામુગ્ધ! દૂધનું પાન કરવામાં સદાયે જેનું મન ઉત્સુક છે એવા! જેમનું મુખ માખણથી ચોપડાયેલું છે એવા! દુધનાં ટીપાં ચોંટેલાં છે એવા મુખવાળા પ્રભો! (મને દર્શન આપો.) (૮)

વાળથી જેમનું મુખ ઢંકાઈ ગયું છે, કામદેવથી પણ જે વધારે સુંદર છે, જેમના ગાલ રંગથી રંગાયેલા છે અને કસ્તૂરીના તિલકથી જેમનું લલાટ શોભી રહ્યું છે એવા હે પ્રભો! (મને દર્શન આપો. (૯)

નૂપુરના રણકારથી શોભતા, નખના ભૂષણથી ભૂષિત, નાનીશી કટિ ઉપર ઝીણીઝીણી ઘૂઘરીઓના વિલાસથી વિલસી રહેલા, સુંદર–શ્યામ! (મને દર્શન આપો.) (૧૦)

સુંદર વાઘનખના ભૂષણથી શણગારાએલા, ચપળ કમલલોચનવાળા, વિશાળ નેત્રોથી વિલક્ષણ પ્રભો, (મને દર્શન આપો.) (૧૧)

હે દીનજનોના એકમાત્ર શરણરૂપ, સર્વસામર્થ્યથી સર્વ-શક્તિમાન, નંદનંદન, માતા યશોદાના કંઠના આભરણરૂપ પ્રભો! (મને દર્શન આપો.) (૧૨)

હા કૃષ્ણ! હા સદાનંદ! હા વૃંદાવનભૂષણ! હા નંદરાજતનુ! હા યશોદોત્સંગલાલિત! (૧૩)

હા ગોપિકેશ! હા નાથ! હા ગોકુલેન્દ્ર દેવ! હા હા વ્રજજનાર્તિહર! હા હા નિઃસાધનનાથ! (૧૪)

હા હા નંદાદિ સર્વસ્વ! હા હા કામદેવનવાંકુર; હા હા અનાલંબનાલંબન! હા હા આંધળાની લાકડીરૂપ! (મને દર્શન આપો.) (૧૫)

શ્રીસ્વામિનીજી આવી રીતે હમેશાં જલ્પના કરે છે. આપણે પણ તેના ભાવને જાણી અહર્નિશ એવી જ ભાવના કરવી. (૧૬)

त्रयोदशं शिक्षापत्रम्

कालः करालः समुपागतोऽयं मतिं सतां द्रागहरत् समस्ताम् ।
श्रीवल्लभाचार्यसमाश्रितानां यः कालकालः शरणं स एव ॥१॥

न सेवा न कथा नैव भावनं नापि संश्रयः ।
नित्यमुद्विग्नमनसा कथं कालः प्रयास्यति ॥२॥

सत्संगो दुर्लभो दुष्टसंगः संचिंतनादृते ।
अनायासेन संसिद्धः का गतिर्मे भविष्यति ॥३॥

संग्राहयितुमखिलं तैः क्रीडयितुमेव च ।
शकलीकर्तुमधुना प्रभोर्बालचिकीर्षितम् ॥४॥

हा नाथ! हा कृपानाथ! गोपीनाथ! दयानिधे! ।
व्रजनाथ! रमानाथ! निजनाथ! जगत्पते! ॥५॥

गोकुलाधीश! गोपीश! व्रजाधीश! व्रजप्रिय! ।
व्रजानंद! निजानंद! गोकुलानंद! गोप्रिय! ॥६॥

हा कृष्ण! हा दयासिंधो! हा राधावर! सुंदर! ॥
दीनेषु सततं श्रीमन्निजाचार्याश्रितेषु च ॥७॥

दुष्टेषु दोषपुष्टेषु भाग्यमुष्टेषु मत्प्रभो! ॥
निःसाधनेषून्मतिषु दयां कुरु दयां कुरु ॥८॥

निवर्त्य सर्वतश्चेतो निरुध्य चरिते हरेः ।
हृदिकृत्य कृपावश्यं स्थीयतां सज्जनैः सह ॥९॥

अदृष्टदुःखितमुखोऽननुभूतसुखेतरः ॥
स्वदुःखितातिकरुणः स कृष्णः शरणं मम ॥१०॥
अमंदपरमानंदो निजानंदाश्रयस्थितः ।
स्वरूपानंददाता च स कृष्णः शरणं मम ॥११॥

इति श्रीहरिदासविरचितं त्रयोदशं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૧૩ મું.

આ ઘણો વિકટ કાળ આવ્યો છે, તે એવો છે કે તેનાથી સઘળા સત્પુરુષોની મતિ પણ હરાઈ જાય છે. જેઓ શ્રી વલ્લભાચાર્યજીનો આશ્રય કરનારા હોય તેમને માટે કાલના પણ કાલ એવા એક ભગવાન જ શરણરૂપ છે. ૧.

જેઓ સેવા કરતા ન હોય કે કથાનું શ્રવણ પણ કરતા ન હોય, અથવા તો જેમનામાં ભાવના કે આશ્રય-ભાવ સિદ્ધ થયાં ન હોય, અને જેઓ સદા ઉદ્વેગ મનવાળા હોય તેવાઓનો સમય શી રીતે જવો જોઇએ ? ૨.

સત્સંગ તો દુર્લભ છે, જ્યારે વગર મહેનતે ને વગર વિચારે દુઃસંગ સારી પેઠે આવીને ખડો થાય છે, તો અમારી ગતિ શી થશે ? ૩.

સમગ્ર ચરાચર વસ્તુઓને એકઠી કરવી ને તેની સાથે ક્રીડા કરવી વળી પાછી તેને વિખેરી નાંખવી. શું પ્રભુની બાળલીલા એવી હશે ? (કોણ જાણે ?) ૪.

હા નાથ ! હા કૃપાનાથ ! હા ગોપીનાથ ! હા દયાનિધે ! હા વ્રજનાથ ! હા રમાનાથ ! હા નિજનાથ ! હા જગત્પતે ! હા ગોકુલાધીશ ! હા ગોપીશ ! હા વ્રજાધીશ ! હા

વ્રજપ્રિય ! હા વ્રજનંદ ! હા નિજાનંદ ! હા ગોકુલાનંદ ! હા ગોપ્રિય ! હા કૃષ્ણ ! હા દયાસિંધો ! હા રાધાવર ! હા સુંદર ! શ્રીમદ્ આચાર્યચરણને આશ્રયે રહેલા એવા અમો દીન, દુષ્ટ, દોષથી પુષ્ટ, ભાગ્યહીન નિઃસાધન ને મતિહીન છીએ. હે પ્રભુ અમારી ઉપર દયા કરો ! દયા કરો ! (૫, ૬, ૭, ૮,)

ખરે, આપણે ચિત્તને સર્વ [લૌકિક] માંથી પાછું ખેંચી લઇ તેનો પ્રભુના ચરિત્રમાં નિરોધ કરવો ને કૃપાવશ હરિને આપણા હૃદયમાં સ્થાપન કરી સદાસર્વદા સજ્જનો સાથે રહેવું જોઇએ. ૯.

શ્રીકૃષ્ણ ભક્તના મ્લાન મુખને જોઈ શકતા નથી. તેમને દુઃખ એ શું છે તેનો અનુભવ નથી એટલું જ નહિ પણ પોતે દુઃખી ભક્ત ઉપર અતિશય કૃપા કરનાર છે. એવા કૃષ્ણ એ જ મારૂં શરણ છે. ૧૦.

અધિકાધિક આનંદ આપનારૂં તે પરમાનંદ સ્વરૂપ છે. જેઓ તેના આનંદસ્વરૂપનો આશ્રય કરીને રહેલા છે તેના તે આશ્રયરૂપ છે. આવા શ્રીકૃષ્ણ એ જ મારું શરણ છે. ૧૧.

चतुर्दशं शिक्षापत्रम् ।

श्रीमत्प्रभुपदयुगले स्थाप्यं चेतश्चमत्कारि ।
तदनुग्रहणादेव हि भवति तदीयस्य सर्वतः सकलम् ।१।

अन्याश्रयस्तदीयैकपदाश्रयविरोधकृत् ।
प्रभोरुदासीनतायाः कारणं त्यज्यतांद्रुतम् ॥ २ ॥

असत्संगस्य च त्यागो भावबाधकता यतः ।
यथा व्याघ्रो बाधकः स्याच्छरीरादेः शरीरिणः ॥३॥

असत्संगस्तथा प्रोक्तः श्रीमदाचार्यपंडितैः ।
अध्यासः स्वशरीरादौ तदीयत्वप्रकारतः ॥४॥

विधाय सर्वथा भीतिं विधेयेतरयोगतः ।
सत्संगेन स्वमार्गैकनिष्ठत्वेन च सर्वथा ॥५॥

समर्पणाऽनुसंधानं विधेयं मिलितैः सदा ।
इदमेवाऽस्मदाचार्यमार्गे साधनमुत्तमम् ॥६॥

स्वाचार्यचरणद्वंद्वदृढाश्रयणमाहृतैः ।
विधेयं तेन सकलमस्मिन्मार्गे भविष्यति ॥७॥

इति श्रीहरिदास विरचितं चतुर्दशं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૧૪મું.

શ્રીઠાકોરજી ને શ્રીગુસાંઈજીના ચરણારવિંદ ચમત્કારી છે. તેમાં ચિત્તને સ્થાપન કરવું. જેઓ તેમના તદીયો છે તેમનું સર્વસ્વ તેમના અનુગ્રહથી જ સિદ્ધ થશે. ૧.

તેવા તદીયો માટે અન્યાશ્રય કરવો એ એકમાત્ર તેમના આશ્રયભાવનો વિરોધી છે. પ્રભુ જો ઉદાસીન હોય તો તેવા અન્યાશ્રયને કારણે જ—માટે તેવા અન્યાશ્રયનો તુરત જ ત્યાગ કરવો. ૨.

અસત્સંગનો ત્યાગ કરવો કારણ કે તેનાથી ભગવદ્‌ભાવનો નાશ થાય છે. જેમ દેહધારીના દેહને વ્યાઘ્ર બાધક છે, તેમ અન્યાશ્રય તેમને બાધક છે. ૩.

શ્રીમદાચાર્યજી મહાપંડિત છે. એઓશ્રીએ તો એમ કહ્યું છે કે—જીવને પોતાના શરીર વગેરેમાં અસત્સંગ હોવો એ તેના અધ્યાસરૂપ છે, અને તદીયો માટે તેમના શરીરાદિ તો તદીયત્વના ભાવની દૃષ્ટિએ ભગવત્સંબંધી છે. ૪.

માટે ચિત્તને અન્યથા જોડવું એ ભયરૂપ છે એ સમજી સર્વથા તેને પુષ્ટિમાર્ગીય સાધનમાં જોડવું. તદર્થે પુષ્ટિમાર્ગમાં નિષ્ઠા રાખી સર્વદા સત્સંગને જ સેવવો. ૫.

ભગવદીયોની સાથે મળી સદા સમર્પણનું અનુસંધાન કરવું. આચાર્યશ્રીના માર્ગમાં આ જ સર્વથી ઉત્તમ સાધન છે. ૬.

જો જીવ આપણા આચાર્યશ્રીનો દૃઢ આશ્રય આદર પૂર્વક કરે તો આ માર્ગમાં સર્વ કાંઇ સિદ્ધ થઈ શકે છે. ૭.

पंचदशं शिक्षापत्रम् ।

यदंगीकृतजीवानां न दुःखं लेशतोऽपि हि ।
सदानंदः सदानंदात्तत्स्मृतिः क्रियतां सदा ॥१॥
यो निजानतिसंतप्तान्स्वकृते वीक्ष्य विस्मितः ।
प्रादुर्भवत्यचिरतस्तत्स्मृतिः क्रियतां सदा ॥२॥
यः स्वतः सेवकानां हि पराश्रयनिवारकः ।
कृपासरित्पतिः कृष्णस्तत्स्मृतिः क्रियतां सदा ॥३॥
हृदयस्थः समस्तानां धुनोति विषयादरम् ।
दयादामोदरः श्रीमाँस्तत्स्मृतिः क्रियतां सदा ॥४॥
यः प्राणप्रेष्ठगोपीनां संगं गोपयति स्वतः ।
निलायनादिलीलाभिस्तत्स्मृतिः क्रियतां सदा ॥५॥
य उद्धवेन भक्तेन स्वस्वरूपमबोधयत् ।
गोपिकानां हृदंतस्थस्तत्स्मृतिः क्रियतां सदा ॥६॥
यः स्वमाहात्म्यबोधाय प्रादुर्भावितवान्स्वयम् ।
प्रभुः श्रीवल्लभाचार्यास्तत्स्मृतिः क्रियतां सदा ॥ ७ ॥
यस्य स्मरणमात्रेण सकलार्तिविनाशनम् ।
तत्क्षणादेव भवति तत्स्मृतिः क्रियतां सदा ॥८॥

इति श्रीहरिदासविरचितं पंचदशं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૧૫ મું

જેઓનો પ્રભુએ અંગીકાર કર્યો છે તેમને લેશ માત્ર પણ દુઃખ હોય નહિ. પ્રભુ સદાનંદ છે, તેવા સદાનંદ પ્રભુનું સદા સ્મરણ કરવું. ૧.

જે જીવોનો પ્રભુએ અંગીકાર કરેલો છે તેમને વિયોગથી અતિસંતપ્ત થયેલા જોઇ પ્રભુ વિસ્મય પામ્યા અને પોતે (આચાર્યરૂપે) પ્રકટ થયા. આવા પ્રભુનું આપણે સદા સ્મરણ કરવું ૨.

તે પ્રભુ જ પોતાના સેવકોના પરાશ્રયને પાતાની મેળે જ નિવારશે. કારણ કે દયાના સાગર એવા એ કૃષ્ણ આપણા પતિ છે. માટે એમની સ્મૃતિ સદા સર્વદા કરવી. ૩.

તે પ્રભુ સર્વ ભકતોના હૃદયમાં વાસ કરી રહેલા છે. જીવને વિષયો પ્રત્યે જે આદર પોતાના હૃદયમાં રહેલો છે તેને તે પ્રભુ જ ફીટાડશે કારણ તે દામોદર દયાળુ છે. વળી તે લક્ષ્મીના પતિ છે માટે સદા તેનું જ સ્મરણ કરવું. ૪.

તે પ્રભુ ગોપીજનના પ્રાણપ્રિય છે તે નિલાયનાદિ લીલા વડે એટલે છૂપી છૂપી ખેલનરૂપ ક્રીડા કરી અનધિકારીઓથી ગોપીજન સાથેના, પોતાના સંગને છૂપાવે છે. માટે આપણે

સદાયે તેમની જ સ્મૃતિ કરવી. ૫.

તે ગોપિકાઓના હૃદયની અંદર સ્થિતિ કરી રહેલા છે. જેમણે પોતાના ભકત ઉદ્ધવને (ગોપિકાદ્વારા) પોતાના સ્વરૂપનો બોધ કર્યો તેવા પ્રભુની આપણે સદા સ્મૃતિ કરવી. ૬.

પોતાનું માહાત્મ્ય પ્રકટ કરવાને તે પ્રભુ સ્વયં શ્રી-વલ્લભરૂપે પ્રકટ થયા. આપણે તે પ્રભુનું સ્મરણ કરવું ૭.

તેમના સ્મરણ માત્રથી સર્વ પ્રકારની આર્તિ તત્ક્ષણ નાશ પામશે. માટે આપણે સદા સર્વદા તેમની જ સ્મૃતિ કરવી. ૮.

षोडशं शिक्षापत्रम् ।

सदा स्वभक्तहृदयावासः स्वाचार्यभावितः ।
यशोदाऽतिप्रियः श्रीमान् नंदसूनुर्व्रजेश्वरः ॥१॥

स्मरणीयो यथाशक्ति सेवनीयस्तथा पुनः ।
तादृशैः सह संगेन कथनीयश्च सर्वथा ॥ २ ॥

अहर्निशं व्रजाधीशः प्रपंचास्मृतिसाधकः ।
स्वकीयपक्षपाती च निजासक्त्या निरोधकृत् ॥३॥

स्मरणीयः कृपापारावारो विद्धितरूपवान् ।
स एवास्मत्सर्वकर्ता चिन्ताणुरपि नो हृदि ॥४॥

सतामप्यसतां वाऽपि स्वकीयानां कृपानिधिः ।
करिष्यति स्वतः सर्वमतश्चिंता न काऽपि हि ॥५॥

सत्संगाऽभावतो नित्यमसत्संगस्वभावतः ।
वर्तते विषयावेशैश्चक्राऽऽरूढेवमन्मतिः ॥६॥

नैतस्मिन्समये कोऽपि सहायो मम वर्तते ।
विना श्रीवल्लभाचार्यचरणांबुरुहाश्रयात् ॥ ७ ॥

ततश्च्युता मतिः कालबलात् केवललौकिके ।
नित्यं स्थिता ततो भीतिर्भूयसी जायते हृदि ॥८॥

किंवा को वेद भगवान् करुणात्मा चिकीर्षति ।
न जाने तेन मे चेतः खिन्नं भवति सर्वथा ॥९॥

विशेषः प्रेमजित्पत्राद्बोद्धव्यः सकलोऽपि हि ।
अनेनैव वयं किंचित्स्वास्थ्यं मन्यामहे हृदः ॥१०॥

इति श्रीहरिदासविरचितं षोडशं शिक्षापत्रं संपूर्णम् ॥

શિક્ષાપત્ર ૧૬ મું

શ્રીયશોદાજીને અતિપ્રિય, શોભાયમાન, શ્રીનંદરાયજીના પુત્ર, વ્રજના પતિ અને શ્રીમદાચાર્યજીના ભાવથી ભાવિત એવા પ્રભુ સદા પોતાના ભકતના હૃદયમાં બિરાજેલા છે તેજ પ્રભુ સ્મરણ કરવા યોગ્ય, યથાશક્તિ સેવા કરવા યોગ્ય અને તાદશી વૈષ્ણવોના સંગમાં સર્વથા ગુણગાન કરવા યોગ્ય છે. ૧, ૨.

તે વ્રજાધીશ અહર્નિશ પ્રપંચની વિસ્મૃતિ કરાવનાર છે, પોતાના ભકતના પક્ષપાતી છે, ને પોતાની પ્રત્યે આસક્તિ કરાવી નિરોધ સિદ્ધ કરે છે. તે કૃપાના સમુદ્ર છે ને પોતાના સ્વરૂપને પ્રકટ કરી તેનો સ્વાનુભવ કરાવે છે. તે જ પ્રભુ આપણું સર્વ સિદ્ધ કરનારા છે માટે હૃદયની અંદર યત્કિંચિત્ પણ ચિન્તા કરવી નહિ. ૩, ૪

પ્રભુભકત સાત્ત્વિક હોય કે તામસ હોય, જે પ્રભુનો થયો છે તેના તે કૃપાનિધિ છે. તેવાનું સર્વ કાંઈ પ્રભુ પોતે કરી લેશે. માટે ચિન્તા કદાપિ કરવી નહિ. ૫.

સત્સંગનો અભાવ હોવાથી અને સ્વભાવ નિત્ય અસત્સંગ કરવાનો થઇ પડવાથી વિષયતાના આવેશને લીધે

મારી મતિ ચક્રારૂઢ થઈ હોય એમ ભમે છે. ૬.

આ સમયે શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના ચરણકમળના આશ્રય વિના મને અન્ય કોઇની પણ સહાય નથી. ૭.

કાળબળ વડે મારી મતિ ભ્રષ્ટ થઇ ગઇ છે અને કેવળ લૌકિકમાં નિત્ય રહેવાથી મારા હૃદયમાં મોટો ભય લાગે છે. ૮.

અહો! તે દયાળુ પ્રભુ મારૂં શું કરવા માગે છે તેની મને ખબર નથી. માટે મારૂં ચિત્ત સર્વથા ખિન્ન રહે છે. ૯.

વિશેષ સર્વ કંઈ પ્રેમજીના પત્રથી જાણજો. તેનાથી અમને હૃદયમાં કંઇક સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે. ૧૦.

सप्तदशं शिक्षापत्रम् ।

यदुक्तमस्मदाचार्यैर्गौणमुख्यविभेदतः ।।
त्यागो गृहधनादीनामथवा कृष्णयोजनम् ।।१।।

वैराग्यपरितोषादेरत्यागोऽपि निरूपितः ।।
तथा विषयभोगस्य त्यागोऽपि विनिबोधितः ।।२।।

तथा सत्संगमाऽत्यागः सर्वत्रैव विशेषतः ।।
अन्याश्रयपरित्याग उक्तो बाधकरूपतः ।।३।।

एवं निरूपितौ त्यागोऽत्यागौ सर्वत्र सर्वशः ।।
न जीवाः स्वबलात्किंचित्कर्तुं शक्नुवते स्वतः ।।४।।

अतः कथं भवेन्मार्गस्थितिर्जीवेषु सर्वथा ।
फलाशाऽपि कथं कार्या जनैस्तत्राऽस्थितौ पुनः ।।५।।

तथाऽपि श्रीमदाचार्यचरणाश्रयणादपि ।
अशक्यमपि यच्छक्यं तद्भवेत्सर्वथैव हि ।।६।।

यदि दुःसंगदोषेण न भवेच्छिथिलं मनः ।
यदि वा कालदोषेणाऽविश्वासोऽपि भवेन्न हि ।।७।।

"अविश्वासो न कर्तव्यः" इत्युक्तेः स तु बाधकः ।
अयमेवाऽस्य मार्गस्य मूलमाश्रयसाधकः ।।८।।

आश्रयेणैव सकलं सिद्धिमेति न संशयः ।
पृथक्शरणमार्गोक्तिरत एव प्रभोरपि ।।९।।

शरणस्थसमुद्धारकृतिविज्ञापनादपि ।
विवेकधैर्यभक्त्यादिसाधनाभाववादतः ॥१०॥
सन्मार्गविद्भिः सततं कृतप्रभुपदाश्रयैः ।
तदुक्तवाक्यभावार्थविभावनपरायणैः ॥११॥
यथाशक्तिस्वमार्गीयप्रभुसेवापरैरपि ।
विरुद्धकृतिसंदेहदाहनोद्योगतत्परैः ॥१२॥
निरंतरं स्वमार्गीयसतां संगसमन्वितैः ।
स्थेयं संसारविमुखैः स्वगुरुं प्रणतैरपि ॥१३॥

इति श्रीहरिदासविरचितं सप्तदशं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૧૭મું

આપણા આચાર્યશ્રીએ ત્યાગના ગૌણ ને મુખ્ય એવા બે પ્રકારના ભેદ વર્ણવ્યા છે. ગૃહધનાદિનો ત્યાગ કરવો તે અને તેનો શ્રીકૃષ્ણમાં વિનિયોગ કરવો તે. ૧.

વળી એવો પણ બોધ કરવામાં આવેલો છે કે વૈરાગ્ય ને પરિતોષનો ત્યાગ ન કરવો પરંતુ વિષયભોગનો ત્યાગ કરવો. ૨.

તદુપરાંત, સત્સંગનો ત્યાગ કરવો નહિ પણ અન્યાશ્રયનો વિશેષમાં ત્યાગ કરવો કારણ તે બાધકરૂપ છે. ૩.

આમ ત્યાગાત્યાગનો ભેદ સર્વ ઠેકાણે અને સર્વત્ર નિરૂપિત કરેલો છે. પરંતુ જીવો પોતાના બળથી આમાં કશું જ કરી શકતા નથી. ૪.

(જો એમ હોય) તો પછી સર્વથા જીવની માર્ગમાં શી સ્થિતિ થાય? અને માર્ગમાં તેની સ્થિતિ ન થાય ત્યાં સુધી તે ફળની આશા પણ શી રીતે રાખી શકે? ૫.

આમ જે વસ્તુ અશક્ય છે તે પણ જો શ્રીમહાચાર્યજીના ચરણનો આશ્રય હોય તો નિશ્ચયપૂર્વક સર્વ રીતે શક્ય બને છે. ૬.

તે માટે દુઃસંગના દોષથી મન શિથિલ ન થવું જોઇએ

તથા તેને કાલદોષથી અવિશ્વાસ ન આવવો જોઇએ. (જો આમ થાય તો અશકય બને) ૭.

વિવેક ધૈર્યાશ્રયમાં આજ્ઞા કરી છે કે અવિશ્વાસ ન કરવો; અવિશ્વાસ કરવો એ બાધક છે. પુષ્ટિમાર્ગમાં વિશ્વાસ જ આશ્રયસાધક છે તે જ મૂળ (તત્ત્વ) છે. ૮.

આશ્રયથી સર્વ સિદ્ધ થઇ શકે છે એ ચોક્કસ છે. એથી જ શ્રીગુસાંઇજીએ પૃથક્‌શરણમાર્ગોપદેષ્ટા એવું શ્રીઆચાર્યચરણનું નામ કહ્યું છે. ૯.

વળી શ્રીઆચાર્યજી મહાપ્રભુએ **કૃષ્ણાશ્રયમાં** 'શરણસ્થ સમુદ્ધારક' એવા શબ્દો વડે ભગવાનની સ્તુતિ કરી છે. તેમ જ વિવેકધૈર્યભકિતના સાધનોથી રહિત હોય તેવાઓ માટે. પણ કૃષ્ણ એ જ આશ્રય છે એવું કહ્યું છે. આશ્રયથી સકળ સિદ્ધ થાય છે. ૧૦.

તેથી જેઓ માર્ગની રીત અનુસાર પ્રભુસેવામાં યથાશકિત ઉદ્યુકત થયેલા હોય, અને તેનાથી વિરુદ્ધ કૃતિ કે સંશયને દૂર હઠાવવાનો ઉદ્યમ કરવામાં તત્પર હોય, તથા જેઓ હમેશાં પોતાના માર્ગના સત્પુરુષોના સંગ કરી રહેતા હોય અને સંસારથી વિમુખ બની પોતાના શ્રીઆચાર્યજી પ્રત્યે અત્યંત નમ્ર હોય, તેવા ભગવદીયો સાથે રહેવું. ૧૨, ૧૩.

अष्टादशं शिक्षापत्रम्

कालः स्वकार्यं कुरुते न जानाति जनो यतः ।
प्रमाद्यति हरेः कार्ये स्वात्मकार्येऽतिविह्वलः ॥१॥

केवलौदरिकत्वं तु तदीयानां न चोचितम् ।
न पूरयेत् किमुदरं सेवकानां कृपानिधिः ॥२॥

चिंता कापि न कार्येति प्रभुवाक्यं विचिंत्यताम् ।
अज्ञानिनो ज्ञानिनश्च यदि स्यात्समता कृतौ ॥ ३ ॥

तदा तु साधनाभावात् किं वृत्तं ज्ञानिनः फलम् ।
विरहेण हरिस्फूर्त्या सर्वत्र क्लेशभावनात् ॥ ४ ॥

लीलाऽतिरिक्तसृष्टौ हि निरानंदत्वनिश्चयात् ।
यथाकथंचिद्विस्मृत्य प्रपंचं हृदये न्यसेत् ॥५॥

कृष्णं गूढं सदानंदं तथा लीलायुतं सदा ।
रसं स्वसमनामानं भक्तभावात्मकं पुनः ॥ ६ ॥

यशोदोत्संगलालितं मुग्धभावसमावृतम् ।
प्रपंचवैरिणं बाधहेतुलौकिकनाशनम् ॥ ७ ॥

स्वप्रवेशाय कामादिसर्वदोषनिवारकम् ।
स्वार्थत्यक्ताखिलस्वीयपरमार्तिमहोत्सवम् ॥ ८ ॥

श्रीमदाचार्यहृदयशेषपर्यंकशायिनम् ।
अनंतभावरूपात्मगोपीरमणतत्परम् ॥ ९ ॥

मधुपाऽऽलिजवोद्युक्तरोमालिसुविराजितम् ।
प्रसन्नवदनांभोजं करुणारसवद्दशम् ॥ १० ॥
बर्हिपिच्छशिरोभूषं श्रृंगाररसरूपिणम् ।
एवंविधानंतगुणं विधाय हृदये सदा ॥ ११ ॥

तस्य सेवां प्रकुर्वीत यावज्जीवं स्वधर्मतः ।
न फलार्थं न भोगार्थं न प्रतिष्ठाप्रसिद्धये ॥१२॥

श्रीमदाचार्यमार्गेण नान्येनापि कदाचन ।
न कल्पितप्रकारेण न दुर्भावसमन्वयात् ॥ १३ ॥

तत्त्वं विदित्वा परमं यशोदोत्संगलालितम् ।
श्रीमदाचार्यतत्पुत्रान् हित्वास्मत्स्वामिनीरपि ॥१४॥

तत्तुल्यबुद्ध्या नाशः स्यात्सर्वथेति विनिश्चयः ।
एतावती सती शिक्षा संक्षिप्ता ध्रियतां हृदि ॥ १५ ॥

अन्येऽपि चोपदेष्टव्या यदि स्युरधिकारिणः ।
मिलंति स्वेच्छया श्रद्धायुताः पृच्छन्ति सर्वदा ॥१६॥

जीवतत्परता सिद्धौ कृपालुस्तेषु तुष्यति ।
यथा विषयिणां तोषो वृत्तिकासु तथा हरेः ॥ १७ ॥

इति श्रीहरिदासविरचितं अष्टादशं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૧૮ મુ

કાળ પોતાનું કામ કર્યાં જાય છે. જીવને તેની ખબર પડતી નથી. તેથી તે પ્રભુનાં કાર્ય કરવામાં પ્રમાદ કરે છે અને પોતાનાં જીવકાર્યોમાં વિહ્વલ બને છે. ૧.

જેઓ ભગવાનના છે તેમને કેવળ ઉદરપોષણ માટે જ વ્યાપર કરવો એ યોગ્ય નથી: જેઓ પ્રભુના સેવકો છે તેમનું ઉદર શું કૃપાનિધિ પ્રભુ નહિ પૂરે? ૨.

શ્રીમહાપ્રભુજી **નવરત્નમાં** "કશી પણ ચિન્તા ન કરવી." એવું જે કહે છે તેની ઉપર ચિંતન કરો. વળી તેઓશ્રીએ અજ્ઞાની ને જ્ઞાની બન્નેની કૃતિમાં સમતા નિરૂપિત કરી છે ૩.

તો પછી જ્યાં સાધનનો જ અભાવ હોય ત્યાં જ્ઞાનીને પણ શું ફળ થવાનું? લીલાતિરિક્ત પદાર્થમાં આનંદ ન હોવાથી કલેશ થાય અને કલેશથી વિરહ થતાં હરિની સ્ફૂર્તિ થાય. તેથી જેમ તેમ કરી પ્રપંચની વિસ્મૃતિ કરો ને હૃદયમાં શ્રીકૃષ્ણની સ્થાપના કરો. ૪–૫.

કૃષ્ણ ગૂઢ, સદાનંદ, લીલાયુકત, રસરૂપ ને પોતાના સમાન નામવાળા તથા ભકતના ભાવાત્મક છે. ૬.

તે યશોદાના લાડિલા, મુગ્ધ ભાવોથી ભરેલા, પ્રપંચના વૈરી ને બાધક હોય તેવાં લૌકિક કારણોનો નાશ કરનારા છે. ૭.

પોતાનો પ્રવેશ થઈ શકે એ હેતુથી તે કામાદિક સર્વ દોષોને નિવૃત્ત કરે છે. જેઓ પોતાને માટે સર્વસ્વનો (લૌકિક વૈદિક) ત્યાગ કરી વિપ્રયોગની આર્તિ કરે છે, તેમને માટે તે ઉલ્લાસ ધારણ કરે છેઃ ૮.

તે શ્રીમદાચાર્યજીના હૃદયરૂપી શેષશય્યામાં પોઢી રહ્યા છે અને વ્રજભક્તોની સાથે રમણ કરવામાં તત્પર હોવાથી ભાવરૂપી અનંત સ્વરૂપો ધારણ કરે છે. ૯.

ભ્રમર પંક્તિના વેગવાળી રોમપંક્તિથી તે અત્યંત શોભિત છે. તેમનું વદનકમળ સદા પ્રસન્ન રહે છે ને તેમની આંખો દયારસથી આર્દ્ર હોય છે. ૧૦.

તેમણે શિર ઉપર મયૂરપિચ્છનો મુકુટ ધારણ કર્યો છે અને શૃંગારરસનું રૂપ પ્રકટ કર્યું છે– એવા અનંત ગુણોથી પૂર્ણ શ્રીકૃષ્ણને હૃદયમાં (વારંવાર) ધારણ કરવા. ૧૦.

જીવ જ્યાં સુધી જીવે ત્યાં સુધી પોતાનો ધર્મ છે એમ સમજી તેમની સેવા કરવી, તેમાં ભોગ, ફળ કે પ્રતિષ્ઠાની દૃષ્ટિ રાખવી નહિ. ૧૨.

આવી સેવા કેવી હોય તે શ્રીમહાપ્રભુજીએ 'સર્વનિર્ણયગ્રંથમાં' નિરૂપિત કરી છે. સેવા તે રીતે કરવી, અન્ય માર્ગની રીતે નહિ. અગર તો કોઇ કલ્પિત પ્રકાર અનુસરવો નહિ. તેમ કરતાં દુર્ભાવ આવી ન જાય એ જોવું ૧૩.

શ્રીયશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણ, શ્રીમદાચાર્યજી, તેઓશ્રીના પુત્ર ને અસ્મત્સ્વામિનીજી (વ્રજભકત)–આ ચાર પરમ તત્ત્વરૂપ છે. એમની સાથે અન્યની તુલના કરવાથી બુદ્ધિનો સર્વથા નાશ થાય છે. માટે હૃદયમાં આટલી શિક્ષા સંક્ષેપમાં ધારણ કરવી. ૧૪, ૧૫.

જો અન્ય કોઈ અધિકારી મળી આવે અને શ્રદ્ધાળુ બની પોતાની સ્વેચ્છાથી પૂછે તો તેને પણ આ ઉપદેશ કરવો. ૧૬.

જો જીવની ભગવત્પરતા આવી રીતે સિદ્ધ થાય તો દયાળુ પ્રભુ આવા ભગવદાર્તિ કરનારા ઉપર પ્રસન્ન થાય છે. જેમ કોઇ કામી પુરૂષ દૂતિ ઉપર પ્રસન્ન થાય છે, તેમ ભગવદ્વાર્તા કરનાર ભક્ત પર હરિ પ્રસન્ન થાય છે. ૧૭.

एकोनविंशं शिक्षापत्रम् ॥

इदानीं वर्तते कालः करालः कलिरीदृशः ।
यस्मिन्विनश्यति मतिः सतामपि कुसंगतः ॥ १ ॥

सत्संगो दुर्लभो यत्र सततं सत्प्रसंगतः ।
कथा कृष्णचरित्रैकयुता नित्यं भवति हि ॥ २ ॥

निजाचार्यपदांभोजसेविनस्तु सुदुर्लभाः ।
अदंभिनः कृष्णसेवाकथाचिंतनतत्पराः ॥ ३ ॥

अहं तु सर्वथा नित्यं तथा सत्संगवर्जितः ।
क्लिश्यामि मनसा नूनं निरानंदेन नित्यशः ॥ ४ ॥

बाष्पनिःसरणोपायं न पश्यामि महीतले ।
को वा मदीयहृदयदुःखं दूरीकरिष्यति ॥ ५ ॥

व्रजवासस्तथा श्रीमद्यमुनादर्शनं गतम् ।
दूरे गोवर्धनदर्शिर्दूरे तन्नाथदर्शनम् ॥ ६ ॥

विषयाक्रांतितो दूरे भगवद्भावसंततिः ।
देशांतरस्थितस्याऽद्य दूरे संगः सतामपि ॥ ७ ॥

तदभावात्कथा दूरे ततो विमुखता हृदः ॥
एवंविधस्य सततं श्रीकृष्णः शरणं मम ॥ ८ ॥

को वेद कृष्णः किं कर्ता न जानेऽहं कृपानिधिः ।
तथापि श्रीमदाचार्यशरणं करवै मनः ॥ ९ ॥

विशेषः प्रेमजित्पत्राद्बोद्धव्यः सर्ववृत्तयुक् ।
अनेन केवलेनैव किंचित्स्वस्थं मनो मम ॥ १० ॥

इति श्रीहरिदास विरचितं एकोनविंशं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૧૯મું

વર્તમાન કલિકાલ એવો કરાલ છે કે તેમાં સત્પુરુષની બુદ્ધિ પણ દુઃસંગથી નાશ પામે છે. ૧.

સત્પુરૂષના સતત સંગમાં કૃષ્ણચરિતની કથા નિત્ય થાય છે, એવો સત્સંગ દુર્લભ છે. ૨.

આપણા શ્રીમહાચાર્યજીના ચરણકમળને સેવનારાઓ તો એથીએ દુર્લભ છે. જેઓ તેવા હોય છે તેઓ તો દંભ વગરના ને કૃષ્ણની સેવાકથાનું ચિંતન કરવામાં તત્પર હોય છે. ૩.

પરંતુ, હું તો સર્વરીતે હમેશાં સત્સંગથી વર્જિત છું. અને આનંદ ન હોવાથી નિત્ય મન ક્લેશમાં રહે છે. ૪.

હું આંસુ ઢાળવાનો ઉપાય પણ પૃથ્વીના પટ પર જોતો નથી. મારા હૃદયમાં જે દુઃખ છે તે કોણ દૂર કરશે? ૫.

વ્રજવાસ, શ્રીયમુનાજીના, દર્શન, શ્રીગિરિરાજનું સ્વરૂપાં દ્દષ્ટિને શ્રીગોવર્ધનધરનું દર્શન—આ સર્વ દૂર થયું છે ૬.

વિષયાંક્રાન્તિને લૈઈને ભગવદ્—ભાવનાના મનોરથો પણ જતા રહ્યા છે. મારી સ્થિતિ દેશાંતરમાં થવાથી સત્પુરુષોનો સંગ પણ નથી. ૭.

તેના (સત્સમાગમના) અભાવથી ભગવત્કથા દૂર થઈ છે. આથી હૃદય વિમુખ થયું છે. જોકે આવો થઈ ગયો છું છતાં નિરંતર શ્રીકૃષ્ણ મારો આશ્રય છે. ૮.

કોણ જાણે કૃપાનિધિ શ્રીકૃષ્ણ શું કરશે? જોકે હું તેમાં કશું જાણતો નથી, છતાં મનથી મનથી શ્રીઆચાર્યચરણના શરણની ભાવના કરૂં છું ૯.

વિશેષ વૃત્તાંત પ્રેમજીના પત્રથી જાણશો આમ કેવળ બોધથી મારૂં મન કંઇક સ્વસ્થ રહે છે. ૧૦.

विंशतितमं शिक्षापत्रम् ।

समाचाराऽवगत्यैव संतोषो जनितो महान् ॥
सदोषेपि हरिर्जीवेऽनुग्रहं कुरुते स्वतः ॥ १ ॥

प्रमेयबलमासाद्य किमसाध्यं तदा भवेत् ।
अतः प्रथमदोषाणां चिंता नैव विधीयताम् ॥ २ ॥

संजातभगवद्भावमपथ्यमिव सद्गुणम् ।
लोकनिंदाभवं दुःखं न धर्तव्यं हि मानसे ॥ ३ ॥

अग्रे तु सावधानत्वं विधेयं सर्वथा पुनः ॥
दुःसंगादिमहादोषा नाशयन्त्येव तत्क्षणात् ॥ ४ ॥

असज्जनकृतानिंदा तुष्ट्यै सत्त्वविनिश्चयात् ॥
यतस्तेषां न रोचंते संत एव हि सर्वथा ॥ ५ ॥

मार्गविश्वासरहिताः सर्वदोषैकदृश्यः ॥
यतो नामैव हि हरिः सर्वदोषनिवर्तकम ॥ ६ ॥

तदपि श्रीमदाचार्यवदनांबुजनिःसृतम ॥
तत्प्रकाशितमार्गस्य सर्वसंपादनक्षमम् ॥ ७ ॥

ततोऽपि ब्रह्मसंबंधः सर्वदोषनिवर्तकः
निर्दोषाऽऽनंदसेवाऽपि दोषाऽभावप्रसाधिका ॥ ८ ॥

गुणगानं तु सर्वेषां दोषाणां विनिवारकम् ॥
गुणगाने ज्ञानमार्गादुत्कर्षः प्रभुणोदितः ॥ ९ ॥

ज्ञानं सकलदोषाणां दाहकं परिकीर्तितम् ।
तथापि न प्रभोः प्रादुर्भावे यत्प्रतिबंधकम् ॥ १० ॥

तन्निवर्तयितुमशक्तमतो न्यूनं निरूपितम् ॥
ततः स्वाचार्यसांनिध्यं क्षणाद्भावप्रदायकम् ॥ ११ ॥

तद्दिदृक्षाऽऽर्तितापानां क्रमादेवेह संभवात् ॥
तत उत्तरभावस्य भावनं वह्निरूपतः ॥ १२ ॥

क्षणेन दोषसंघस्य नाशकं सर्वथा मतम् ॥
एवं भूते स्थिते मार्गे नूनं येषामभाग्यतः ॥१३ ॥

अविश्वासस्ततस्तेषां न गतिः कापि विद्यते ॥
अतः स्वयं श्रुतं यद्वा भाग्याद् हृदि समागतम् ॥ १४ ॥

तदेव हि दृढं स्थाप्यं सर्वथा जीवनाऽवधि ।
नाल्पज्ञवचनाच्चाल्या बुद्धिरापातसुंदरात् ॥ १५ ॥

सत्त्वनिश्चयतः संगः साधको नहि संशयात् ।
यत्र वै विपरीतैव कृतिस्तत्र भ्रमः कथम् ॥ १६ ॥

तत्र भ्रांताः परं मूढास्तत्संगः खलु बाधकः ॥
अतः सत्संगसहितस्तिष्ठेत्सर्वत्र सर्वदा ॥ १७ ॥

सेवां कुर्वन्सदाचारो धर्ममार्गस्थितोऽपि च ।
अविरुद्धवचो वक्ता ह्यविरुद्धकृतिप्रियः ॥ १८ ॥

स्वाचार्यमात्रवाक्यैकनिष्ठः सततभावुकः ।
तदीयजनसंसृष्टः सर्वसंगविवर्जितः ॥ १९ ॥

इति श्रीहरिदासविरचितं विंशतितमं शिक्षापत्रं संपूर्णम् ॥

શિક્ષાપત્ર ૨૦ મું.

સમાચાર જાણી ઘણો સંતોષ થયો. દોષવાળા જીવ ઉપર પણ પ્રભુ પોતે જ કૃપા કરે છે. ૧.

જો પ્રમેય બળ પ્રાપ્ત થાય તો શું અસાધ્ય હોય ? માટે પ્રથમના દોષોની ચિન્તા કરવી નહિ. ૨.

જો ભગવદ્ભાવ કડવી દવાની પેઠે પણ પ્રાપ્ત થાય તો તે એક સદ્‌ગુણ જ છે. એથી લૌકિક નિંદાનું દુઃખ થાય છતાં મનમાં કશું લાવવું નહિ. ૩.

પરંતુ, આપણે સર્વથા આગળ ઉપર સાવધાન રહેવું. દુઃસંગાદિ મહાદોષ છે. તે ભગવદ્ભાવનો ક્ષણમાં નાશ કરે છે. ૪.

જો અસજ્જનો નિંદા કરે તો તેનાથી ધૈર્યની વૃદ્ધિ થાય છે માટે તેનાથી સંતોષ પામવું. અસત્પુરૂષોને સત્પુરૂષો સર્વથા ગમતા નથી. ૫.

એવા પુરૂષોને માર્ગમાં વિશ્વાસ હોતો નથી. તેમને સર્વમાં દોષદૃષ્ટિ હોય છે. ખરૂં જોતાં તો એક હરિનું નામ જ એવું છે, જે સર્વ દોષની નિવૃત્તિ કરે. ૬.

તેમાં પણ શ્રીઆચાર્યચરણના મુખકમળમાંથી જે અષ્ટાક્ષરમંત્ર પ્રકટ નીકળ્યો છે ને જે માર્ગને (તેના ખરા સ્વરૂપમાં) પ્રકાશિત કરી રહ્યો છે, તે જ સિદ્ધિને સંપાદન કરાવનારો છે. ૭.

તેનાથી પણ બ્રહ્મસંબંધ સર્વદોષ નિવર્તક છે. ભગવાન નિર્દોષ છે. જે નિર્દોષ હોય તે જ આનંદરૂપ હોઈ શકે. તેથી આનંદ–સ્વરૂપ ભગવાનની સેવા કરવાથી જીવને તે જ દોષ રહિત બનાવે છે. ૮.

વળી પ્રભુનાં ગુણગાન સર્વ દોષોને નિવારે છે. જ્ઞાનમાર્ગથી ગુણગાન શ્રેષ્ઠ છે એવું શ્રીઆચાર્યચરણે પ્રતિપાદન કરેલું છે. ૯.

શાસ્ત્રમાં બતાવ્યું છે કે જ્ઞાન સકલ દોષને બાળી ભસ્મીભૂત કરે છે છતાં તે પ્રભુના પ્રાદુર્ભાવમાં જે પ્રતિબંધક હોય તેનો નાશ કરી શકાતું નથી. જ્ઞાન તેનો નાશ કરવામાં અસમર્થ હોવાથી તેને ન્યૂન ગણવામાં આવ્યું છે. આથી આપણા આચાર્યશ્રીનું સાનિધ્ય જ ક્ષણમાં ભાવનું દાન કરે છે. ૧૦, ૧૧.

શ્રીકૃષ્ણની દર્શનેચ્છા, આર્તિ ને તાપ, આ ક્રમ પુષ્ટિમાર્ગમાં પ્રકટ થાય છે. આ પછી વિપ્રયોગાગ્નિથી વિરહાત્મક ભાવના સિદ્ધ થાય છે. (વ્રજભક્તનો ભાવ અગ્નિરૂપ છે.

તે સિદ્ધ થાય તો શ્રીઆચાર્યજી હૃદયમાં પધાર્યા છે એમ જાણવું) ૧૨.

જો ઉપર પ્રમાણે વિયોગાગ્નિના ભાવનો ઉદય થાય તો એક ક્ષણમાં દોષનો સમૂહ નાશ પામે, એવો આ પુષ્ટિમાર્ગ છે. ખરેખર, આવા માર્ગમાં જેનું અભાગ્ય હોય તેને જ અવિશ્વાસ આવે, આવા અવિશ્વાસુની કોઇ પણ ગતિ નથી. તેથી આપણે આવા ભાવ વિષે સાંભળ્યું હોય કે તેવો ભાવ આપોઆપ હૃદયમાં સુભાગ્યે ઉદય પામ્યો હોય, તો તેને જીવન પર્યંત હૃદયમાં દઢપણે સ્થાપન કરી રાખવો. ભલે કોઇ અલ્પજ્ઞનાં વચનો ઉપર ઉપરથી સુંદર જણાતાં હોય, છતાં તેવાં વચનોથી બુદ્ધિને ચલાયમાન થવા દેવી નહિ. ૧૩, ૧૪, ૧૫.

સત્ત્વનિષ્ઠાવાળાનો સંગ સર્વ સિદ્ધ કરનારો છે–તેમાં શંકા લાવવી નહિ. જ્યાં કૃતિ માર્ગથી વિપરીત હોય ત્યાં વૈષ્ણવતાનો આભાસ પણ ક્યાંથી હોય? ૧૬.

તેથી જેઓ પુષ્ટિમાર્ગમાં ભ્રાન્ત છે તેઓ ખરેખર મૂઢ છે. માટે સર્વ જીવોએ સત્સંગ સાથે જ હમેશાં રહેવું–૧૭.

જેઓ સેવા કરતા હોય, સદાચાર પાળતા હોય, ધર્મમાર્ગમાં સ્થિત હોય, અને અવિરુદ્ધ વચનને બોલનારા અને અવિરુદ્ધ કૃતિને કરનારા હોય તેનો સંગ કરવો.

જેઓ આપણા આચાર્યશ્રીનાં વચનોમાં એકનિષ્ઠાવાળા હોય ને નિરંતર ભગવદ્ભાવવાળા હોય, તેવા વૈષ્ણવોના સંગમાં રહેવું, બીજાનો સંગ છોડી દેવો. ૧૯.

एकविंशतितमं शिक्षापत्रम् ।

भक्तिमार्गस्तिरोभूतस्तथा संगः सतामपि ॥
ततो भावस्य शैथिल्यं तदभावेऽखिलं वृथा ॥ १ ॥

भक्तिमार्गीयताभावे क्रियामात्रं हि कर्मवत् ।
तत्रापि न मनः स्थैर्यं विक्षेपाद् व्यवहारतः ॥ २ ॥

व्यावहारोऽप्यसिद्धश्चेद्विशेषक्षोभको मतः ॥
तदभावे तु गार्हस्थ्यप्रकारैः सेवनं कुतः ॥ ३ ॥

व्यावृत्यभावपक्षस्तु बुद्ध्यदार्ढ्यात्सुदुर्लभः ।
बुद्धिदार्ढ्यं तु सततं निवेदनविचिन्तनैः ॥ ४ ॥

तत्रापि सहभावस्तु सतामेव निरूपितः ।
ते दुर्लभा दुरगाश्च ततो बुद्धिर्न तादृशी ॥ ५ ।

स्थितापि शीर्यते नित्यं पोषकाभावतो मम ।
खिन्नं च जायते चित्तं वार्ताश्रवणतोऽन्यथा ॥ ६ ॥

श्रुतोत्तमप्रकाराश्च भगवन्मानसा अपि ।
अस्मदीया लौकिकेषु प्रतिष्ठामात्र साधकाः ॥ ७ ॥

चित्तव्ययं प्रकुर्वंति वृथा देहं च तद्गतम् ।
भगवन्मार्गनिष्ठा तु लोकनिष्ठाविरोधिनी ॥ ८ ॥

संसारवैरी कृष्णोऽपि मूढानेतानुपेक्षते ।
कालः सतामपि हरत्यसौ संप्रति सन्मतिम् ॥ ९ ॥

कालदोषनिराकर्ता न संगोऽस्ति सतामपि ।
अतः स्थेयं सावधानैः समस्तैर्मार्गवर्तिभिः ॥ १० ॥

इति श्रीहरिदासविरचितं एकविंशतितमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૨૧ મું

ભક્તિમાર્ગ તિરોભૂત થઇ ગયો છે. સંત પુરુષોનો સંગ પણ તિરોભૂત થઇ ગયો છે. એથી ભાવની શિથિલતા થઇ છે. જો ભાવનો અભાવ થાય તો પછી સઘળું વૃથા છે. ૧.

જો ભક્તિમાર્ગીયપણાનો અભાવ હોય તો સેવાની ક્રિયા માત્ર કર્મકાંડ જેવી છે. એવી ક્રિયામાં પણ વ્યવહારને લીધે વિક્ષેપ થવાથી મનની સ્થિરતા જળવાતી નથી. ૨.

આમ વ્યવહાર પણ સિદ્ધ થતો નથી તેથી વિશેષ ક્ષોભ થાય છે. અને જો વ્યવહારનો અભાવ હોય તો ગૃહસ્થાશ્રમના પ્રકારથી સેવા શી રીતે બને? ૩.

વ્યાવૃત્તિ ન કરવી એ પક્ષમાં બુદ્ધિની દઢતા રહેતી નથી તેથી તે અતિદુર્લભ છે. બુદ્ધિની દઢતા નિરંતર નિવેદનનું ચિંતન કરવામાં આવે તો થાય. ૪.

તેમાં પણ સત્પુરુષોના સહભાવનું નિરૂપણ કરેલું છે. પરંતુ આવા ભગવદીયો દુર્લભ ને દૂર રહેતા હોવાથી એવી ઉત્તમ બુદ્ધિ નથી હોતી. ૫.

જોકે મારી બુદ્ધિ સ્થિર છે તો પણ પોષણના અભાવથી તે શિથિલ થઇ જાય છે. અને અન્ય વાર્તા સાંભળીને ચિત્ત ખિન્ન થઇ જાય છે. ૬.

અરે, આપણામાં પણ જેઓ ઉત્તમ પ્રકારે શ્રવણ કરનારાઓ હોય છે, ને ભગવાનમાં મનવાળા હોય છે, તેઓ પણ લૌકિકમાં પ્રતિષ્ઠા માત્રને સાધનારા હોય છે. ૭.

એવાઓ ચિત્તને અન્ય જગાએ લઇ જાય છે અને તેને તેમાં નકામું ચોંટાડી રાખે છે કારણ કે તેમની ભગવન્માર્ગની નિષ્ઠા લૌકિક નિષ્ઠાવાળી હોવાથી વિરોધી હોય છે. ૮.

શ્રીકૃષ્ણ જે સંસારના વૈરી છે તે એવા મૂઢોની ઉપેક્ષા કરે છે. અરે આ કાળ એવો છે કે સત્પુરુષોની સન્મતિને પણ હરી લે. ૯.

હા, સત્પુરુષોનો સંગ કાળદોષનું નિરાકરણ કરે પણ તેવો સંગ મળતો નથી તેથી સર્વ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ સાવધાન રહેવું ૧૦.

द्वाविंशतितमं शिक्षापत्रम् ।

भावोऽत्र साधनं मार्गे प्रमेयं भगवान् हि सः ।
प्रमाणं कृष्णसेवादौ (सेवादिः) स एव च फलं पुनः ॥१॥
तस्मात्स एव संरक्ष्यो निधिरूपस्तु सर्वथा ।
यत्तद्विरुद्धं तत्सर्वं ज्ञात्वा ज्ञात्वा निवर्तयेत् ॥ २ ॥
हरिकृष्णे यथापूर्वं स्नेहः स्थाप्यो विशेषतः ।
गोष्ठी च तादृशैः (तादृशी) कार्या ध्रुवमस्मत्प्रयत्नतः ॥ ३ ॥
एतस्यांतःस्थितिः प्रायः समीचीनावलोक्यते ।
नान्यच्च लौकिकं चित्ते विचार्यमिह सर्वथा ॥ ४ ॥
विशेषस्तु समग्रोऽपि भांडागारिकपत्रतः ।
विज्ञेयः सर्वथा शीघ्रं लिख्यतां तदुत्तरम् ॥ ५ ॥

इति श्रीहरिदासविरचितं द्वाविंशतितमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૨૨ મું.

આ માર્ગમાં ભાવ એ સાધન છે ને પ્રમેય ભગવાન છે. શ્રીકૃષ્ણની સેવા જે પ્રથમ પ્રમાણરૂપ હોય છે તે જ પછી ફળરૂપ બને છે. ૧.

એટલા માટે ભાવ જે નિધિરૂપ છે તેનું સર્વથા રક્ષણ કરવું. જે જે કાંઈ તેની વિરુદ્ધ હોય તે સર્વને ઓળખી ઓળખી તેને દૂર કરવું ૨.

વૈષ્ણવ હરિકૃષ્ણ ઉપર પૂર્વની પેઠે વિશેષ સ્નેહ રાખજો. તેવા તાદૃશીની સાથે આપણે પ્રયત્ન પૂર્વક ગોષ્ઠી કરવી જોઈએ. ૩.

તેમની આન્તરિક સ્થિતિ કેવા પ્રકારની છે તે બહુધા સ્પષ્ટ જોઈ શકાય છે. તેમની પ્રત્યે આપણા ચિત્તમાં બીજો કોઈ લૌકિક ભાવ કોઈ પણ રીતે વિચારવો નહિ. ૪.

વિશેષ ભંડારીના પત્રથી જાણશો. તેનો પ્રત્યુત્તર તરત જ લખશો ૫.

त्रयोविंशतितमं शिक्षापत्रम् ।

भवंतः श्रुतिसिद्धांताः कथं मुह्यंति लौकिके ।
अलौकिके तु चिंता या विषयाऽभावतो न सा ॥ १ ॥

यतः सर्वसमर्थोऽस्मत्प्रभुः सर्वं करोति हि ।
पितेव (पतिवत्) निजदासानामैहिकंपारलौकिकम् ॥२॥

अत एवास्मदाचार्यवचनं वै विराजते ।
"भगवानपि पुष्टिस्थो न करिष्पति लौकिकीं च गतिम्" ॥३॥

मर्यादामार्गवैराग्याद्यभावेऽपि गतिं सताम् ॥
चिंतासंतानहंतारोऽप्याचार्यपदरेणवः ॥ ४ ॥

अतस्तदीयाः किं भ्रान्ताश्चितां विदधते जनाः ॥
ज्ञानिनोऽपि न वै दुःखं चित्ते दधति लौकिकम् ॥५॥

सेवारसादिरहिताश्चित्रं भक्ताः कथं तथा ॥
यैः स्वरूपस्य सेवायां दर्शनस्पर्शनादिकम् ॥ ६ ॥

अनुभूतं सदा तेषां चित्तं दुःखयुतं कथम् ॥
परमानंदसंबंधे दुःखं तिष्ठति नैव हि ॥ ७ ॥

पित्रादयस्तुसर्वेऽपि संबंधादुःखहेतवः (सर्वधाय स्यहेतवः ॥
बहिर्मुखजनस्येव बाहिर्मुख्यं ततस्त्यजेत् ॥ ८ ॥

बहिर्मुखस्य बाधंते दोषा दैहिकमानसाः ॥
क्षीणधातोरिवार्त्तस्य रोगा वातिकपैत्तिकाः ॥ ९ ॥

तन्निवृत्तिस्तु संपाद्या सतां संगेन सेवया ।
श्रीभागवतपाठेन तदर्थं श्रवणादपि ॥ १० ॥

निवेदनस्मरणतः सद्भिः सह कथादिभिः ।
सदा नामग्रहणतः सदा शरणभावनात् ॥ ११ ॥

अष्टाक्षरमहामंत्रकीर्तनेन विशेषतः–
पंचाक्षरेण मंत्रेण तदीयत्वविभावनात् ॥ १२ ॥

वैराग्यपरितोषाभ्यां कृष्णसंन्निहितस्थितेः ।
लौकिकक्लेशजौदास्यात्पुत्राद्यननुरागतः ॥ १३ ॥

गृहवित्ताद्यनासक्त्या तदीयेष्वतिरागतः ।
नवरत्नस्य पाठेन सर्वचिंता निवर्तते ॥ १४ ॥

एवं निवृत्तवैमुख्यं जनं दुःखं न बाधते ।
अतस्तन्मात्रयत्नैस्तु भवितव्यं भवादृशैः ॥ १५ ॥

दुःखेन न वृथा नेयः कालः परमदुर्लभः ।
कृष्णसेवानुकूलस्तु निजाचार्याश्रयाश्रितैः ॥ १६ ॥

इतं हेया वृथा चिंता प्राप्ताऽपि निजदोषतः ।
चितोद्वेगं विधायापीत्येतद्वचनचिंतनात् ॥ १७ ॥

इति श्रीहरिदास विरचितं त्रियोविंशतितमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૨૩ મું.

શ્રુતિસિદ્ધાંત તો તમે જાણો છો તો પછી લૌકિકમાં મોહ કેમ પામો છો? (લૌકિક વિષય હૃદયમાંથી જતો નથી ત્યાં લગી અલૌકિકભાવ હૃદયમાં રહી શકતો નથી) અલૌકિકમાં જે ચિન્તા થાય છે તે તો વિષયના અભાવથી થતી નથી. (૧)

આપણા પ્રભુ સર્વ સમર્થ છે. તે સર્વ કરે છે. પિતા કે પતિની પેઠે તે આપણાં બેઉ લૌકિક ને અલૌકિક સિદ્ધ કરે છે. (૨)

આથી જ આપણા આચાર્યશ્રીનું (નવરત્નમાં) વચનામૃત બિરાજમાન છે કે, "ભગવાન પુષ્ટિમાં સ્થિતિ કરી રહેલા છે તેથી તે લૌકિક ગતિ કરશે નહિ." (૩)

મર્યાદામાર્ગીય વૈષ્ણવોમાં જે વૈરાગ્યાદિ ગુણો હોય તેવા ગુણો પુષ્ટિમાર્ગીય વૈષ્ણવમાં ન હોય તો પણ તેને સત્પુરૂષની ગતિ થઇ શકે. શ્રીઆચાર્યચરણની રજ એવી છે કે તે ચિન્તાના વિસ્તારને મટાડે છે. (૪)

તો શ્રીમહાપ્રભુજીને શરણે આવેલા ભગવદીય જનોએ શા માટે ભ્રમમાં પડવું? તેમણે શા માટે ચિન્તા કરવી?

(સેવાસુખના અનુભવ વગરના) જ્ઞાનીઓ પણ લૌકિક દુઃખને મનમાં લાવતા નથી. તો સેવાસુખના અનુભવવાળા ભક્તો લૌકિક દુઃખ ચિત્તમાં ધરે એ કેવું? કારણ કે તેઓ તો સેવામાં દર્શન, ચરણસ્પર્શાદિકનો અનુભવ કરે છે. તો પછી તેમનું ચિત્ત શા માટે ખેદયુક્ત થાય? પરમાનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણના સંબંધમાં દુઃખ રહેતું જ નથી. (૫,૬,૭)

પિતા, સ્ત્રી, પુત્રાદિક સર્વે સંબંધીજનોનો સંબંધ દુઃખના કારણરૂપ હોય છે. બહિર્મુખજનોના બહિર્મુખપણાને લીધે એવું બનવા પામે માટે તેવા બહિર્મુખપણાનો ત્યાગ કરવો. (૮)

જેમ કોઇ ધાતુક્ષયવાળો દર્દી હોય તો તેને વાયુ ને પિત્તનો રોગ પીડા કરે છે, તેમ બહિર્મુખને દેહ ને મન સંબંધી દોષો બાધા કરે છે. (૯)

તેથી સત્પુરૂષોનો સંગ, સેવા, શ્રીભાગવતનો પાઠ, તથા કથાશ્રવણથી બહિર્મુખપણાની નિવૃત્તિ કરવી. (૧૦)

વળી નિવેદનમંત્રનું સ્મરણ કરવું, સત્પુરૂષો સાથે કથા કરવી, સદા શરણભાવના દૃઢ કરવી. (૧૧)

અષ્ટાક્ષર મંત્રનું કીર્તન કરવું તેમ જ ખાસ કરીને પંચાક્ષર મંત્રથી તદીયતાની વિશેષ ભાવના કરવી. (૧૨)

વૈરાગ્ય ને સંતોષની પ્રાપ્તિ થાય એ માટે શ્રીકૃષ્ણની

સન્નિધિમાં રહેવું અને લૌકિક ક્લેશથી ઉત્પન્ન થયેલી ઉદાસીનતાથી પુત્રાદિક વગેરેમાં અપ્રીતિ રાખવી. (૧૩)

ગૃહધનાદિકમાં આસક્તિ રાખવી નહિ, અને જેઓ ભગવદીયો હોય તેમનાપર સ્નેહ રાખવો. '**નવરત્ન**'નો પાઠ કરવો. આવા ઉપાયો વડે સર્વ પ્રકારની ચિન્તા નિવૃત્ત કરવી. (૧૪)

આવી રીતે જેની બહિર્મુખતા ગઈ છે તેવા વૈષ્ણવને દુઃખ બાધા કરી શકતું નથી. તમે પણ તેને વાસ્તે યત્ન કરો છો તો તમારા જેવાએ તેવી સ્થિતિમાં રહેવું. (૧૫)

ખરૂં જોતાં, જેઓએ આપણા આચાર્યશ્રીનો આશ્રય કર્યો છે અને કૃષ્ણસેવાને જેઓ અનુકૂલ છે, તેમને માટે તો વર્તમાન સમય પરમ દુર્લભ છે તેને વૃથા ગુમાવવો નહિ. (૧૬)

આમ છતાં ચિન્તા ઉપસ્થિત થઇ હોય તો આપણા પોતાના દોષથી થઇ છે, અને તેથી તે વૃથા છે એમ ધારી તેનો તરત જ ત્યાગ કરવો. શ્રીમહાપ્રભુજીનું નવરત્નમાં વચનામૃત છે કે "ચિત્તને ઉદ્વેગ થયો હોય ત્યારે પણ પ્રભુ જે કરે છે તે તેની લીલામાત્ર છે." તે ઉક્ત વચનામૃતનું ચિંતન કરી જલદીથી ચિન્તાનો ત્યાગ કરવો. (૧૭)

चतुर्विंशतितमं शिक्षापत्रम् ।

भक्तिमार्गे कृपामात्रं कारणं परमुच्यते ।
तेनैव मार्गे सकलं सिद्धिमेति न संशयः ॥ १ ॥

सा तु स्वाचार्यशरणागतौ लेज्ञापितः प्रभुः ।
यदैव कुरुते कृष्णस्तदा भवति सर्वथा ॥ २ ॥

अतस्तदाश्रयो जीवैर्दृढ एव विधीयताम् ।
यथावतारलीलयां तासां श्रीयमुना मता ॥ ३ ॥

यथा वा हरिदासो हि पुलिंदीनां गिरिर्मतः ।
यथा वाग्निकुमाराणां व्रते कात्यायनी मता ॥ ४ ॥

प्रादुर्भूतः स्वयं कृष्णो यथा स्वप्रापणे मतः ।
यथा वा दैन्यभावात्मा प्रादुर्भावे स्वयं मतः ॥ ५ ॥

तथा परोक्षे जीवानां पुष्टिसंबंधसिद्धये ।
श्रीमदाचार्यसंबंधो नान्यदस्ति हि साधने ॥ ६ ॥

अत एवोक्तमाचार्यैः स्तोत्रे कृष्णाश्रयाभिधे ।
शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम् ॥ ७ ॥

विश्वासार्थं वरमदादिति श्रीवल्लभोऽब्रवीत् ।
अतो नान्यप्रकारेण फलं स्वहृदि चिंत्यताम् ॥ ८ ॥

विश्वासेन यथाप्नोति चातकः स्वातिजं जलम् ।
तथा चेत्कृष्णजलदः स्वानन्दं वर्षयिष्यति ॥ ९ ॥

एवं विश्वाससद्भावे सर्वमेव भविष्यति ।
यतः परिबृढोऽस्माकं सर्वं कर्तुं क्षमो मतः ॥ १० ॥

स हि स्वतः समर्थत्वान्न साधनमपेक्षते ।
कालकार्यं विलोक्यात्र तदीयानां विशेषतः ॥ ११ ॥
निःसाधनत्वसंस्फूर्त्या दृढः स्यात्तत्पदाश्रयः ॥
असुराणामविश्वासस्तथा तत्संगिनामपि ॥
मतिमोहो महादोषनिधानं संभविष्यति ॥ १२ ॥

यथा पूर्वकथां श्रुत्वा भगवत्पादसेविनाम् ॥
स्वस्मिन्दैन्यसमुत्पत्तिस्तथा साधननाशनम् ॥ १३ ॥

तदीयानां सर्वमस्ति सदा तद्भावभाविनाम् ।
इतरेषां कालिकानां कालेन निखिलं जगत् ॥ १४ ॥

यतः कालस्तद्विभूतिः "कालः कलयतामहम्" ॥
मुख्याधिकार्यपि हरेरिच्छाशक्तिस्वरूपवान् ॥ १५ ॥
तदंतरंगदासेषु न तत्सामर्थ्यमिष्यते ॥ १६ ॥

स हि सर्पो यथान्येषां मारकोऽपि न हि क्षमः ॥
पीतामृतं जनं जातु स्प्रष्टुमाघ्रातुमेव च ॥ १७ ॥

तथा कालोऽपि मनुजं महापुरुषसंस्थितम् ॥
भक्तिपीयूषपातारं न किंचित्कर्तुमीश्वरः ॥ १८ ॥

तदीयैः सर्वकार्येषु न कालश्चिंत्यतां हृदि ॥
"तथैव तस्य लीलेति" वचनात्सएव चिंत्यताम् ॥१९॥

सर्गादिलीलाकर्तृत्वात् किं चित्रं तादृशि प्रभौ ॥
विवेकोऽप्ययमेवात्र स हितं वै विधास्यति ॥ २० ॥

स्वकीयानां निजेच्छातस्तत्तश्चिंताऽत्र का भवेत् ॥ २१ ॥

भवंतः श्रुतसद्वार्ताः सत्संगकृतयोऽपि हि ॥
प्रभुपादैकगतयस्तेषां का परिदेवना ॥ २२ ॥

धर्मसंस्थापनार्थाय यस्य प्राकट्यमुच्यते ॥
स हि धर्मव्यतिकरं स्वकृतं सहते कथम् ॥ २३ ॥

ब्रह्मण्यो धेनुविप्रेशो वेदधर्मैकपालकः ॥
स कथं सहते कृष्णस्तद्विरोधं जनैः कृतम् ॥ २४ ॥

परमानंदसंदोहो दयालुः सुतरामपि ॥
स कथं सहते कृष्णो दयाऽभावं जनेष्वपि ॥
अतोऽत्र यदिदं जातं तत्स्वदोषेण सर्वथा ॥ २५ ॥

निर्दोषपूर्णगुणत हरौ नित्यं विराजते ॥
कदाचित्स्वप्रमोदोषो नाऽऽनेयः सर्वथा हृदि ॥ २६ ॥

के वा वयं वराका यदुद्धवाद्या अपि प्रभोः ॥
श्रुतवंतो विसदृशीं लीलां पश्चात्स्थिता अपि ॥ २७ ॥

कुंतीवदीदृशं भाग्यं कस्य भाग्यवतो भवेत् ॥
सद्यः प्राणविमोकोऽत्र श्रीकृष्णविरहेण हि ॥ २८ ॥

अस्माकं तु प्रभुर्नित्यमक्षताऽव्याहतोऽधुना ।
विराजते ततो दुःखं न विधेयं मनस्यपि ॥ २९ ॥

भवद्भिर्मिलितैः सर्वैरियं शिक्षा विचार्यताम् ।
ततः संदेहजातं यद्बुद्धिस्थं तद्व्यपोह्यताम् ॥ ३० ॥

अस्माकं साधनं साध्यं श्रीकृष्णः शरणं मम ॥
संपत्स्वापत्स्वपि सदा स्वाचार्यचरणांदितम् ॥ ३१ ॥

इति श्रीहरिदासविरचितं चतुर्विंशतितमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૨૪ મું

ભક્તિમાર્ગમાં ભગવત્કૃપાને જ ઉત્તમ કારણ તરીકે લેખવામાં આવે છે. તેના વડે જ માર્ગમાં સર્વ પ્રકારની સિદ્ધિ થાય છે, એમાં સંશય નથી. ૧.

જેઓ આપણા આચાર્યશ્રીને શરણે આવ્યા છે તેમને એવી કૃપા થાય છે. કારણકે શરણે આવ્યાથી તેમને પ્રભુના સ્વરૂપનું જ્ઞાન થાય છે અને તેવી કૃપા તો પ્રભુ કૃષ્ણ જ્યારે કરે ત્યારે જ થાય. ૨.

જેમ ભગવાનની અવતારલીલાના સમયમાં ગોપ-કુમારિકાઓએ શ્રીયમુનાજીનો આશ્રય કર્યો તેમ એવી કૃપા મેળવવા ઇચ્છનાર જીવે આચાર્યશ્રીનો દૃઢ આશ્રય કરવો. ૩.

અથવા તો જેમ પુલિંદીઓએ હરિદાસ એવા ગિરિ-રાજનો આશ્રય કર્યો હતો, અથવા તો જેમ અગ્નિકુમા-રીઓએ વ્રતની બાબતમાં કાત્યાયનીજીનો આશ્રય કર્યો હતો, અને તેથી જેમ ભક્તજનોને પોતાની પ્રાપ્તિ થાય એ માટે શ્રીકૃષ્ણ આપ પોતે પ્રકટ થયા, અથવા તો જેમ રાસલીલા સમયે પોતે દૈન્યભાવાત્મક રૂપે પ્રાદુર્ભાવ પામ્યા,—તેવી

રીતે અનવતારદશામાં જીવોને ભગવત્કૃપાની (પુષ્ટિ સંબંધની) સિદ્ધિ થાય એ અર્થે શ્રીમદાચાર્યજીનો સંબંધ એ જ એક સાધન છે, બીજું સાધન નથી. ૪,૫, ૬.

એથી જ શ્રીઆચાર્યચરણે કૃષ્ણાશ્રયમાં કહ્યું છે કે "હું શરણમાં સ્થિતિ કરી રહેલા જીવોનો ઉદ્ધાર કરનાર એવા શ્રીકૃષ્ણને વિનતિ કરું છું." ૭.

માર્ગસ્થ સેવકોને વિશ્વાસ આવે તે અર્થે આપશ્રીએ તે ગ્રંથની ફલ શ્રુતિમાં એવું વરદાન આપ્યું છે, કે "(જેઓ શ્રીકૃષ્ણની પાસે શ્રીકૃષ્ણાશ્રયનો પાઠ કરશે તેમને શ્રીકૃષ્ણનો આશ્રય સિદ્ધ થશે.)" માટે ફલ અન્ય પ્રકારે થશે એવો વિચાર મનમાં કરવો નહિ. ૮.

વિશ્વાસ કર્યાથી જેમ ચાતક પક્ષી સ્વાતિનું જલ પામે છે, તેમ ઘનશ્યામ શ્રીકૃષ્ણ પોતાના અનંદની વર્ષા વર્ષાવશે. ૯.

જો વિશ્વાસરૂપી સદ્ભાવ હશે તો તેવી જ રીતે સર્વકાંઈ સિદ્ધ થશે. આપણા સ્વામીમાં સર્વ કરવાનું સામર્થ્ય છે. ૧૦.

પોતે સર્વ સમર્થ હોવાથી તે કશા પણ સાધનની અપેક્ષા રાખતા નથી, માટે કાલકૃતિ જોઇ તદીય વૈષ્ણવોએ ખાસ કરીને નિઃસાધનપણાની સ્ફૂર્તિ ચિત્તમાં બરાબર

રાખવી, જેથી એઓશ્રીના ચરણારવિંદનો આશ્રય દૃઢ થાય, જેઓ અસુર સ્વભાવવાળા હોય છે તેમને જ પ્રભુમાં વિશ્વાસ હોતો નથી– તેમને તો એવી જ રીતે તેમના સંગીજનોમાં પણ વિશ્વાસ હોતો નથી. બુદ્ધિનો આવો મોહ મહાન દોષ રૂપ છે. ૧૧, ૧૨.

જ્યારે તેઓ ભગવદ્ભકતોના પૂર્વજોની કથાઓ સાંભળે છે ત્યારે તેમનામાં દૈન્યભાવ ઉત્પન્ન થાય છે અને સાધનનો નાશ થાય છે. ૧૩.

હમેશાં ભગવદ્ભાવથી ભાવિત થયેલા એવા તદીયો હોય તેમને સર્વ સિદ્ધ થાય છે. જેઓ આવા ભાવ વગરના હોય છે, તેમનાં સઘળાં સાધનો આ કરાળ કાળ ખાઈ જાય છે કારણ કે કાળ સર્વનો સંહાર કરનારો છે, તે આખા જગતને ખાઈ જાય છે. ૧૪.

કાળ ભગવાનની વિભૂતિ છે. ગીતાજીમાં ભગાવાને કહ્યું છે કે "સંખ્યા કરનારાઓનો જે કાળ છે તે હું છું" ૧૫.

આ કાળ જ ભગવાનનો મુખ્ય અધિકારી છે, ભગવાનની ઇચ્છા શકિતનું સ્વરૂપ છે. તો પણ જેઓ ભગવાનના અંતરંગ સેવકો છે તેમની ઉપર તેનું બળ ચાલતું નથી. ૧૬.

કાળ સર્પ જેવો છે. બીજા સર્વને તે મારે છે પણ જેઓ અમૃતનું પાન કરે છે તેને તે મારી કે સૂંઘી પણ શકતો નથી. ૧૭.

તેવી જ રીતે મહાપુરુષ એવા શ્રીમહાપ્રભુ, જેઓ ભક્તિરૂપી અમૃતને પાનાર છે, તેમનો જે જીવે આશ્રય કર્યો છે તેને કાલ કશું પણ કરવાને શક્તિમાન નથી. ૧૮.

જેઓ ભગવનાના છે તેમણે કોઇ પણ બાબતમાં હૃદયની અંદર કાળનુ ચિંતન કરવું નહિ. "જે જે કાંઇ ભગવાન કરશે તે પ્રમાણે જ તે પ્રભુની લીલારૂપે હશે." એવા તેઓશ્રીના **નવરત્નના** વચનામૃતનું ચિંતન કરવું. ૧૯.

જે પ્રભુ સર્ગાદિલીલા કરવાને શક્તિમાન છે તેવા પ્રભુમાં આશ્ચર્ય જેવું શું હોઈ શકે? (હરિ પોતાની ઇચ્છા અનુસાર સર્વ કંઈ કરશે, એવી સમજણ રાખવી એનું નામ જ વિવેક). આવા પ્રભુ ભક્તનું હિત જ કરશે એવું સમજવું એ જ અહીં વિવેક છે. જેઓ પ્રભુના છે તેમનું તે પોતાની ઇચ્છા અનુસાર કરશે. માટે અહીં શા સારૂ ચિંતા કરવાની હોય? ૨૦, ૨૧.

તમે તો ભગવદીયોની વાર્તા સાંભળી છે, તેમનો સત્સંગ પણ કર્યો છે, વળી પ્રભુના ચરણારવિંદમાં તમારી આસક્તિ છે, તો પછી તમારે ચિંતા શેની કરવાની હોય? ૨૨.

ભગવાન પોતાનું પ્રાકટય ધર્મની સ્થાપના કરવાને અર્થ કરે છે. તે શું પોતાના કાર્યથી ધર્મનો નાશ થાય એવું કરે ખરા? ૨૩.

ભગવન બ્રાહ્મણો અને ધેનુના ઇશ છે, અને વેદ ધર્મનું મુખ્ય પાલન કરનારા છે. જેઓ ગાય, બ્રાહ્મણ ને વેદ-ધર્મનો વિરોધ કરતા હોય તેમના કાર્યને શ્રીકૃષ્ણ કેમ સહન કરી શકે? ૨૪.

જોકે પ્રભુ પરમાનંદના સમૂહ છે, છતાં વધારે તો દયાળુ છે. તે મનુષ્યોમાં દયાનો અભાવ થાય એ કેમ સહી શકે? અહીં જે કાંઇ બને છે તે જીવના પોતાના દોષથી જ બને છે એવું સર્વથા જાણવું. ૨૫.

હરિમાં નિર્દોષપણું સંપૂર્ણરૂપમાં બિરાજે છે. માટે કોઇ પણ વખતે હૃદયમાં પ્રભુનો દોષ કદિયે લાવવો નહિ. ૨૬.

જો ઉદ્ધવાદિ મહાન ભક્તો પ્રભુની આસુરવ્યામોહ લીલા સાંભળ્યા પછી પણ પૃથ્વી પર રહ્યા તો આપણે તુચ્છ જીવો કોણ માત્ર? ૨૭.

ઓહો! શ્રીકૃષ્ણના વિરહથી અહીં પ્રાણ તત્ક્ષણ નીકળી જાય એવું કુંતીજી જેવું કયા ભાગ્યશાળીનું ભાગ્ય હોય? ૨૮.

આપણા પ્રભુ તો સદા જ નિત્ય અખંડિત બિરાજમાન છે. માટે મનમાં પણ દુઃખ્ય લાવવું નહિ. ૨૯.

તમે સર્વ ભગવદીયો ભેગા મળી આ પત્ર વિચારશો. તેનાથી બુદ્ધિમાં ઉત્પન્ન થતા સંશયો દૂર થઈ જશે. ૩૦

અમારૂં તો સાધન સાધ્ય બન્ને श्री कृष्णः शरणं मम। છે. સંપત્તિ તેમ જ વિપત્તિ બન્નેમાં એ જ આપણું સાધન ને ફળ છે, એવું શ્રીઆચાર્ય-ચરણે કહ્યુ છે. ૩૧.

पंचविंशतितमं शिक्षापत्रम् ।

श्रीवल्लभपदांभोजभजनादरणादपि ॥
दयापरः कदाचित्तं न जहाति जनं हरिः ॥ १ ॥

कृपाकटाक्षसंपातपक्षपातपरो हरिः ॥
क्षमते तत्कृतं दोषलक्षमप्यक्षमं स्वतः ॥ २ ॥

यदीय हृदये श्रीमदाचार्यचरणद्वयम् ॥
त एव शरणं दोषशतावृत्तिमतो मम ॥ ३ ॥

यदंगुलिनखानंदचंद्रशैत्यं सदा हृदि ।
तापं हरति भक्तानां तदानंदं पदांबुजम् ॥ ४ ॥

अस्तु वस्तुशतं लोके वेदे च परिकीर्तितम् ॥
फलत्वेन निजाचार्यचरणाब्जद्वयं मम ॥ ५ ॥

न कर्मवेदविहितं फलं जनयति ध्रुवम् ॥
यतो बहिर्मुखं चितं जायतेऽन्यश्रुतेर्हरेः ॥ ६ ॥

ज्ञानं तु (मुक्ति) भक्तिहेतुत्वात्सा नैव फलरूपिणी ॥
यतो जीवस्य दासत्वहेतुभेदनिवर्तिका ॥ ७ ॥

मर्यादाभक्तिरप्येषा तावदेव फलात्मिका ॥
यावन्न जायते (ज्ञायते) पुष्टिभक्तिः सकलमूर्द्धगाः ॥ ८ ॥

पुष्टिभक्तिर्हरेरास्यं तत्त्वसमत्प्रभवः 'स्वयम्
त एव संश्रिताः संतः फलरूपा भवंति हि ॥ ९ ॥

तदुत्तरं न कर्तव्यमनुभूतेः परं किमु ।
यथा लोके फले प्राप्ते न भोगादधिका कृतिः ॥ १० ॥

तस्मात्फलं निजाचार्यपदांभोजद्वयं सदा ।
हृदि धार्यं नैव कार्यं संशयायितमानसम् ॥ ११ ॥

अत्र संशयमापन्नाः सर्वथा ह्यासुरामताः ॥
दैवा अपि पुरा तेऽपि हरिणा पातिताः करात् ॥१२॥

अहो महच्चित्रमिदमवतीर्णे हरौ भुवि ॥
विद्यमाने भागवते विवृतावपि सर्वथा ॥ १३ ॥

सत्यां भुवि सुबोधिन्यां सत्सु सत्सु क्वचित्क्वचित् ॥
ग्रंथेषु त्विद्यमानेषु सर्वार्थज्ञापकेष्वपि ॥ १४ ॥

तथापि न प्रवर्तंते जना भक्तिपथे पुनः ॥
प्रायः कृपैव हरिणा कारणत्वेन रक्षिता ॥ १५ ॥

मूर्छितेंद्रियवृत्तीनामुद्भवो नासुमंतरा ॥
तथा कृपा विना सर्वसाधनाना न चोद्भवः ॥ १६ ॥

इति श्रीहरिदासविरचितं पंचविंशतितमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૨૫ મું.

શ્રીવલ્લભપ્રભુના ચરણકમળના ભજનમાં આરૂઢ રહેવામાં આવે તો પણ હરિ જે દયાળુ છે તે; કોઈ દિવસ તેવા જીવને છોડતા નથી. ૧.

જેના પર શ્રીમહાપ્રભુજીનાં કૃપાકટાક્ષ ઢળ્યાં હોય તેનો શ્રીહરિ પક્ષપાત કરે છે. તેવા જીવે સહન ન થઈ શકે તેવા લાખો દોષો કર્યા હોય છતાં પણ તે સ્વતઃ સહન કરે છે. ૨.

જેના હૃદયમાં શ્રીમહાપ્રભુના બેઉ ચરણો બિરાજે છે એવો સેંકડો દોષોની પરંપરાથી ભરેલો હું છું. માત્ર હરિ જ મારૂં શરણ છે. ૩.

જે ભકતના હૃદયમાં તેઓશ્રીના આંગળાના નખરૂપી ચંદ્રનો શીતલ પ્રકાશ પ્રસરી રહ્યો હોય, તેવા ભકતના હૃદયનો તાપ તેઓશ્રી હરી લે છે એટલું જ નહિ, પણ તેને આનંદનું દાન કરે છે. ૪.

લોકમાં તેમ જ વેદમાં એવી સેંકડો વસ્તુઓ છે, કે જેનાં વખાણ કરવામાં આવ્યાં છે, પણ અમારે તો શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળ એ જ ફળરૂપ છે. ૫.

જે કર્મોને વેદમાં વિહિત કર્મો તરીકે કહેલાં છે, તે અવિનાશી ફળ ઉત્પન્ન કરી શકતાં નથી. માટે હરિથી અન્યનું હોય તેનું શ્રવણ કરવામાં આવે તો ચિત્ત બહિર્મુખ થાય છે. ૬.

જ્ઞાન મર્યાદાભકિતના હેતુરૂપ છે, તેથી તે ફલરૂપ કહી શકાય. પણ મર્યાદાભકિત ફલરૂપ નથી; કારણ કે જીવના દાસત્વમાં જે ભેદપણું રહેલું છે, તેવા ભેદપણાને તે મટાડનારી છે. ૭.

આવી મર્યાદાભકિતને પણ ફલરૂપ માનવામાં આવે તો પણ જ્યાં સુધી સફલ ભકિતની શિરોમણિ એવી પુષ્ટિભકિત ઉત્પન્ન ન થઈ હોય; ત્યાં સુધી જ તે ફલાત્મિકા છે. ૮.

પુષ્ટિભકિત હરિના આસ્યરૂપ છે, અને હરિનું મુખારવિંદ છે, તેજ આપણા આચાર્યશ્રી મહાપ્રભુજી છે; માટે જો સત્પુરુષો તેઓશ્રીનો આશ્રય કરે તો પુષ્ટિભકિત ફલરૂપ થાય. ૯.

આમાં તર્ક કરવો નહિ. અનુભવથી વધારે ઉચું બીજું શું હોઈ શકે? લોકમાં પણ ફલ પ્રાપ્ત થાય તો તે ભોગવવાથી વિશેષ અન્ય કાંઈ હોતું નથી. ૧૦.

આપણા આચાર્યનાં ચરણકમળ ફલરૂપ છે, માટે તેને સદા હૃદયમાં ધારણ કરી રાખવા. તે પરત્વે મનમાં કશોપણ સંશય લાવવો નહિ. ૧૧.

જો આમાં સંશય થાય તો તેને સર્વથા આસુરી જીવ જાણવો. ભલે તેવો જીવ દૈવીસૃષ્ટિમાં ઉત્પન્ન થયો હોય છતાં હરિ એજ તેને પોતાના શ્રીહસ્ત વડે (સંસારમાં) નીચે નાંખી દીધો છે, (એમ સમજવું). ૧૨.

ઓહો! એ કેટલું મહાન આશ્ચર્ય છે કે પ્રભુ પૃથ્વી ઉપર પ્રકટ થયા છે, શ્રીભાગવતજી વિદ્યમાન છે, વળી તેની ઉપર વિવરણ પણ છે. શ્રીસુબોધિની પણ પૃથ્વી ઉપર છે, કોક કોક ઠેકાણે સંતપુરુષો પણ હયાત છે, એટલુંજ નહિ પણ સઘળા અર્થને સમજાવે એવા અનેક ગ્રન્થો પણ અસ્તિત્વમાં છે. આ બધુંજ હોવા છતાં મનુષ્યો ભકિતમાર્ગમાં પ્રવૃત્ત થતા નથી. આમાં પ્રભુએ પોતાની કૃપાને જ કારણભૂત રાખી છે. ૧૫.

જો ઇન્દ્રિયોની વૃત્તિઓ મૂર્છિત થઇ ગઇ હોય તો પ્રાણસંસાર વિના તે કાર્ય કરી શકતી નથી, તેવીજ રીતે ભગવત્કૃપા વિના સર્વ સાધનોનો ઉદ્ભવ પણ થતો નથી. ૧૬.

षड्विंशतितमं शिक्षापत्रम् ।

स्वकीयानामैहिकं यदथवा पारलौकिकम् ॥
अकरोत्कुरुते कर्ता प्रभुरेव न संशयः ॥ १ ॥

तथापि कुरुते जीवः प्रयत्नं निजदोषतः ॥
अज्ञानात्करुणावार्द्धिः क्षमते तादृशं स्वतः ॥ २ ॥

अविरुद्धं प्रकुरुते विरुद्धं वारयत्यपि ॥
दासेषु कृष्णो बलेषु पितेव कुरुते हितम् ॥ ३ ॥

न जानाति निजाज्ञानात्तत्कृतिं स कृतघ्नतः ॥
क्व दोषराशिर्जीवोऽयं क्व हरेर्गुणवारिधिः ॥ ४ ॥

कथमन्यान्यसंबंधः स्यात्तमस्तेजसोरिव ।
तथापि दोषराशिनां दाहनेन निवेदनात् ॥ ५ ॥

स्वाचार्यद्वारकात्तस्याद्योग्यता हरियोजने ॥
अतः स्वाचार्यचरणौ स्थाप्यौ हृदि निरंतरम् ॥ ६ ॥

यथा बालकरक्षायै डाकिनीतो बिभेति हि ॥
माता तथैव भेत्तव्यं दुःसंगाद्भावरक्षकैः ॥ ७ ॥

समस्तेभ्यो निजस्नेहं गोपायति यथा सती ॥
तथैव भगवद्भावगोपनं क्रियतां जनैः ॥ ८ ॥

दूतिकालापसंसर्गे यथा वर्द्धयते रतिम् ॥
स्वैरिणी भक्तसंसर्गे भाववृद्धिं तथा नयेत् ॥ ९ ॥

असत्या सर्वदा चित्तं गृह उच्चाटितं यथा ॥
तथैव भावनादौ तु चेतः स्थाप्यं तदाश्रितैः ॥ १० ॥

इति श्रीहरिदासविरचितं षड्विंशतितमं शिक्षापत्रं संपूर्णम् ॥

શિક્ષાપત્ર ૨૬ મુ.

ભગવાનના ભકતોનું જે ઐહિક ને પારલૌકિક હોય છે તે પ્રભુએ જ કર્યું છે, કરે છે ને કરશે, એ નિઃસંશય છે. (૧)

આમ છતાં જીવ દુષ્ટબુદ્ધિવાળો હોવાથી પોતાની અજ્ઞાનતાને લીધે પુરુષપ્રયત્ન કર્યા કરે છે. કરુણાસાગર પ્રભુ તો એવા જીવ ઉપર પણ પોતાની ક્ષમા વર્ષાવે છે. (૨)

પોતાના દાસોના હિતવિરુદ્ધ હોય તેવું શ્રીકૃષ્ણ કશું જ કરતા નથી, ઉલટું જે કાંઈ તેની વિરુદ્ધ હોય તે દૂર કરે છે. પિતા જેમ બાલકનું હિત કરે, તેમ ભગવાન ભકતનું હિતજ કરે છે. (૩)

જીવ કૃતઘ્ન હોય તો પોતાના અજ્ઞાનપણાને લેઇને જ. તે પ્રભુની કૃતિ જાણતો નથી. કારણ દોષોથી ભરેલો જીવ ક્યાં અને ગુણસાગર હરિ ક્યાં? (૪)

અંધકાર ને પ્રકાશનો અન્યોન્ય સંબંધ શી રીતે થઈ શકે? તથાપિ જીવમાં દોષોનો ઢગલો હોય છતાં આત્મ-નિવેદન દ્વારા તે પણ બળીને ભસ્મીભૂત થઇ જાય છે. (૫)

હરિ સાથે સંબંધ જોડવાની યોગ્યતા તેને આપણા

આચાર્યશ્રી દ્વારા પ્રાપ્ત થઇ છે. માટે તેણે આપશ્રીનાં ચરણયુગલને પોતાના હૃદયમાં નિરંતર સ્થાપન કરવાં. (૬)

જેમ માતા બાલકના સંરક્ષણની ચિંતા કરતી હોવાથી ડાકિનીથી બ્હીએ, તેમ ભગવદ્ભાવની રક્ષા કરવાની ઇચ્છાવાળા ભકતે દુઃસંગથી બ્હીતા રહેવું. (૭)

જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ પ્રત્યેનો પ્રેમ બીજા બધાથી છૂપાવી રાખે છે, તેમ ભગવદીયોએ પોતાનો ભગ-વદ્ભાવ છૂપાવી રાખવો. (૮)

જેમ કોઇ સ્વૈરિણી સ્ત્રી પોતાની દ્યુતિ સાથે બોલ-વામાં તેમજ તેનો સંસર્ગ કરવામાં પ્રીતિ રાખે છે, તેમ તેવા ભગવદીયે ભકતના સંસર્ગમાં ભાવની વૃદ્ધિ અર્થે પ્રીતિ રાખવી. ૯.

જેઓ વ્યાભિચારીણી સ્ત્રીઓ છે તેઓ પોતાનું ચિત્ત ઘર બહાર ભટકતું રાખે છે, તેમ જેઓ ભગવાનને આશ્રિત છે તેઓએ પોતાના ચિત્તને ગૃહાદિકમાંથી ખેંચી ભગવદ્ભા-વમાં સ્થાપન કરવું. ૧૦.

सप्तविंशतितमं शिक्षापत्रम् ।

निजाचार्यपदांभोजयुगलश्रवणं सदा ॥
विधेयं तेन निखिलं फलं भावि विनाश्रमम् ॥ १ ॥

धनं गृहं गृहासक्तिः प्रतिष्ठा लोकवदयोः ॥
कर्मादिनिष्ठा मनसः स्वर्गादिफलकांक्षिणम् ॥ २ ॥

लौकिके परमा प्रीतिर्विरुद्धविषयेषणा ॥
अविरुद्धे तथासक्तिर्विषयैर्भोगभोजनम् ॥ ३ ॥

देहाभिमान कुलजो विद्यादिविहितोऽपि च ॥
भगवत्सेवना भावसहितं देहपोषणम् ॥ ४ ॥

असत्संगैः सदा दुष्टकृष्णानुच्छिष्टभक्षणम् ॥
निवेदनानुसंधानत्यागः शरणविस्मृतिः ॥ ५ ॥

देवांतराश्रयस्तेभ्यः प्रार्थनापि फलार्थितः ।
भगवच्चित्तरहिता व्यावृत्तिरपि लौकिकि ॥ ६ ॥

गुरुद्रोहतदीयेभ्योः स्वस्याधिक्यविभावनम् ।
अत्यंतदेहसामर्थ्यमिंद्रियाणां च पोषणम् ॥ ७ ॥

गृहेष्वभिरतिर्भार्यापुत्रादिषु मनोगतिः ।
कृष्णानुभावरहितदेशे सततं संस्थितिः ॥ ८ ॥

हर्षशोकौ लोकलाभस्तदभावकृतौ तदा । तथा ।
स्वातंत्र्यभावनं स्वस्य जीवस्वाभाविको हठः ॥ ९ ॥

अधिकारः पापरतिः पक्षपातो दुरात्मनाम् ।
हृदयक्रूरता दीनजनोपेक्षाऽक्षमा पुनः ॥ १० ॥

एते चाऽन्ये च बोद्धव्या दोषा विस्मारका हरेः ।
सावधानीभूय दासैः कृष्णस्य स्थेयमादरात् ॥ ११ ॥

भगवन्मार्गमात्रस्थैस्तन्मार्गफलकांक्षिभिः ॥
विरक्तैरन्यतः कृष्णगुणासक्तांतरात्मभिः ॥ १२ ॥

स्वाचार्यशरणं यातैस्तद्विश्वाससमन्वितैः ॥
परित्यक्ताखिलैः स्थेयं सदा तद्दर्शनोत्सुकैः ॥ १३ ॥

इदानीमागतः कालः सर्वबुद्धिविनाशकः ॥
करे पतति दुःसंगो मीलिताक्षस्य चापि हि ॥ १४ ॥

किं कार्यं किमकार्यं वा यतः स्फुरति नैव हि ॥
प्रभुणा स्वबलं तावदुपसंहृतमेव हि ॥ १५ ॥

साधनानि न सिद्ध्यंति कालदोषाद्दुरात्मनः ॥
प्रतिबंधश्च कालादिकृतः प्रत्यहमेधते ॥ १६ ॥

उद्वेगः प्रतिबंधो वा भोगश्चाऽपि प्रजायते ।
प्रतिबंधसेवनं तैः प्रत्याशा का फलस्य हि ॥ १७ ॥

तथापि श्रीमदाचार्यचरणाऽऽश्रयणान्मम ॥
निवर्तते निराशं सन्न मनः फललब्धितः ॥ १८ ॥

इति श्रीहरिदासविरचितं सप्तविंशतितमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૨૭ મુ.

જો શ્રીમહાપ્રભુજીના બેઉ ચરણકમલનો આશ્રય સદા કરવામાં આવે, તો શ્રમ વિના સર્વ ફળની સિદ્ધિ થાય. ૧.

ધન, ઘર, ગૃહાસકિત, પ્રતિષ્ઠા; લોકવેદાદિમાં કર્મ-નિષ્ઠા, સ્વર્ગાદિક ફળની ઇચ્છા;

લૌકિક કાર્યોમાં અતિપ્રેમ, ભકિત વિરોધી વિષયમાં ઇચ્છા, લૌકિકને અનુકૂલ હોય તેવા વિષયોમાં આસકિત, વિષયભોગની લાલસાથી કરેલું ભોજન;

દેહનું અભિમાન, કુલનું અભિમાન, વિદ્યાદિથી ઉત્પન્ન થયેલું અભિમાન, ભગવત્સેવાના ભાવ વિનાનું દેહપોષણ;

અસત્પુરુષના સંગથી દુષિત હોવું તે, શ્રીકૃષ્ણને ભોગ ધર્યા વિનાનું અન્નભક્ષણ, નિવેદનમંત્રના અનુસંધાનનો ત્યાગ શરણભાવની વિસ્મૃતિ;

અન્ય દેવોનો આશ્રય, ફલની ઇચ્છાથી અન્ય દેવની પ્રાર્થના કરવી તે, ભગવાનમાંથી ચિત્તને દૂર કરે એવી લૌકિક વ્યાવૃત્તિ કરવી;

ગુરુનો દ્રોહ, ભગવદીઓ કરતાં પોતાની અધિકતાની ભાવના કરવી, દેહનું અતિસામર્થ્ય, ઇન્દ્રિયોનું પોષણ;

ઘર વગેરેમાં પ્રીતિ, સ્ત્રી પુત્રાદિકમાં મનની ગતિ, જ્યાં શ્રીકૃષ્ણનો અનુભવ ન થયો હોય તેવા દેશમાં સતત વાસ;

લૌકિક લાભહાનથી હર્ષશોક થવો, પોતાની સ્વાતં-ત્ર્યભાવના, જીવની સ્વાભાવિક હઠ;

અધિકારપણું, પાપમાં પ્રીતિ, દુરાત્માનો પક્ષપાત, હૃદયની ક્રૂરતા, દીનજનોની ઉપેક્ષા તેમ જ અક્ષમા;

આ અને આવા અન્ય દોષો હરિ ને ભૂલાવનારા છે. માટે શ્રીકૃષ્ણના દાસોએ આદર પૂર્વક સાવધાન થઇને રહેવું. (૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧.)

જે વૈષ્ણવો એક ભકિતમાર્ગમાં સ્થિતિ કરી રહેલા છે, જેઓ આ માર્ગના ફલાભિલાષી છે, અન્યથી વિરકત છે, અને જેમના અંતરાત્મા શ્રીકૃષ્ણના ગુણમાં આસકત છે;

જે વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીના શરણે ગયેલા છે, અને તેઓશ્રીમાં વિશ્વાસયુકત થઈ અન્ય સર્વનો પરિત્યાગ કરનારા છે, તેઓએ સદા તેઓશ્રીનાં દર્શન કરનારને ઉત્સુક થઇને રહેવું ૧૨, ૧૩.

કાળ એવો અઘરો છે કે તે સર્વની બુદ્ધિનો નાશ કરે છે; અરે! તે એવો છે કે આંખ મીંચીને ચાલતો હોય તેવાના હાથમાં પણ દુઃસંગ આવીને પડે છે. ૧૪.

શું કરવું, શું કરવા યોગ્ય છે ને શું કરવા યોગ્ય નથી, એની બરાબર ખબર પડતી નથી ત્યારે, પ્રભુએ પોતાનું બળ સમર્પ્યું છે. ૧૫.

એથી સાધનોની સિદ્ધિ થતી નથી. કાળદોષને લીધે દુરાત્માનો પ્રતિબંધ નડે છે. કાલાદિથી ઉત્પન્ન થતા દોષો દરરોજ વધતા જ જાય છે. ૧૬.

ઉદ્વેગ, પ્રતિબંધ ને ભોગો પણ ઉત્પન્ન થાય છે. આ બધું જ સેવામાં પ્રતિબંધક છે. જો તેનું સેવન કરવામાં આવે તો ફલની આશા પણ શી રાખવી? ૧૭.

આમ છતાં શ્રીમદાચાર્યના આશ્રયને લીધે મારી નિરાશા નિવૃત્ત થાય છે ને મને પુષ્ટિમાર્ગીય ફળ પ્રાપ્ત થશે એવો મનમાં વિશ્વાસ આવે છે. ૧૮.

अष्टाविंशतितमं शिक्षापत्रम् ।

कदा नंदात्मजः स्वेषु कृपादृष्टिं करिष्यति ॥
प्रतीक्षयैवाऽस्मदादिमनः श्रान्तं सहेंद्रियैः ॥ १ ॥

करुणावारिधिः स्वीयनिधिः सर्वाधिकः प्रभुः ॥
उपेक्षते कुतः स्वीयनिति चिंतातुरं मनः ॥ २ ॥

निजानंदनिमग्नस्य भवेद्यद्यपि विस्मृतिः ।
भक्तार्थमवतीर्णस्य कृपालोरुचिता न सा ॥ ३ ॥

कं प्रार्थयेयुस्ते दीना विहाय निजनायकम् ।
तदेकशरणा नित्यं विमुक्ताः सर्वसाधनैः ॥ ४ ॥

मन्नाथ! नाथये नूनं भवामि विरहाकुलः ।
दर्शनं स्पर्शनं वापि देहि वेणुस्वरश्रुतिम् ॥ ५ ॥

निजाचार्याश्रितानस्मान्यदि कृष्ण! प्रहास्यसि ॥
गमिष्यति हरे! नाथ! प्रतिज्ञैव तदा तव ॥ ६ ॥

वयं तु सर्वथा दुष्टाः स्वधर्मविमुखा अपि ॥
त्वमस्मदीयान्मा धर्मान् गृहाण गुणपूरितः ॥ ७ ॥

कृपालो! पालनीयानां गुणदोषविचारणा ॥
न कार्या स्वीयशरणविहितं वरणं यदि ॥ ८ ॥

अश्रांतोऽपि हरे! दोषगणनायां मम प्रभो! ।
श्रममेष्यति गोपीश! ततो विस्मर सर्वथा ॥ ९ ॥

दीनेषु गुणलीनेषु (हीनेषु) तावकीनेषु मत्प्रभो! ॥
पराधीनेषु करुणा करणीयैव सर्वथा ॥ १० ॥

निःसाधना गतधना मनोदीना सुदुःखिताः ॥
निजाचार्याश्रिताः शोकलोभमोहभयाकुलाः ॥ ११ ॥

भवंति ते कृपापात्रं महोदार! दयानिधे! ॥
प्रयच्छ करुणां तेभ्यो दत्तं पात्रेऽक्षयं भवेत् ॥ १२ ॥

संसारदावदग्धानां जीमूतजलकांक्षिणाम् ।
न नीलजलदानंतजलदानं विना सुखम् ॥ १३ ॥

ये मयांगीकृताः सर्वे त्वत्सेवार्थे गृहस्थिताः ।
त एव भावनाशाय भवन्ति करवै किमु ॥ १४ ॥

बहिर्मुखाः प्रकुर्वंति स्वसंबंधं बहिर्मुखम् ॥
सहायता भ्रमादेव न हातुमहमुत्सहे ॥ १५ ॥

सहायभ्रममुत्पाद्य वंचयंति यथा जनम् ॥
मार्गस्थितं तथा नाथ! वंचितोऽहं गृहस्थितैः ॥ १६ ॥

यथांधकूपपतितं मंडूका दुःस्वरैर्जनम् ॥
व्यथयंति तथा मह्यं दुर्वचोभिर्गृहस्थिता ॥ १७ ॥

कियत्पर्यंतमेवं हि मदुपेक्षां करिष्यसि ।
त्यक्तो वा दोषसाहित्याद्विमुखोऽहं दयालुना ॥ १८ ॥

त्यक्तः कुत्र गमिष्यामि न मेऽस्ति शरणं क्वचित् ।
नावमारोप्य दीनं स्वं मध्येधारं न मज्जय ॥ १९ ॥

निजाचार्यकुले जन्म किमर्थं विहितं मम ॥
विहितं चेन्मयि सदा दोषपीने कृपां कुरु ॥ २० ॥

असंगः सर्वथा दूयेऽसत्संगसहितोप्यहम् ॥
यथारण्ये परित्यक्तः कांदिशीको मृगादनैः ॥ २१ ॥

जातपक्षाः खगाः स्वीयजननीं च त्यजंति हि ॥
यथा तथा करालेऽस्मिन् कालेऽहं भगवज्जनैः ॥ २२ ॥

चिंतापारावारे पतितस्यात्रैव मग्नस्य ।
एतज्जलवडवाग्निः शरणं श्रीवल्लभाचार्याः ॥ २३ ॥

हा कृष्ण! हा नंदसूनो! हा यशोदाप्रियाऽर्भक ॥
हा गोपिकाहृदाधार! धारयस्व करेण माम् ॥ २४ ॥

इति श्रीहरिदासविरचितं अष्टाविंशतितमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૨૮મું.

શ્રીનંદનંદન પોતાના ભકતો પર ક્યારે કૃપાદૃષ્ટિ કરશે ? આ પ્રમાણે પ્રતીક્ષા કરવાથી ઈન્દ્રિયો સહિત મારૂં મન શિથિલ થઇ ગયું છે. ૧.

તે દયા સાગર ભગવાન ભકતોના નિધિરૂપ ને સર્વથી અધિક છે. એવા પ્રભુ અંગીકૃત ભકતની કેમ ઉપેક્ષા કરતા હશે? એથી મન ચિંતાતુર રહે છે. ૨.

પ્રભુ પોતે પોતામાં આનંદમગ્ન હોય ત્યારે તો વિસ્મૃતિ થાય પરંતુ ભકતોને માટે જ તે પ્રકટ થયેલા છે તો તેવા કૃપાળુ પ્રભુ આવી રીતે ભૂલી જાય એ ઉચિત નથી. ૩.

સર્વ સાધનોથી રહિત ને એક પ્રભુને જ શરણે રહેલા એવા અમો દીન ભકતો અમારા પતિ વિના અન્ય કોની પ્રાર્થના કરીએ ? ૪.

હે મારા નાથ ? હું આપના વિરહથી વ્યાકુળ થયો છું મને દર્શન ને સ્પર્શ કરાવો, મારા કર્ણને વેણુનાદ સંભરાવો. મને ખરેખર સનાથ કરો. ૫.

હે કૃષ્ણ ! જો આપ આપણા આચાર્યજીના આશ્રિત એવો જે હું તેનો ત્યાગ કરશો તો હે નાથ ! હે હરે ! આપની પ્રતિજ્ઞાનો ભંગ થશે. ૬.

અમે તો સર્વ રીતે દોષવાળા છીએ; સ્વધર્મથી પણ વિમુખ છીએ; જ્યારે આપ સર્વ ગુણોથી પૂર્ણ છો, માટે અમારા ધર્મોને ગૃહણ કરશો નહિ (અમારા જેવા થશો નહિ.) ૭.

હે કૃપાળુ ! આપના શરણે આવવાથી અમે આપના વરણને લાયક થયા છીએ તેથી અમે આપને પાલન કરવા યોગ્ય જીવો છીએ. આપે અમારા ગુણદોષનો વિચાર કરવો યોગ્ય નથી. ૮.

હે હરિ ! આપને શ્રમ લાગવો શકય નથી. છતાં, હે પ્રભુ ! અમારા દોષો એટલા બધા છે કે તે ગણતાં આપને શ્રમ લાગશે. તેથી હે ગોપીજનોના ઇશ ! અમારા તે દોષોને ભૂલી જાઓ. ૯.

હે મારા પ્રભુ ! ભકતો જે દીન હોય, ગુણહીન હોય, સાંસારિક ગુણોમાં લીન હોય, પરાધીન હોય, તેમના ઉપર પણ હમેશાં કૃપા કરવી યોગ્ય છે. ૧૦.

તેઓ નિઃસાધન છે, ધન વગરના છે, મન વડે દીન થયેલા છે, અત્યંત દુઃખી છે, આચાર્યશ્રીના આશ્રિત છે,

શોકમોહ ને ભયથી વ્યાકુલ બનેલા છે, આવા તેઓ આપની કૃપાને પાત્ર છે. હે મહોદાર! હે દયાનિધે! એવાઓ પર આપ કૃપા કરો, કારણ કે જો આપ લાયકને દાન આપશો તો તે અક્ષય થશે. ૧૧, ૧૨

તેઓ સંસારરૂપી દાવાનલથી બળી રહ્યા છે. તેઓ મેઘ–જલની ઇચ્છાવાળા છે. શ્યામમેઘના ધોધમાર વર્ષાદના દાન વિના તેમને સુખશાંતિ થવાની નથી. ૧૩.

હે પ્રભુ! ઘરમાંહે રહેલા સર્વ પદાર્થોને મેં તારી સેવાને અર્થે અંગીકાર કર્યા છે. પરંતુ, તે તો મારા ભાવનો નાશ કરવાને તત્પર થાય છે, તો હવે હું શું કરૂં? ૧૪.

તે સર્વે બહિર્મુખ હોવાથી તારી જોડે જે મારો સંબંધ છે તેનાથી મને પણ તે બહિર્મુખ બનાવે છે. આમ છતાં, તારી સેવામાં તે મને સહાય્ય કરશે એવો ભ્રમ મને થયાં કરે છે તેથી તેનો ત્યાગ કરવાની હું ઇચ્છા કરતો નથી. ૧૫.

માર્ગમાં ઉપસ્થિત થયેલા મનુષ્યને જેમ કોઈ ઠગ મદદ કરવાને બહાને ઠગે, તેમ હે નાથ! હું મારા ઘરમાં રહેલા માણસોથી ઠગાયો છું. ૧૬.

અરે, કેટલા દિવસ સુધી તું આવી રીતે મારી ઉપેક્ષા કરીશ? અહા! દોષોથી દૂષિત થયેલા એવા મારા જેવા વિમુખનો દયાળુ પ્રભુએ ત્યાગ કર્યો છે! ૧૮.

હવે આવી રીતે ત્યજાયેલો હું કયાં જાઉં? મારૂં શરણ કોઇ પણ અન્ય સ્થળે નથી. તમારા આવા દીનજનને નાવમાં બેસાડી જલમધ્યે ન ડુબાવો. ૧૯.

જો એમ હતું તો આપને અંગીકૃત થયેલા એવા આચાર્યકુળમાં મારો જન્મ શેં કર્યો? જો કર્યો તો પછી દોષથી ભરેલો એવો જે હું છું તેના ઉપર કૃપા કરો! ૨૦.

હું અસત્પુરૂષોના સહવાસમાં રહેતો હોવાથી તેમના સંગનો રંગ મને લાગે નહિ તેવી રીતે રહું છું તોપણ ખેદ પામું છું. જેમ વનમાં ત્યજાયેલો ને દિંગમૂઢ બનેલો પુરુષ સિંહથી ભય પામે, તેમ હું અસત્સંગથી ડરૂં છું. ૨૧.

જેમ પાંખો ફૂટેલાં પક્ષી પોતાની માતાને ત્યજી દે, તેમ આ વિકટ સમયમાં હું ભાગવજ્જનોથી ત્યજાયેલો છું. ૨૨.

હું ચિંતારૂપી મહાસાગરમાં પડેલો છું ને તેમાં ડૂબેલો છું. જલનું શોષણ કરે એવા અગ્નિરૂપ શ્રીવલ્લભપ્રભુ મારું શરણ છે. ૨૩.

હા કૃષ્ણ! હા નંદકુમાર! હા યશોદાના પ્રિય પુત્ર; હા ગોપીજનના હૃદયાધાર! શ્રીહસ્ત વડે મને અદ્ધર પકડી લો. ૨૪.

एकोनत्रिंशत्तमम् शिक्षापत्रम् ।

बुद्धिनाशककालोऽयं सर्वेषां समुपागतः ।
अतो हि सर्वथा गोप्यं बुद्धिरत्नं सुबुद्धिभिः ॥ १ ॥

सत्संगकृष्णस्मरणशरणागतिसाधनैः ।
तदभावे कृतिः सर्वा यतो वैयर्थ्यमेति हि ॥ २ ॥

अत एवोक्तमाचार्यैः स्वकीयकरुणात्मभिः ।
बुद्धिप्रेरककृष्णस्य पादपद्मं प्रसीदतु ॥ ३ ॥

उपकारोऽपि गायत्र्या ध्यानहेतुरयं मतः ।
गीतायां हरिणाप्युक्तमर्जुनं प्रति मोदतः ॥ ४ ॥

"ददामि बुद्धियोगं तं येन मामुपयांति ते" ॥
बुद्धिस्थैर्ये हृदिस्थैर्यं हरेरिति न संशयः ॥ ५ ॥

तन्नाश एव गीतायां सर्वनाशो निरूपितः ।
अतो बुद्धिः सुसंरक्ष्या भावभावनकारणम् ॥ ६ ॥

प्रसादभक्षणैर्नित्यं सेवनाकरणैरपि ।
सत्संगेन सदा कृष्णकथाश्रवणकीर्तनैः ॥ ७ ॥

इति श्रीहरिदासविरचितं एकोनत्रिंशत्तमम् शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૨૯મું.

સર્વની બુદ્ધિનો નાશ કરનારો સમય આવ્યો હોવાથી બુદ્ધિશાળીઓએ પોતાની બુદ્ધિને સર્વથા છૂપાવી રાખવી. ૧.

સત્સંગ કૃષ્ણસ્મરણ ને શરણાગતિરૂપ સાધનો વડે બુદ્ધિની રક્ષા કરવી. તેના અભાવમાં સર્વ કૃતિ વ્યર્થ થઈ જશે. ૨.

તેથી જ પોતાના જન ઉપર કરૂણા કરનાર શ્રીઆચાર્ય-ચરણોએ કહ્યું છે. કે "બુદ્ધિપ્રેરક શ્રીકૃષ્ણના ચરણકમળ પ્રસન્ન થાઓ!" ૩.

ગાયત્રીના ધ્યાનમાં આવા પ્રકારનો ઉપકાર હેતુરૂપ માનવામાં આવ્યો છે. ગીતાજીમાં શ્રીકૃષ્ણે અર્જુનને આનંદથી આ પ્રમાણે કહ્યું છે. "હું તને બુદ્ધિયોગ આપું છું, જેથી તું મને પ્રાપ્ત કરી શકે" જ્યારે બુદ્ધિની સ્થિરતા થાય છે ત્યારે જ હૃદયમાં પ્રભુની સ્થિરતા થાય છે, એમાં સંશય નથી. ૪, ૫.

ગીતાજીમાં એમ પણ કહ્યું છે કે જો બુદ્ધિનો નાશ થાય તો સર્વનો નાશ થાય. બુદ્ધિ સર્વ ભાવની ઉત્પત્તિના

કરણરૂપ છે. તેની સારી પેઠે રક્ષા કરવી ઘટે ૬.

આમ જો બુદ્ધિની રક્ષા કરવી હોય તો મહાપ્રસાદનું ભક્ષણ કરવું, પ્રભુની સેવા કરવી, સદા સત્સંગ કરવો, કૃષ્ણ-કથા સાંભળવી ને પ્રભુનું ગુણગાન કરવું ૭.

त्रिंशत्तमं शिक्षापत्रम् ।

स्मर्तव्यः सर्वदा कृष्णो विस्मर्तव्यं जगत् पुनः ।
प्रपंचस्मरणे कृष्णस्मृतिर्नैव भवेदिति ॥ १ ॥

प्रयतेत ततो जीवस्तदभावाय सर्वथा ।
कृष्णाऽर्थताभावनेन गृहादेर्विस्मृतिर्भवेत् ॥ २ ॥

अथवा बाधकत्वेन त्यागभावनया पुनः ।
अखंडाऽद्वैतभावेन कामाद्यावेशतो हरौ ॥ ३ ॥

प्रापंचिकपदार्थेषु लीलासृष्टित्वभावनात् ॥ ३ ॥
कृष्णसन्निहितो देशः कालः सत्संगहेतुकः ॥ ४ ॥

द्रव्य सर्वस्वमेवाऽत्र कर्ताऽभिमतिवर्जितः ।
मंत्राः श्रीकृष्णनामानि गुणलीलासमन्विताः ॥ ५ ॥

कर्माणि कृष्णसेवैव सर्वसाधनसंग्रहः ।
एतत्षट्कस्य भक्तो हि सत्संगः साधनं मतम् ॥ ६ ॥

कृष्णसान्निध्यदेशे तु यतस्तिष्ठंति साधवः ।
कालःप्रसंगहेतुस्तु मिलितैस्तैरुदेति हि ॥ ७ ॥

सर्वस्वस्योपयोगोऽपि सिध्येत्सद्बुद्धिदातृभिः ।
अभिमाननिवृत्तिस्तु तदाश्रयवतामिह ॥ ८ ॥

कृष्णनामस्वरूपादिज्ञानं तु तत एव हि ।
भगवत्सेवनं वाऽपि पुरुषार्थस्तदैव हि ॥ ९ ॥

यदा तथाविधाः संतो दृश्यंते सेवनोद्यताः ।
अतः सत्संग एवाऽस्मिन्मार्गे सर्वस्य साधनम् ॥ १० ॥

तदभावे सर्वथैव न किंचिदिह सिद्ध्यति ।
तस्मात्प्रयत्नः कर्तव्यः सत्संगाय सुबुद्धिभिः ॥ ११ ॥

अत एवोक्तमाचार्यैर्हरिस्थाने तदीयकैः ।
अदूरे विप्रकर्षे वा यथा चित्तं न दुष्यति ॥ १२ ॥
चित्तदोषे कथं सेवा चेतस्तत्प्रवणं भवेत् ।
अतो विचारः कर्तव्यः सर्वथैकत्र वासकृत् ॥ १३ ॥
बुद्ध्या विचार्य मत्प्रोक्तं निधार्य हृदि सर्वथा ।
स्वार्थसंपत्तये कार्यो वास एकत्र तत्परैः ॥ १४ ॥

इति श्रीहरिदासविरचितं त्रिंशत्तमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૩૦ મું.

સર્વદા શ્રીકૃષ્ણનું સ્મરણ કરવું ને જગતનું વિસ્મરણ કરવું. જો પ્રપંચની સ્મૃતિ રહે તો કૃષ્ણસ્મૃતિ ન થાય.(૧)

જીવે તે માટે પ્રયત્ન કરવો. તેના અભાવમાં સર્વ ક્રિયામાં શ્રીકૃષ્ણની ભાવના કરવી, જેથી ગૃહાદિકની વિસ્મૃતિ થાય. (૨)

અથવા તો ગૃહાદિક બાધક છે એમ વિચારી તેના ત્યાગની ભાવના કરવી. પછી તેમાં શુદ્ધાદ્વૈતની ભાવના કરવી. તેમ જ કામાદિકના આવેશમાં તેમ જ પ્રપંચાત્મક પદાર્થોમાં પણ પ્રભુની લીલાસૃષ્ટિની ભાવના કરવી. (આમ થાય તો ગૃહાદિકની વિસ્મૃતિ થાય.((૩)

– જ્યાં કૃષ્ણ બિરાજતા હોય ત્યાં દેશ–કાળ સત્સંગના હેતુરૂપ થાય છે. (૪)

(શ્રીઠાકોરજી) એ જ પોતાનું સર્વસ્વ દ્રવ્ય, કર્તાપણાના અભિમાનનો ત્યાગ, શ્રીકૃષ્ણના ગુણ ને લીલા—યુક્ત નામ એ જ મંત્રો, કૃષ્ણની સેવા એજ કર્મ—ભક્તિમાર્ગમાં [દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર ને કર્મ] આ છ પદાર્થો છે. સત્સંગ એ તેના સાધનરુપ છે. (૫, ૬)

જ્યાં શ્રીકૃષ્ણ બિરાજતા હોય, ત્યાં સાધુ પુરુષો રહે છે. એવે સ્થળે સાધુપુરૂષોનું મિલન થવાથી સત્સંગના કારણરુપ કાળનો ઉદય થાય છે. (૭)

ત્યાં સદ્‌બુદ્ધિ કરનાર ભગવદીયોથી સર્વસ્વ (દ્રવ્યનો) ઉપયોગ પણ સિદ્ધ થાય છે. (એથી દ્રવ્યની ઉત્તમતા થાય છે.) વળી તેવાઓનો આશ્રય કરવાથી કર્તાપણાનું અભિમાન પણ નિવૃત્ત થાય છે. (૮)

એનાથી શ્રીકૃષ્ણના નામ–રૂપનું જ્ઞાન થાય છે; (આવી રીતે મંત્ર સિદ્ધ થાય છે.) શ્રીકૃષ્ણની સેવાથી ઉત્તમ પુરુષાર્થરૂપ કર્મ સિદ્ધ થાય છે; (આ પ્રમાણે દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર ને કર્મની સિદ્ધિ થાય છે.) ૯.

જ્યારે ઉપર જણાવ્યા એવા સત્પુરુષોની સેવામાં તત્પરતા જણાય, ત્યારે ઉક્ત છ પદાર્થો સિદ્ધ થાય છે. તેથી પુષ્ટિમાર્ગમાં 'સત્સંગ જ સર્વનું સાધન છે. ૧૦.

તેના અભાવમાં કશું પણ સિદ્ધ થતું નથી. માટે સુંદર બુદ્ધિવાળાઓએ સત્સંગ માટે યત્ન કરવો. ૧૧.

એથી જ શ્રીઆચાર્યજીએ (ભક્તિવર્ધિની ગ્રંથમાં) કહ્યું છે કે " હરિના સ્થાનમાં જ્યાં ભગવદીયો રહેતા હોય તેમની સમીપમાં કે તેમનાથી દૂર જેમ ચિત્ત દૂષિત ન થાય તેમ રહેવું. ૧૨.

જો ચિત્તમાં દોષ ઉત્પન્ન થાય તો ચિત્ત તેમાં (દોષમાં) તદ્રૂપ થાય. એવા દૂષિત ચિત્તથી સેવા શી રીતે બની શકે? માટે સર્વથા એક જ સ્થળમાં વાસ કરવાનો વિચાર કરવો જોઈએ. ૧૩.

મેં જે કાંઈ ઉપર કહ્યું છે તેનો બુદ્ધિથી વિચાર કરી તેને સદા હૃદયમાં સ્થાપન કરવું અને પોતાના અર્થની સિદ્ધિ થાય તે માટે ભગવદીયોની સાથે એકત્ર વાસ કરવો. ૧૪.

एकत्रिंशत्तमं शिक्षापत्रम् ।

निःसाधनफले मार्गे बलं नैवोपयुज्यते ।
साधनानामतो नायमात्मेत्येषोदिता श्रुतिः ॥ १ ॥

किंतु सर्वस्य मूलं हि हरेर्वरणमुच्यते ।
यथैव वृणुते कृष्णस्तथा तिष्ठति वै जनः ॥२॥

वरणं तु द्विधा साक्षात्पारंपर्यविभेदतः ।
लीलास्थितेषु वै साक्षादन्येष्वस्ति परंपरा ॥३॥

आचार्यद्वारकं तत्र वरणं न हरेः स्वतः ।
लीलास्थेष्वपि भक्तेषु वृतेर्द्वैविध्यमीक्ष्यते ॥४॥

साक्षाच्छ्रुतिषु हरिणा वरणं वन्हिसूनुषु ।
परंपराप्रकारेण मर्यादापुरुषोत्तमात् ॥ ५ ॥

अन्यथाप्यत्र भेदोऽस्ति दासतात्मीयतादिभिः ।
आत्मीयत्वेनावतारे दासत्वेनान्यदा वृतिः ॥ ६ ॥

दासत्वेप्यस्ति भेदो हि मर्यादापुष्टि भेदतः ।
अतो न जीव स्वातंत्र्यं दासात्वाद्धि निसर्गतः ॥७॥

यथा कृतिस्तथा सर्वं कृष्णस्तस्य करोति हि ।
मर्यादायां वृतो तस्य भवेत्साधननिष्ठता ॥ ८ ॥

पुष्टावनुग्रहे दृष्टिस्तथैव सकलं पुनः
वयं त्वनुग्रहाचार्यैः पुष्टौ मर्यादया सह ॥९॥

अंगीकृतिसमर्यादैः सर्वेऽप्यङ्गीकृताः स्वतः
अतस्तदुक्तमर्यादास्थितिर्हि हितकारिणी ॥१०॥

पुष्टिप्रभुत्वादस्माकं लौकिकी पारलौकिकी ।
सर्वा चिंता हरेरेव निश्चितत्वं विभाव्यताम् ॥११॥

अत एवोक्तमाचार्यैर्निजेच्छातः करिष्यति ।
नोपेक्षते निजानार्तबन्धुः श्रीगोकुलेश्वरः ॥ १२ ॥

हरीच्छा विपरीताऽपि दासदुःखावलोकनात् ।
अनुकंपानिधानत्वाद्धरेर्विपरिवर्तते ॥ १३ ॥

आर्तिमात्रमतः स्थाप्यं प्रार्थना न विधीयताम् ।
कृपालुरेव भविता निजार्तजनशर्म्मदः ॥१४॥

आर्त्यैव क्रियते यत्तु सेवागुणकथादिकम् ।
तदेवास्मत्प्रभूक्तेऽस्मिन्मार्गे प्रविशति ध्रुवम् ॥१५॥

अन्यथा क्रियमाणं तु कृष्णसायुज्यसाधकम् ।
न मुख्यफलसंबन्धस्ततो भवति निश्चितम् ॥ १६ ॥

तदार्तिप्राप्तिरेतेषां तद्रूपाचार्यसेवनात् ।
तत्कृपातस्तदुदितंवचोवृन्दविचारणात् ॥ १७ ॥

निवेदनानुसंधानात् सदा सत्संगभावनात् ।
अन्यथा न भवेदेवं स्वकृतानंतसाधनैः ॥१८॥

ये भावं वर्द्धयन्त्येव दृढं वचनवर्षणैः ।
संगोऽपि तेषां कर्तव्यो नान्येषामिति निश्चयः ॥१९॥

तद्दुर्लभत्वे बाधिर्यं मूकत्वं वा वरं मतम् ।
वाचः प्रभूणां वदने दुर्जनानां भवन्ति न ॥२०॥

म्लेच्छानामिव गायत्री ततः श्रवणतः किमु।
तत्सधर्मास्तत्र वर्णा अनुभावतिरोहिता ॥ २१ ॥

अतः फलं न श्रवणाद्दोषः प्रत्युत जायते ।
सावधानतमैः स्थेयमीदृक्श्रवणकीर्तनात् ॥ २२ ॥

निरपेक्षाः कृष्णजना निजाचार्यपदाश्रिताः ।
श्रीभागवततत्त्वज्ञा दुर्लभा एव भूतले ॥२३॥

अतः शरणमार्गे हि कर्तव्यमखिलं ततः ।
यदुक्तं तात चरणैरिति वाक्याद्भविष्यति ॥२४॥

तथा विधेयं कृपया यथा गोवर्द्धनेश्वरः ।
दर्शयत्यचिरादेव निजं रूपं तदाश्रितैः ॥२५॥

इति श्रीहरिदास विरचितं एकत्रिंशत्तमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૩૧ મું

આ માર્ગ નિઃસાધનફલવાળો છે. તેમાં સાધનનું બળ ઉપયોગમાં આવતું નથી. શ્રુતિમાં કહ્યું છે કે આ આત્મા પ્રવચન વગેરેથી મેળવી શકાતો નથી, પ્રભુ જે જીવનું વરણ કરે છે તેજ તેને પ્રાપ્ત કરી શકે છે. ૧.

પ્રભુનું વરણ જ સર્વનું મૂલ કહેવામાં આવ્યું છે. જીવનું જેવા પ્રકારનું વરણ શ્રીકૃષ્ણ કરે છે તેવો જીવ બની જાય છે. ૨.

વરણ બે પ્રકારનાં છેઃ સાક્ષાત ને પરંપરાગત લીલા-સ્થિત ભક્તોમાં સાક્ષાત વરણ છે, અન્યમાં પરંપરાગત છે. ૩.

શ્રીઆચાર્યજીદ્વારા જીવને પ્રભુનું જે વરણ થયેલું છે તે સ્વતઃ નથી પણ પરંપરાથી છે. વળી લીલાસ્થિત ભક્તોમાં પણ વરણ બે પ્રકારનું જોવામાં આવે છે. ૪.

અર્થાત્ શ્રુતિરૂપામાં સાક્ષાત વરણ છે, ઋષિરૂપામાં પરંપરાથી (શ્રીરામચંદ્રજી) મર્યાદા–પુરુષોત્તમદ્વારા છે. ૫.

વળી આમાં પણ અન્ય ભેદો છેઃ જેવા કે દાસત્વ ને આત્મીયતાના ભેદો. અવતાર દશામાં આત્મીયતાથી વરણ છે, અનવતાર દશામાં દાસપણાથી છે. ૬.

દાસભાવના પણ બે પ્રકાર છે, એક મર્યાદા ને બીજો પુષ્ટિ. પુષ્ટિ જીવમાં દાસ ધર્મ તો સ્વભાવિક રીતે છે. તેથી જીવ સ્વતંત્ર નથી. દાસ ધર્મથી પ્રભુનો સંબંધ છે તેથી દાસત્વધર્મ સર્વથી અધિક છે. ૭.

જીવનું જેવું વરણ તે પ્રમાણે શ્રીકૃષ્ણ સર્વ કરે છે. જેનું મર્યાદામાં વરણ હોય છે તેને સાધનોમાં નિષ્ઠા થાય છે. જે જીવનું પુષ્ટિમાં વરણ છે તેની દૃષ્ટિ અનુગ્રહમાં હોય છે, તેનું સર્વ તે દૃષ્ટિથી થાય છે. શ્રીઆચાર્યજીએ આપણો અંગીકાર પુષ્ટિમાં મર્યાદા સહિત કર્યો છે. (૮–૯)

આપશ્રીએ સર્વ પુષ્ટિ જીવોનો અંગીકાર મર્યાદાપૂર્વક કરેલો હોવાથી આપણે તેમના વચનામૃતોની મર્યાદા પ્રમાણે વર્તવું એ આપણને હિતકારી છે. ૧૦.

હરિના પુષ્ટિ–પ્રભુપણાને લેઇને આપણી આ લોક તેમ જ પરલોક સંબંધી સઘળી ચિંતા હરિને જ છે, માટે નિશ્ચિંત થવું. ૧૧.

એથી જ (નવરત્નમાં) શ્રીઆચાર્યજીએ કહ્યું છે કે પ્રભુ પોતાની ને પોતાના ભકતની ઇચ્છા પ્રમાણે કરશે, એટલે કે દીનબંધુ શ્રીગોકુલેશ્વર પોતાના ભકતની ઉપેક્ષા કરશે નહિ. ૧૨.

હરીચ્છા વિપરીત હોય છતાં દાસનું દુઃખ જોઇ

પ્રભુ અનુકંપા કરે છે. હરિ–કૃતિ વિપરીત લાગે છતાં તેમાં અનુકંપા રહેલી હોય છે. કારણ પોતે કૃપા નિધિ છે. ૧૩.

આથી માત્ર આર્તિ કરવી, પ્રાર્થના કરવી નહિ. પોતાના આર્તજનને સુખ દેનાર પ્રભુ કૃપાળુ જ બની જશે. ૧૪.

જેઓ સેવા તથા ગુણકથા આર્તિ સહિત કરે છે તેઓ જ પ્રભુએ સ્થાપન કરેલા પુષ્ટિમાર્ગમાં નિશ્ચયપણે પ્રવેશ કરે છે. ૧૫.

બીજી રીતે કરે તો તેનાથી શ્રીકૃષ્ણની સાયુજ્યતા સિદ્ધ થાય, પણ એથી મુખ્ય ફલ ન થાય. ૧૬.

આવી આર્તિની પ્રાપ્તિ વિપ્રયોગાગ્નિરૂપ શ્રીઆચાર્યજીના સેવનથી થાય છે. એટલે કે એઓશ્રીના વચનામૃતના સમૂહના વિચારથી થાય. ૧૭.

વળી તેવી આર્તિ નિવેદનના અનુસંધાનથી કે સદા સત્સંગની ભાવનાથી થાય; બીજી કોઇ રીતે થાય નહિ, ભલે પછી તે માટે અનંત સાધનો કરવામાં આવે. ૧૮.

તેથી એવાઓનો સંગ કરવો જે વચનામૃતની વૃષ્ટિ દ્વારા દૃઢ ભગવદ્ભાવની વૃદ્ધિ કરે; બીજાઓનો સંગ કરવો નહિ. ૧૯.

જો એવા ભગવદીયો મળવા દુર્લભ હોય તો બહેરાપણું કે મુગાપણું ઉત્તમ છે. કારણ કે દુર્જનના મુખમાં પ્રભુની વાણી સંભવતી જ નથી. ૨૦.

જેમ કે મ્લેચ્છના મુખમાં ગાયત્રી હોય તો તે સાંભળવાથી શું ફલ થાય? જેવો વર્ણ તેવો ધર્મ. તેમાં અનુભવનો પ્રભાવ હોતો નથી. ૨૧.

જો તેની (અવૈષ્ણવની) પાસેથી કથા વાર્તા સાંભળવમાં આવે તો કશું ફલ થતું નથી, ઉલટું, દોષ લાગે. માટે એવાના મુખથી શ્રવણકીર્તન ન સાંભળવાં ને તે માટે સાવધાન રહેવું. ૨૨.

જેઓ તદ્દન નિરપેક્ષ હોય, આપણા શ્રીઆચાર્યના ચરણકમળનો આશ્રય કરનારા હોય, શ્રીભાગવતના તત્ત્વને જાણનારા હોય, એવા ભગવદીયો આ પૃથ્વીની સપાટી ઉપર મળવા દુર્લભ છે. ૨૩.

માટે આપણે માત્ર શરણ જ કરવું. એજ આપણું કર્તવ્ય છે. **यदुक्तं तातचरणैः ।** એ વાકયથી સર્વ સિદ્ધ થશે. ૨૪.

જ્યારે શ્રીગોવર્ધન નાથજી કૃપા કરી પોતાના આશ્રિત જનોને જલદીથી પોતાના સ્વરૂપનું દાન કરશે ત્યારે

ઉપરનો ભગવદ્ધર્મ પણ સિદ્ધ થશે. માટે ભગવદાશ્રય કર્તવ્ય છે. (આમ આ માર્ગ સાધન સાધ્ય નહિ પણ કૃપાસાધ્ય છે,) ૨૫.

द्वात्रिंशत्तमं शिक्षापत्रम् ।

कामाऽऽविष्टे क्रोधयुते संसाराऽऽसक्तिसंयुते ।
लोभाऽभिभूते सततं धनाऽर्जनपरायणे ॥ १ ॥

दयाविरहिते रूक्षे नित्यं संतोषवर्जिते ।
शोकाऽकुले भयाऽऽक्रांते विषयध्यानतत्परे ॥ २ ॥

अहंकारयुते क्रूरे दुष्टपक्षैकपोषके ।
ज्ञानमार्गस्थिते सर्वसाम्यचिंतनभाविते ॥ ३ ॥

लौकिके सन्मुखे कृष्णजनवैमुख्यसंयुते ॥
कृष्णलीलादोषदृष्टौ तथा कर्मजडेऽपि च ॥ ४ ॥

आचार्यविमुखे नित्यमसद्वादविभूषिते ।
एतादृशे तु हृदये हरिर्नाऽऽविशते क्वचित् ॥ ५ ॥

दीने शुद्धे निष्प्रपंचे लीलाचिंतनतत्परे ।
स्वाचार्यशरणे नित्यं सर्वकामविवर्जिते ॥ ६ ॥

व्रजस्त्रीचरणांभोजरेणुप्राप्त्यभिलाषुके ॥
गुणगानपरे कृष्णनामाऽर्थपरिभावुके ॥ ७ ॥

अनन्येऽनन्यसेवैकनिष्ठातत्परतां गते ।
भगवद्धर्मनिरते विरक्ते गुणसंगिनि ॥ ८ ॥

कृष्णाऽतिभावसंयुक्ते सरसेऽन्यरसाऽतिगे ।
अचंचले कृष्णलीलाचंचले दर्शनाऽऽकुले ॥ ९ ॥

मनोरथशताऽऽक्रांते सर्वौदासीन्यसंयुते ।
एतादृशे तु हृदये हरिराविशते क्षणात् ॥ १० ॥

इति श्रीहरिदासविरचितं द्वात्रिंशत्तमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૩૨ મું.

જેઓ કામનાના આવેશવાળા છે, ક્રોધાવિષ્ટ છે, સંસારાસક્તિમાં રચ્યાપચ્યા છે, લોભી છે, ધન એકઠું કરવામાં સતત મચ્યા રહે છે; જેમનામાં દયા નથી, જેઓ સ્નેહ વગરના લુખ્ખા છે, જેઓ સંતોષી નથી, જેઓ શોકથી આકુલવ્યાકુલ બનેલા છે, જેઓ ભયભીત દશામાં રહે છે, ને હૃદયમાં વિષયનું ચિંતન કર્યાં કરે છે; જેઓ અભિમાની છે, ક્રૂર છે, દુષ્ટોના પક્ષનું પોષણ કરનારા છે, જ્ઞાનમાર્ગમાં સ્થિતિ કરી રહેલા છે, પ્રભુને અન્ય સર્વદેવ સમાન જાણી તેનું તે પ્રમાણે ચિંતન કરનારા છે; જેઓ લૌકિકમાં સન્મુખ રહે છે, શ્રીકૃષ્ણના જનોથી વિમુખ રહે છે, શ્રીકૃષ્ણની લીલામાં દોષદૃષ્ટિવાળા છે, અને કર્મમાં જડની પેઠે આસકત રહે છે; જેઓ શ્રીઆચાર્યથી વિમુખ છે, અને ખોટા ખોટા વાદથી વિભૂષિત રહે છે,—આવાઓના હૃદયમાં કદી પણ પ્રભુનો આવેશ થતો નથી.–(૨, ૩, ૪, ૫.)

જેઓ દીન છે, શુદ્ધ છે, પ્રપંચ વગરના છે, શ્રીકૃષ્ણની લીલાનું ચિંતન કરવામાં તત્પર છે, શ્રીઆચાર્યમાં આશ્રય કરનારા છે ને નિત્ય કોઇ પણ પ્રકારની કામના વગરના છે;

જેઓ વ્રજ ભકતોના ચરણારવિંદની રજની પ્રાપ્તિના અભિલાષી છે, પ્રભુના ગુણગાનમાં તત્પર છે, શ્રીકૃષ્ણના નામનો અર્થ સમજવામાં ખરા ભાવુક છે;

જેઓ અનન્ય ભાવવાળા છે, અનન્ય ભકતોની સેવામાં જેમની નિષ્ઠા પૂર્વક તત્પરતા છે, ભગવદ્ધર્મમાં જેમને પ્રીતિ છે, જેઓ વિરકત છે, અને ભગવદ્ ગુણો જેમનામાં ભરેલા છે;

જેઓ શ્રીકૃષ્ણની આર્તિ તથા ભાવથી ભરેલા છે, ભકિતરસમાં તરબોળ હોવાથી અન્યપ્રકારનો રસ જેમનામાંથી જતો રહ્યો છે, ભગવદ્ધર્મમાં જેઓ સ્થિર છે, અને શ્રી કૃષ્ણની લીલામાં ચંચળ છે, તથા પ્રભુનાં દર્શન માટે આકુળ-વ્યાકુળ છે;

જેઓ શ્રીકૃષ્ણની સેવામાં અનેક મનોરથવાળા છે અને લૌકિક વૈદિકમાં સદા ઉદાસીન છે–આવા ભકતોના હૃદયમાં પ્રભુ ક્ષણમાં પધારે છે. ૬, ૭, ૮, ૯, ૧૦.

त्रयस्त्रिंशत्तमं शिक्षापत्रम् ।

अस्मिन्मार्गे प्रभोरिच्छामात्रं सर्वत्र कारणम् ।
सैव चावरणं यावत्प्रतिकूलं फले निजे ॥ १ ॥
तदावरणनाशस्तु दैन्यादेव हरौ कृतात् ।
स दीनेषु निजामिच्छामनुकूलां करोति हि ॥२॥
तदानुकूल्ये दासानां किं फलं दुर्लभं मतम् ।
कृपा च जायते दीने लोकसिद्धनिदर्शनात् ॥३॥
अतो दैन्यं हि मार्गेस्मिन्परमं साधनं मतम् ।
अभिमानो मदश्चापि सततं तद्विरोधिनौ ॥४॥
तौ विज्ञाय प्रयत्नेन परित्याज्यौ फलार्थिभिः ।
दौष्ट्यं समस्तेंद्रियाणां साधनैरेव नाशयेत् ॥५॥
अथवाश्रयमात्रेण नाशयिष्यति मत्प्रभुः ।
निजाचार्याश्रितानां तु दोषा वह्निस्वरूपतः ॥६॥
संबंधमात्रतो भस्मिभवंति क्षणमात्रतः ।
अतः स्वाचार्यमात्रैकशरणैस्तत्पराश्रितैः ॥ ७ ॥
तद्ग्रंथार्थावबोधार्थविहितातिप्रयत्नकैः ॥
दुःसंगवर्जितैः संगसंप्राप्त्याशायुतैरपि ॥ ८ ॥
स्थैर्यं सेवापरैरन्याश्रयत्यागविचक्षणैः ।
कामलोभादिदोषैकपरित्यागेच्छुभिः सदा ॥ ९ ॥

इति श्रीहरिदासविरचितं त्रियस्त्रिंशत्तमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૩૩ મું.

આ માર્ગમાં સર્વત્ર કેવળ પ્રભુની ઇચ્છા એ જ કારણરૂપ છે. જો આપણા ફળમાં તે ઇચ્છા પ્રતિકૂળ હોય તો તે ઇચ્છા જ માત્ર આવરણરૂપ છે. ૧.

જો આ આવરણનો નાશ કરવો હોય તો પ્રભુ પ્રત્યે દૈન્ય રાખવું એ જ તેનો ખરો ઉપાય છે. જેઓ આવા દીન ભકતજનો છે તેમની પ્રત્યે જ પ્રભુ પોતાની ઇચ્છા અનુકૂળ કરે છે. ૨.

જો પ્રભુની ઇચ્છા અનુકૂળ થાય તો પછી દાસને કયું ફળ દુર્લભ હોય? દુનિયામાં પણ એવું જોવામાં આવે છે કે જેઓ દીન હોય તેમની ઉપર જ દયા આવે. ૩.

માટે આ માર્ગમાં દીનતા જ પરમ સાધનરૂપ ગણાય છે. અભિમાન ને મદ આ બેઉ હમેશાં દીનતાના વિરોધી છે. ૪.

જેઓ પુષ્ટિમાર્ગીય ફળની ઇચ્છા વાળા હોય તેમણે એને બરાબર ઓળખી યત્નપૂર્વક તેનો ત્યાગ કરવો જોઇએ ને સર્વ ઇન્દ્રિયોનો સાધન તરીકે ઉપયોગ કરી તેમની દુષ્ટતાનો નાશ કરવો જોઈએ. ૫.

અથવા તો જીવથી આમ કરવું અશકય હોય તો તેણે પોતાના સ્વામીનો કેવળ આશ્રય કરવો. જો તે સ્વામીનો આશ્રય કરશે તો સ્વામી શ્રીઆચાર્યજી પોતે અગ્નિસ્વરૂપ હોવાથી તેના દોષોને સંબંધ માત્રથી બાળી ભસ્મીભૂત કરશે. ૬.

આથી આપણા આચાર્યશ્રીનો આશ્રય કરવો ને જેઓ તેઓશ્રીને પરાયણ હોય તેમનો આશ્રય કરવો. અને એઓશ્રીના ગ્રન્થોનો અર્થબોધ થવા પ્રયત્ન કરવો ને દુઃસંગનો ત્યાગ કરવો. સાથે સાથે સત્સંગની-પ્રાપ્તિની આશા વાળા થઈ સેવામાં રત રહેવું અને અન્યાશ્રયના ત્યાગમાં વિચક્ષણ એવા કામ, લોભ, વગેરે દોષોનો પરિત્યાગ કરવાની ઇચ્છાવાળા થઈને હંમેશ રહેવું. ૭,૮,૯,

चतुस्त्रिंशत्तमं शिक्षापत्रम् ।

श्रीकृष्णः सर्वदा सेव्यः फलं प्राप्यं स्वतस्तु सः ।
मुखारविंदभक्त्यैव साक्षात्सेवैकरूपया ॥ १ ॥

चरणाऽऽत्मकभक्त्या तु धर्मसेवात्मरूपया ॥
धर्मद्वारा तद्विशिष्टः प्रभुः प्राप्यो न संशयः ॥ २ ॥

तत्र सायुज्यसंबंधो न लीभाऽमृतसेवनम् ।
मुखारविंदभक्तौ तु साक्षात् तत्सेवनं मतम् ॥ ३ ॥
एतादृक्फलिका भक्तिर्भवेत्केवलपुष्टितः ।
तत्राऽपि मुखरूपाऽस्मदाचार्याऽनुग्रहात् पुनः ॥ ४ ॥

अत एतद्भक्तिमद्भिः श्रीमदाचार्यसंश्रयः ।
प्रथमं सर्वथा कार्यस्तत एवाऽखिलं भवेत् ॥ ५ ॥

अतःपरं तु तद्भक्तेरवस्थासाधनादिकम् ।
निरूप्यते स्वतोषाय तत्कृपातो हृदि स्थितम् ॥ ६ ॥

यथा मर्यादया भक्तौ ब्रह्मभावस्तु साधनम् ।
तथा सर्वाऽऽत्मभावोऽत्र साधनत्वेन बुद्ध्यताम् ॥ ७ ॥

वस्तुतस्तु फलं चैव फलं स्यात्तत्प्रवेशतः ।
तत्स्वरूपं तु सर्वेषां देहांतःकरणात्मनाम् ॥ ८ ॥

येन भावेन भगवत्यात्मभावो हि जायते ।
यस्माद्भावात्स्वदेहादि सकलं स्यात्तदर्थकम् ॥ ९ ॥

न देहाद्यर्थसिद्ध्यर्थं भगवानप्यपेक्षते ।
यतो देहादिरक्षाऽपि प्रभुलीलोपयोगतः ॥ १० ॥

न स्वार्थबुद्ध्या स्वार्थोऽपि भगवानेव यत्र हि ।
येन भावेनाऽनिमित्ता प्रीतिर्भवति वै हरौ ॥ ११ ॥

न फलाकांक्षणं यत्र लौकिकानां यथा धने ।
तदभावे यथा लोका दुःखेनाऽसूंस्त्यजंति हि ॥ १२ ॥

सर्वत्यागस्तु सहजो यत्रलौकिकवेदयोः ।
नैरपेक्ष्यं स भावस्तु सर्वभावो निगद्यते ॥ १३ ॥

तथाऽत्र दैन्यमेवैकं मार्गे न श्रवणादिकम् ।
दैन्येनैव च संतुष्टः प्रादुर्भूतः फलं ददौ ॥ १४ ॥

तदेवाऽत्र हि संसेव्यं येन दैन्यं प्रसिद्ध्यति ।
यद्दैन्यनाशकं तद्धि विरोधी सकलं मतम् ॥ १५ ॥

एतन्मार्गांगीकृतौ हि हरिर्दैन्यं विवर्धयेत् ।
मदादिजनकं दुष्टं नाशयत्यपि(नाशयित्वापि)लौकिकम् ॥१६॥

स्वांगीकृतेर्हि निर्वाहः प्रभुणैव विधीयते ।
जीवाः स्वभावदुष्टा हि प्रचलेयुः कथं तथा ॥ १७ ॥

अतो दंडप्रदानेन पितेवाऽऽचरति प्रभुः ।
दंडोऽप्यनुग्रहत्वेन मंतव्यस्तु तदाश्रितैः ॥ १८ ॥

दंडदानं स्वकीयेषु परकीये ह्युपेक्षणम् ।
आर्तिरेवाऽत्र सततं भाव्या कृष्णपरोक्षतः ॥ १९ ॥

अत्र भक्तार्तिदृष्ट्यैवमुदितो हि हरिर्भवेत् ।
संगो भाववतामेव भाववृद्धिर्यतो भवेत् ॥ २० ॥

व्याघ्रस्याऽग्रे यथा देही तथा दुःसंगतो बिभेत् ।
दुःसंग एव भावस्य नाशकः सर्वथा मतः ॥ २१ ॥

दुःसंगतश्च्युताः सर्वे श्रुता हि भरतादयः ।
दुःसंगाऽन्नजदोषाभ्यामभूद्भीष्मो बहिर्मुखः ॥ २२ ॥

लौकिकाऽभिनिवेशात्तु मनोनिष्कासनं सदा ।
अलौकिकस्तु तद्भावस्तेनाऽपि च विनश्यति ॥ २३ ॥

वैराग्यपरितोषौ च हृदि भाव्यौ निरंतरम् ।
तदभ्यासात्तु मनसः कदाचिन्निर्गतिस्ततः ॥ २४ ॥

कामाऽभावाय वैराग्यं चिंत्यं चेतसि सर्वथा ।
परितोषस्त्वलोभाय भक्तौ तावेव बाधकौ ॥ २५ ॥

कामेनेन्द्रियवैमुख्यं लोभे पाखंडसंभवः ।
क्रोधस्तु मध्यपातित्वान्महाबाधक ईष्यते ॥ २६ ॥

यतो मार्गीयसर्वस्वदैन्यभावविनाशकः ।
दैन्यं सर्वेषु कार्येषु कृष्णसेवाकथादिषु ॥ २७ ॥

बीजं यथा मंत्रशास्त्रे तद्युक्तमखिलं भवेत् ।
तदभावे न सेवादि सकलं पुष्टिसाधकम् ॥ २८ ॥

तस्माद्रक्षेत्प्रयत्नेन दैन्यं भक्तियुतो नरः ।
दैन्येन गोपिकाः सिद्धाः कौंडिन्योऽपि परोक्षतः ॥२९॥

फलमत्र हरेर्भावो विरहात्मा सदा मतः ।
रसात्मकत्वात्तद्रूपे सर्वलीलासमन्वितः ॥ ३० ॥

स्वरूपे तस्य सततं साक्षात्कारो विशेषतः ।
युगपत् सर्वलीलानामनुभूतिः प्रजायते ॥ ३१ ॥

एवं विज्ञाय मनसा पुष्टिमार्गे विभावयेत् ।
प्राप्तिः श्रीवल्लभाचार्यचरणाब्जप्रसादतः ॥ ३२ ॥

अतः स एव सततं सर्वभावेन सर्वथा ॥
सुधीभिः कृष्णरसिकैः शरणीक्रियतां सदा ॥ ३३ ॥

इति श्रीहरिदासविरचितं चतुस्त्रिंशत्तमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૩૪ મું

મુખારવિંદની સેવા એ સાક્ષાત્ સેવારૂપ છે. તેથી શ્રીકૃષ્ણ સદા સેવ્ય છે. તે જ આપોઆપ ફલની પ્રાપ્તિ કરાવે છે. ૧.

ચરણાત્મક સેવાથી ધર્મવિશિષ્ટ પ્રભુની પ્રાપ્તિ થાય છે. તેમાં ધર્મદ્વારા પ્રભુ પ્રાપ્ત થાય છે. ૨.

ચરણારવિંદની સેવામાં સાક્ષાત સંબંધ છે, લોભાત્મક અધરામૃતનું (ભગવત્પ્રસાદનું) સેવન નથી. મુખારવિંદની ભક્તિમાં સાક્ષાત તેનું જ સેવન છે. ૩.

આવી લોભાત્મક અધરામૃતના સેવનરૂપ ફળ આપનારી ભક્તિ કેવળ પુષ્ટિ દ્વારા જ સિદ્ધ થાય છે. તેમાં પણ આપણા આચાર્ય શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણના મુખારવિંદ રૂપ છે, તેથી તેવી ભક્તિ તેઓશ્રીના અનુગ્રહથી સિદ્ધ થાય છે. ૪.

માટે જેઓ આવી મુખારવિંદની ભક્તિની ઇચ્છાવાળા હોય તેમણે આશ્રય કરવો રહ્યો. તેમ થયેથી સઘળું સિદ્ધ થશે. ૫.

હવે આવી ભક્તિની અવસ્થા કેવી હોય તેનાં સાધનાદિક કેવાં હોય અને તે તેઓશ્રીની કૃપાથી હૃદયમાં કેવી રીતે સિદ્ધ થઈ શકે તેનું નિરુપણ આપણા ભગવદીયોના સંતોષ અર્થે કરૂં છું. ૬.

જેમ મર્યાદા ભક્તિમાં બ્રહ્મભાવ સાધન છે, તેમ પુષ્ટિભક્તિમાં સર્વાત્મભાવ સાધન છે. ૭.

વસ્તુતઃ તો આ સર્વાત્મભાવ એજ ફલરૂપ છે. સર્વાત્મભાવનો અંદર પ્રવેશ થાય તો દેહ, અંતઃકરણ આત્મા, સર્વ તેના સ્વરૂપ બને. ૮.

તેવા સર્વાત્મભાવથી ભગવાનમાં આત્મભાવ થાય છે. એવો ભાવ થવાથી આપણાં દેહાદિક સર્વે પ્રભુ માટે જ ઉપયોગી બની જાય છે. ૯.

ભગવાન દેહાદિક અર્થની સિદ્ધિ થાય એવી અપેક્ષા રાખતા નથી. દેહાદિકની રક્ષા પણ પ્રભુની લીલામાં ઉપયોગી થવા માટે જ છે. ૧૦.

આમાં સ્વાર્થબુદ્ધિને સ્થાન નથી. અહીં તો ભગવાન એજ તેના સ્વાર્થરૂપ છે. જ્યાં સ્વાર્થ પણ ભગવાન હોય ત્યાં તેવા ભાવને લીધે ભગવાનમાં નિશ્ચય નિષ્કારણ પ્રીતિ થાય છે. ૧૧.

અહીં ફલની ઇચ્છાને સ્થાન નથી. લૌકિક વસ્તુઓમાં તો ધન મુખ્ય હોય છે અને તે ન મળે તો તેને માટે લોકો સુખદુઃખ સહન કરે છે, અરે, પોતાનો પ્રાણ સુદ્ધાં ત્યજી દે છે. ૧૨.

પરંતુ, જેમાં સર્વ લૌકિક વૈદિકનો ત્યાગ સહજ રહેલો હોય, ને જેમાં નિરપેક્ષા રહેલી હોય, તેવા ભાવને સર્વભાવ કહેવામાં આવે છે. (જો ભગવાનમાં સહજ પ્રીતિ હોય તો જ આવું બને.) ૧૩.

તેવી જ રીતે આ માર્ગમાં દીનતા એ એક મુખ્ય વસ્તુ છે, શ્રવણાદિક સાધનો નથી. દીનતાથી જ પ્રભુ પ્રસન્ન થઈ પ્રકટ થયા ને (વ્રજભક્તોને) ફલનું દાન કર્યું હતું. ૧૪.

માટે દીનતા સિદ્ધ થાય તે પ્રમાણે તેનું સેવન કરવું. જે કાંઇ દીનતાનો નાશ કરે એવું હોય, તે સર્વ વિરોધી કહેવાય. ૧૫.

ખરૂં જોતાં આ માર્ગમાં જેઓનો અંગીકાર કરવામાં આવેલો છે તેમનામાં હરિ દૈન્યની બુદ્ધિ કરે છે એટલું જ નહિ પણ જે કાંઈ મદાદિકને ઉત્પન્ન કરે એવા દુષ્ટ લૌકિકનો નાશ કરે છે. ૧૬.

પ્રભુએ જેઓનો અંગીકાર કર્યો છે તેઓનો નિર્વાહ પણ પ્રભુ જ કરે છે. જીવ તો સ્વભાવથી દુષ્ટ છે. તેથી તે (ભાવ પ્રમાણે) કેવી રીતે ચાલે. ? ૧૭.

તેથી જેમ કોઇ પિતા દંડ દઇને પણ પોતાના પુત્રાદિકનું હિત જ કરે છે, તેમ જેઓ પ્રભુના આશ્રિતો છે તેમને જો દંડ થાય તો તે પણ પ્રભુનો અનુગ્રહ છે એમ જાણવું. ૧૮.

જેઓ પોતાના હોય તેમને જ દંડ દેવામાં આવે છે, જેઓ પારકા હોય તેમની તો ઉપેક્ષા કરવામાં આવે છે. આમ અહીં શ્રીકૃષ્ણ પરોક્ષ રહે છે માટે જીવે હમેશાં જ આર્તિ કરવી. ૧૯.

પ્રભુ ભક્તની આર્તિ જોઈ પ્રસન્ન થાય છે. માટે સંગ કરવો તો ભાવવાળા ભગવદીયોનો જ કરવો, જેથી ભાવની વૃદ્ધિ થાય. ૨૦.

જેમ પ્રાણી વાઘથી બ્હીએ, તેમ જીવે દુઃસંગથી બ્હીતા રહેવું જોઇએ. દુઃસંગ જ ભગવદ્ભાવનો સર્વથા નાશ કરનારો માનવામાં આવ્યો છે. ૨૧.

ભરતાદિ દુઃસંગથી જ બહિર્મુખ થયા એવું આપણે સાંભળ્યું છે. ભીષ્મ દુઃસંગદોષ તથા અન્નદોષને લેઇને બહિર્મુખ થયા હતા. ૨૧.

હમેશાં મનને લૌકિક આવેશથી દૂર રાખવું, જ્યારે અલૌકિક ભાવ તો એવો છે જે લૌકિક આવેશને મટાડે. ૨૩.

હૃદયમાં હંમેશાં વૈરાગ્ય ને સંતોષ રાખવો. તેના સતત અભ્યાસથી મન લૌકિકમાં અભિનિવેશ કરતું અટકશે. ૨૪.

કામનાનો અભાવ થાય એ માટે ચિત્તમાં ખાસ વૈરાગ્યનું ચિંતન કરવું. લોભવૃત્તિ નિવૃત્ત થાય એ માટે સંતોષને સેવવો. આ કામ અને લોભ બેઉ ભક્તિમાં બાધક છે. ૨૫.

કામદિકથી ઇન્દ્રિયો વિમુખ થાય છે, લોભથી પાખંડનો સંભવ થાય છે, ક્રોધ બન્નેની વચ્ચે રહેલો છે. આ ત્રણે બાધક છે. ૨૬.

ક્રોધ માર્ગના સર્વસ્વરૂપ એવી દીનતાનો નાશ કરનારો છે. અને દીનતા તો શ્રીકૃષ્ણ–સેવા–કથા વગેરે સર્વ કાર્યોમાં બીજ રૂપ છે. ૨૭.

જેવી રીતે મંત્ર શાસ્ત્રોમાં મંત્ર બીજરૂપ છે ને ફલ દેનારો છે, તેવી રીતે બીજરૂપ દીનતાના અભાવમાં સેવાદિ સર્વે પુષ્ટિમાં સિદ્ધિ કરનારાં થતાં નથી. ૨૮.

માટે ભક્તિમાન જીવે દીનતાનું પ્રયત્ન પૂર્વક રક્ષણ કરવું જોઇએ. ગોપીજનો કેવળ દીનતાથી જ સિદ્ધિવાળાં થયાં. કૌંડિન્ય ઋષિ પણ પરોક્ષ રીતે સિદ્ધિ પામ્યા. ૨૯

માટે અહીં હરિ માટે વિરહાત્મક ભાવ ફલરૂપ માનવામાં આવ્યો છે. વિહરાત્મક સ્વરૂપમાં રસાત્મક–

પણું હોવાથી પ્રભુની સર્વ લીલા સાથે તે સમન્વિત થયેલો છે. ૩૦.

આવી વિરહાત્મક ભાવનાથી સ્વરૂપમાં વિશેષે કરીને નિરંતર સાક્ષાત્કાર થાય છે. તેનાથી સર્વલીલાની અનુભૂતિ એકી સાથે થાય છે. ૩૧.

આવું સમજી મનથી પુષ્ટિમાર્ગની ભાવના કરવી શ્રીવલ્લભાચાર્યજીના ચરણકમલની કૃપાથી તેની પ્રાપ્તિ થશે. ૩૨.

માટે જેઓ શ્રીકૃષ્ણરસિકો છે અને જેમની બુદ્ધિ તેમાં નિમગ્ન થયેલી છે તેમણે સર્વાત્મભાવ વડે સર્વથા શ્રીમહાપ્રભુજી એ જ મારૂં આશ્રયસ્થાન છે, એવી શરણ-ભાવના કરવી. ૩૩.

पंचत्रिंशत्तमं शिक्षापत्रम् ।

तदीयानां महद्दुःखं त्विजातीयेन संगमः ।
सभाषणं सजातीयैरसंगो भाषणं च न ।
तदेतदुभयं जातं ममेवाऽद्य स्वभाग्यतः ॥ १ ॥

दुःखांतरं तु ज्ञानेन भक्त्या वाऽपि निवर्तते ।
लौकिकं विषयप्राप्त्या न हि दुःसंगजं क्वचित् ॥ २ ॥

दुष्टानां दुर्वचोबाणैर्भिन्नं मर्मणि मद्वपुः ।
न क्वाऽपि लभते स्वास्थ्यं समाहितमपि स्वतः ॥३॥

इदानीं तु जनाः प्रायो दुःसंगपदवीं गताः ।
शुद्धं मनः कलुषितुं क्षणेनाऽतिविचक्षणाः ॥ ४ ॥

गृहस्थितस्य व्यावृत्तियुतस्य नहि तादृशाम् ।
संगो वारयितुं शक्यो व्यावृत्तेर्विनिरोधतः ।
अव्यावृत्तौ न विश्वासदार्ढ्यं येन तथा कृतिः ॥ ५ ॥

भगवद्द्वेषितां यातः स तु तक्षक एव हि ॥
यथा विप्राऽर्भकवचःप्रेरितः क्रोधमूर्छितः ॥ ६ ॥

अदशत्स समागत्य महाभक्तं परीक्षितम् ।
तथा दुर्जनवाक्यैकप्रेरितो ह्यतितामसः ॥ ७ ॥

अवज्ञया दुर्वचनैरधिक्षेपेण मामयम् ।
दुष्कर्मा भौतिको दुष्टः स साध्यः सत्क्रियोक्तिभिः ॥ ८ ॥

आध्यात्मिको ज्ञानशून्यो ह्यन्यथा ज्ञानवानपि ।
कष्टसाध्यः कदाचित्स तत्त्वबोधेन शुद्ध्यति ॥ ९ ॥

प्रीतिशून्यो महादुष्टः स न साध्यः कथंचन ।
यथा नपुंसको नैव ह्यौषधैः पुरुषो भवेत् ॥ १० ॥

यथा त्रिदोषग्रस्तो न कथंचिदपि जीवति ॥
प्रीतिशून्यो नीरसश्च न तथा श्रवणादिभिः ॥ ११ ॥

प्रायः स आसुरो जीवो यस्मिन्प्रीतेरसंभवः ।
तादृशैर्नित्यसंगेन भवेदासुरभाववान् ॥ १२ ॥

दुष्कर्मा कर्मदुष्टः स्यात् ज्ञानदुष्टोऽन्यथादृशिः ।
प्रीतिशून्यो भक्तिदुष्टस्तत्तन्मार्गगतस्त्यजेत् ॥ १३ ॥

इति श्रीहरिदासविरचितं पंचत्रिंशत्तमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૩૫ મું.

વિજાતિઓનો સંગ થાય, જ્યારે ભગવદીયો સાથે ન તો સંગ કે ન તો સંભાષણ થાય, એ વૈષ્ણવોને મહાદુઃખનું કારણ છે. ભાગ્યયોગથી મને આ બન્ને હાલત પ્રાપ્ત થઈ છે. ૧.

જો દુઃખ કોઈ બીજા પ્રકારનું હોય તો તો જ્ઞાન કે ભકિત દ્વારા તેનું નિરાકરણ થઇ શકે. જો લૌકિક વિષયોને લગતું દુઃખ હોય તો તે તે વિષયોની પ્રાપ્તિથી તે નિવૃત્ત થાય. પરંતુ દુઃસંગથી ઉત્પન્ન થતું દુઃખ કોઈ વખત નિવૃત્ત થતું નથી ૨.

દુષ્ટજનોનાં દુર્વચનોરૂપી બાણોથી મારા શરીરના મર્મો ભેદાઇ ગયા છે. તેનાથી મને જરી પણ સ્વાસ્થ્ય મળતું નથી ને હું આપબળે ધીરજ રાખી શકતો નથી. ૩.

ઘણું કરીને હાલ લોકો દુઃસંગની સામાન્ય સ્થિતિએ પહોંચ્યા છે. તેથી મન સિદ્ધ હોય છતાં તેઓ તેને એક ક્ષણમાં મલીન કરવાને ઘણા ચાતુર હોય છે. ૪.

જેઓ ઘરબારી છે તેમને ધંધાદારી જીવોનો સંગ થાય છે. ધંધાને લીધે તેવાઓનો સંગ છોડી શકતા નથી.

અવ્યાવૃત્તિમાં દઢ વિશ્વાસ હોતો નથી. તેથી જ એવી કૃતિ થાય છે. ૫.

જે કોઇ શ્રીભગવાનનો દ્વેષ કરનારો હોય તેને તક્ષક જેવો જાણવો. બ્રાહ્મણબાલક (શૃંગીઋષિથી) મોકલાયેલો તક્ષકનાગ આવીને મહાભક્ત પરીક્ષિતને કરડયો, તેવી જ રીતે દુર્જનનાં વચનથી મોકલાયેલો અતિ તમોગુણી ને દુષ્ટ કર્મ કરનારો મને નિંદા, દુર્વચન ને તિરસ્કાર વડે ડસે છે. આવો ભૌતિક દુષ્ટજન દુષ્ટકર્મ કરવાવાળો હોય છે. તે સત્ક્રિયા ને વાણીથી સાધ્ય (સુધારી શકાય) છે. ૬, ૭, ૮.

આધ્યાત્મિક દુષ્ટો જ્ઞાનશૂન્ય અથવા અન્યથા જ્ઞાનવળા હોય છે. તેઓ કષ્ટસાધ્ય છે. તે કોઇ દિવસે પણ તત્ત્વ-બોધથી શુદ્ધ થઈ શકે ૯.

પરંતુ, મહાદુષ્ટો (આધિદૈવિક દુષ્ટો) પ્રીતિશૂન્ય હોય છે. તેમને સુધારવાનો કોઇ પણ ઉપાય નથી. જેમ કોઈ નપુંસક હોય તો દવાથી પુરુષપણામાં આવતો નથી, જેમ કોઈ રોગીને ત્રિદોષ થયો હોય તો તે કોઇ પણ રીતે બચી શકતો નથી, તેમ પ્રીતિ વગરનો નીરસ શ્રવણાદિકથી પણ સાધ્ય થતો નથી. ૧૦, ૧૧.

જેમનામાં પ્રીતિનો છાંટો પણ હોતો નથી. તેઓ ઘણે ભાગે આસુરી જીવો હોય છે. રોજ જો તેમનો સંગ

કરવામાં આવે તો આસુરી ભાવવાળા થઇ જવાય. ૧૨.

દુષ્ટકર્મ કરનાર કર્મદુષ્ટ કહેવાય, વિપરીત દૃષ્ટિવાળો જ્ઞાનદુષ્ટ કહેવાય; ને પ્રીતિશૂન્ય ભકિતદુષ્ટ કહવાય. તે તે માર્ગના અનુયાયીઓએ તે તે માર્ગના એવા દુષ્ટોને ત્યજી દેવા. ૧૩.

षट्त्रिंशत्तमं शिक्षापत्रम् ।

नैव चिंता प्रकर्तव्या लौकिकी भक्तिमार्गगैः ।
चित्ते चिंतातुरे कृष्णः कथमाविशते गुणैः ॥ १ ॥

यथा गृहे गृहपतिः शुद्धे संमार्जनादिभिः ।
स्वस्थस्तिष्ठत्यन्यथा तु परावर्तेत सर्वथा ॥ २ ॥

उक्तं च प्रभुभिस्तस्मान्नवरत्ने कृपालुभिः ।
अतोऽन्यविनियोगेऽपि चिंता का स्वस्य सोऽपि चेत् ॥३॥

धर्ममार्गविचारेऽपि कलौ कर्तैव लिप्यते ।
न संसर्गकृतो दोषस्तथा कलियुगे भवेत् ॥ ४ ॥

युगांतरे तथैवाऽयं पंचमत्वेन गण्यते ।
यद्यप्युक्तं निजाऽऽचार्यैः स्थेयं नाऽवैष्णवैः सह ॥ ५ ॥

तथाऽपि लोकसंकोचः कर्तव्यस्त्वग्रदर्शनैः ।
मनः स्थाप्यं तन्निवृत्तौ समये तन्निवर्तनम् ॥ ६ ॥

तत्कालं तत्प्रयत्ने तु रोगस्येवोद्भवो भवेत् ।
अतः कार्यं शनैरेव प्रतिबंधनिवर्तनम् ॥ ७ ॥

वृथा चिंता न कर्तव्या स्वमनो मोहकारणम् ।
यथा सच्छिद्रकलशाज्जलं स्रवति सर्वशः ॥ ८ ॥

तथाऽऽयुः सततं याति ज्ञायते न गृहस्थितैः ।
एवं हि गच्छत्यायुष्ये क्षणं नैव विलंबयेत् ॥ ९ ॥

भगवच्चरणे चेतः स्थापनेऽतिविचक्षणः ।
शरीरं प्राकृतं तद्धि ह्यनित्यं सर्वथा मतम् ॥ १० ॥

तत्संबंधोऽप्यविद्यातस्ततोऽहंममताऽऽत्मकः ।
संसारस्तत्कृतः सर्वसंबंधोऽपि मृषा मतः ॥ ११ ॥

तत्संबंधकृतं दुःखं न हि मंतव्यमुत्तमैः ।
प्रतिबंधनिवृत्त्यर्थं हरिं शरणमाव्रजेत् ॥ १२ ॥

भक्तदुःखाऽसहिष्णुस्तं तदैव हि निवर्तयेत् ।
अशक्ये हरिरेवास्तीत्येवमेव प्रभोर्वचः ॥ १३ ॥

यावच्छक्तिः प्रकर्तव्यो ह्युपायस्तन्निवर्तने ।
प्रतिकूले च तत्त्यागपर्यंतं विहितं पुनः ॥ १४ ॥

सर्वथा स्वस्य चाऽशक्तौ हरिरेव हि रक्षकः ।
स्वकीयचिंतां कुरुते कर्ता स च करिष्यति ॥ १५ ॥

स्वयं किमर्थं कर्तव्या पितरीव शिरःस्थिते ।
न त्यक्ष्यति कृपापूर्णः सेवकं सर्वदाश्रितम् ॥ १६ ॥

आचार्यशरणं तस्य चिंतालेशोऽपि नैव हि ।
तस्माच्छ्रीवल्लभाचार्यचरणाऽब्जद्वयाऽऽश्रितैः ॥ १७ ॥

न काऽपि चिंता कर्तव्या कृष्णसेवां विना पुनः ।
निवेदनाऽनुसंधानचिंतामात्रं विधीयताम् ॥ १८ ॥

लोके स्वास्थ्यं तथा वेद इति श्रीमत्प्रभोर्वचः ।
स्मृत्वा शीघ्रं हृदिस्था सा निवर्त्या सेवनाऽर्थिभिः ॥१९॥

इति श्रीहरिदासविरचितं षट्त्रिंशत्तमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૩૬ મું.

લૌકિકમાં રહેનારા ભકિતમાર્ગીય વૈષ્ણવોએ કદિપણ ચિન્તા કરવી નહિ. જો ચિત્ત ચિન્તાતુર હોય તો તેમાં ગુણવાળા પ્રભુ શી રીતે પ્રવેશ કરે ? ૧.

જેમ ઘર લીંપી ઝાડીઝૂડી સાફ રાખ્યું હોય તો તેમાં રહેનાર સ્વસ્થ થઈને રહે નહિ ,તો સર્વથા પાછો ફરે તેમ (પ્રભુ પણ તેવા ચિંતાતુર હૃદયથી પાછા ફરે છે.) ૨.

આથી જ નવરત્નમાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે જો અન્ય પણ આપનું (પ્રભુનું) હોય તો અન્યના વિનિયોગમાં ચિંતા શા માટે કરવી. ૩.

ધર્મમાર્ગની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો કર્તા એકલો લિપ્ત થાય છે. કળિયુગમાં સંસર્ગદોષ લાગતો નથી. ૪.

તે જ પ્રમાણે અન્ય યુગોની સરખામણીમાં આ યુગ પાંચમો યુગ (એટલે ઉત્તમોત્તમ) ગણાય છે. પરંતુ આપણા આચાર્યજીએ કહ્યું છે કે અવૈષ્ણવોની સાથે કદિ રહેવું નહિ. ૫.

આમ છતાં આગળનો વિચાર કરી લોકસંકોચ પણ રાખવો (તેવા અવૈષ્ણવનો અસંગ તરત ન બને તેમ હોય

તો) પણ તેની નિવૃત્તિમાં મન રાખવું ને સમય આવે ત્યારે નિવૃત્ત થવું. ૬.

જો દર્દ થાય ને તેને તરત જ (તેનું મૂળ ખોળ્યા વગર) પ્રયત્ન કરી દબાવવામાં આવે તો તે દર્દ તે વેળા તો દબાઇ જાય છે. પણ પાછું તે ફરીથી પણ ઉત્પન્ન થાય. માટે પ્રતિબંધો આવી પડે તો ધીમે ધીમે તેમનું નિવારણ કરવું. ૭.

ચિન્તા મોહના કારણરૂપ છે માટે તે નકામી કરવી નહિ. જેમ કોઇ પાત્ર કાણું હોય તો તેમાંથી જળ ચારે બાજુથી ઝરી જાય છે, તેમ ગૃહસ્થાશ્રમીનું આયુષ્ય ચાલ્યું જાય છે તો પણ તેને ખબર પડતી નથી માટે જો ભકતે પોતાના ચિત્તને ભગવચ્ચરણમાં સ્થાપવું હોય તો પોતે ચતુર હોય તો ક્ષણ માત્ર પણ વિલંબ ન કરવો. ૮,૯.

શરીર પ્રાકૃત છે. તેને સર્વથા અનિત્ય માનવામાં આવ્યું છે. એની સાથે સંબંધ અવિદ્યાથી થયો છે. અહંતા-મમતાત્મક સંસાર તેનાથી જ ઉત્પન્ન થયેલો છે. એટલે તેનાથી થયેલો સંબંધ પણ ખોટો માન્યો છે. ૧૦, ૧૧.

ઉત્તમ વૈષ્ણવો એવા સંબંધથી થયેલા દુઃખને કશા પણ લેખામાં ગણતા નથી. તેઓ (અહંતામમતાત્મક પ્રતિબંધની નિવૃત્તિ માટે હરિને શરણે જાય છે. ૧૨.

પ્રભુ ભકતનું દુઃખ સહન કરી શકતા નથી. તે તેવા પ્રતિબંધને તેજ સમયે દૂર કરે છે. શ્રીમહાપ્રભુજીયે વચનામૃત કર્યું છે કે આપણાથી કશું જ ન બને ત્યાં પ્રભુ અપણા રક્ષક છે. ૧૩.

આપણે પ્રતિબંધની નિવૃત્તિ અર્થે યથાશકિત ઉપાય કરવો. જો (સ્ત્રીપુત્રાદિક) પ્રતિકૂળ હોય તો તેમનો ત્યાગ કરવો એવું શ્રીમહાપ્રભુજી નિબંધમાં કહે છે. ૧૪.

પોતાની અશકિતમાં સર્વથા હરિ જ આપણા રક્ષક છે. પ્રભુ પોતાના ભકતની ચિંતા કરે છે ને કરશે. ૧૫.

જેમ આપણે માથે પિતા બિરાજે છે, તેમ શ્રીઠાકોરજી પણ આપણે માથે બિરાજે છે, તો પછી આપણે ચિંતા શા માટે કરવી. ? પ્રભુ કૃપાપૂર્ણ છે. તે પોતાના આશ્રિત સેવકને કદિયે ત્યજી દેશે નહિ. ૧૬.

જેમણે શ્રીઆચાર્યજીનો દૃઢ આશ્રય કરેલો છે તેમને લેશમાત્ર પણ ચિંતા કરવાને કારણ નથી. જેઓ શ્રીવલ્લભાચાર્યજીના ચરણકમલના આશ્રિત છે તેમણે કૃષ્ણસેવા વિના અન્ય ચિન્તા કરવી ઘટે નહિ. ચિંતા કરવી તો તે કેવળ નિવેદનના અનુસંધાન પરત્વે કરવી. ૧૭, ૧૮..

શ્રીઆચાર્યજી 'નવરત્નમાં' કહે છે કે હરિ લોકવેદમાં સ્વસ્થતા કરશે નહિ. જેઓ પ્રભુમાં સ્થિતિ કરી રહેલા છે તેમણે ઉપરોક્ત વચનામૃત યાદ કરી ચિંતાને જલદી ત્યાગવી ૧૯.

सप्तत्रिंशत्तमं शिक्षापत्रम् ।

न शुद्धभावो नैवाऽस्ति सर्वभावो न दीनता ।
नाऽऽज्ञापरत्वं न विश्वासो न चाऽस्ति परमादरः ॥१॥
न सत्संगो नैव सेवा न निवेदनसंस्मृतिः ।
नाऽऽश्रयो न विवेको हि धैर्यं न शरणस्थितिः ॥२॥
न माहात्म्यपरिस्फूर्तिः स्नेहस्तु न हि कुत्रचित् ।
आसक्तिव्यसनादीनां कथाऽपि खलु दुर्लभा ॥ ३ ॥
भक्तिमार्गप्रवेशो न धर्ममार्गे न च स्थितिः ।
देशादिशुद्धभावो न कालदोषान्न वैदिकम् ॥ ४ ॥
न च व्यावृत्तिराहित्यं व्यावृतौ न हरौ मनः ।
न त्यागश्चापि सेवार्थं स्वतंत्रस्य तु का कथा ॥ ५ ॥
न कृष्णविरहस्फूर्तिः संयमो न च वाग्दशोः ।
नौदासीन्यमभक्तेषु नाऽनासक्तिर्गृहादिषु ॥ ६ ॥
नाऽहंकारादिराहित्यं न स्वधर्मपरिग्रहः ।
नाऽन्यधर्मनिवृत्तिश्च किं करिष्यति मत्प्रभुः ॥ ७ ॥
मयि दोषनिधाने तु सर्वसद्गुणवर्जिते ।
निःसाधनत्वमेवं हि स्वस्य नित्यं विभावयेत् ॥ ८ ॥

इति श्रीहरिदासविरचितं सप्तत्रिंशत्तमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૩૭મું

શુદ્ધભાવ નથી, સર્વાત્મભાવ નથી, દીનતા નથી, શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરવામાં તત્પરતા નથી, વિશ્વાસ નથી, પ્રભુમાં પરમ આદર નથી; સત્સંગ નથી, સેવા નથી, નિવેદનની સ્મૃતિ નથી, આશ્રય નથી, વિવેક નથી, ધૈર્ય નથી, શરણસ્થિતિ નથી; ૧, ૨.

હૃદયમાં શ્રીકૃષ્ણના માહાત્મ્યની સ્ફૂર્તિ નથી, કોઈ ઠેકાણે સ્નેહ નથી, આસક્તિ ને વ્યસનાદિકની વાત તો દુર્લભ છે; ભકિતમાર્ગમાં પ્રવેશ નથી, વળી ધર્મમાર્ગમાં પણ સ્થિતિ નથી, દેશાદિ પણ શુદ્ધ ભાવવાળાં નથી, કાલદોષથી વૈદિકધર્મ પણ નથી; ૩, ૪.

વ્યાવૃત્તિ વગર ચાલતું નથી, વ્યાવૃત્તિ કરતાં હરિમાં મન લાગતું નથી, વળી સેવા અર્થે ત્યાગ પણ નથી, તો પછી મનને પોતાને વશ કરી સ્વતંત્ર થવાની તો વાત જ શી? ૫.

શ્રીકૃષ્ણના વિરહની સ્ફૂર્તિ નથી, વાણી ને મનનો સંયમ નથી, અભક્તોમાં ઉદાસીન વૃત્તિ નથી, ગૃહાદિકમાં અનાસક્તિ નથી; ૬.

અહંકારાદિકનો અભાવ નથી, સ્વધર્મનો પરિગ્રહ નથી, વળી અન્ય ધર્મની નિવૃત્તિ નથી; આવી રીતે હું દોષોના ભંડારરૂપ છું અને સર્વ સદ્ગુણોથી રહિત છું, તો પછી મારા પ્રભુ મારી શી ગતિ કરશે?

જીવે નિત્ય આ પ્રમાણે નિઃસાધનપણાની ભાવના કરવી. ૭, ૮.

अष्टत्रिंशत्तमं शिक्षापत्रम् ।

कृष्णे रसात्मके नित्यं गोपिकामंडलस्थिते ।
यमुनापुलिनांतस्थवृन्दावनविराजिते ॥ १ ॥

नित्यगानरसाविष्टे विशिष्टेऽक्षरतः क्षरात् ।
भावैकगम्ये सर्वत्र प्रसिध्धे पुरुषोत्तमे ॥ २ ॥

यस्यावतारः पुरुष आद्यो ब्रह्मांडविग्रहः ।
तस्यांशा एव ये भूमौ मत्स्याद्या इति बुध्यताम् ॥३॥

अक्षरं धाम वैकुंठं व्यापिवैकुंठसंज्ञकम् ।
ब्रह्मानंदस्तत्र लक्ष्मीः पूर्णानंदो हरिः स्वयम् ॥४॥

रमावैकुंठवासी तु विभूतिर्यस्य वैष्णवी ।
रमा तु पालिका तत्र शक्तिरित्यवगम्यताम् ॥५॥

मूलभूतस्यावतारे मूर्तिव्यूहोऽभिधीयते ।
प्रद्युम्नो वासुदेवश्चानिरुद्धोऽनंत एव च ॥६॥

व्यूहं विरच्य यस्तत्र स्थाप्यते प्राप्यते न सः ।
तथैतैरावृतः कृष्णो नावतारेऽवगम्यते ॥७॥

अत एव जना भ्रान्ताः प्राकृतं तं वदन्ति हि ।
अंशकार्यं मूलरूपे कल्पयंत्यज्ञतां गताः ॥ ८ ॥

कृष्णस्तु केवलं लीलां करोति रसरूपिणीम् ।
भूभारहरणं चक्रे कलाभ्यामेव सर्वथा ॥९॥

परमानंददानं तु स्वरूपेणेति निश्चयः ।
व्रजस्थ एव सततं पुरस्थो वा कृपापरः ॥१०॥

तत्रापि रूपभेदेन क्रीडति स्म तथा रसः ।
धर्मिमात्रं स्वमर्यादारहितं केवलं व्रजे ॥११॥

सर्वधर्मविशिष्टं तु समर्यादं पुरे मतम् ।
उच्छृंखला तु या लीला केवलेन व्रजे कृता ॥१२॥

परमानंदरूपा सा बाललीलादिभेदतः ।
सर्वत्र रसलीलात्वं गूढभावेन वर्णितम् ॥१३॥

कामरूपतया कृष्णे वयो न हि नियामकम् ।
एतादृशे मूलरूपे मूललीलासमन्विते ॥ १४ ॥

चित्तं निरंतरं स्थाप्यं सैव सेवा स्वमार्गगा ।
तत्सिद्धयर्थं शरीरेण वित्तेनापि विधीयताम् ॥१५॥

निवेदनानुसंधानं विधेयं तादृशैः सह ।
सत्संग एव कर्तव्यो विश्वासः स्थाप्यतां दृढः ॥१६॥

कृष्ण कृपापराधीनो दीनानामनुपेक्षकः ।
स्वकीयानामनन्यभावात्करिष्यत्यवनं स्वतः ॥१७॥

धर्ममार्गप्रवृत्तिस्तु चित्तशुद्ध्या यथा हरौ ।
मतिः स्यान्नैव पाषण्डे तदर्थं सर्वथेष्यते ॥१८॥

मार्गप्रवर्तकाचार्यचरणेषु निरंतरम् ।
विश्वासः सुदृढः कार्यस्ततः सर्वं फलिष्यति ॥१९॥

विशेषो गोवर्धनदासपत्राज्ज्ञेयः किमधिकम् ॥

इति श्रीहरिदासविरचितं अष्टत्रिंशत्तमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૩૮મું.

કૃષ્ણ કેવા છે? કૃષ્ણ રસાત્મક છે, ગોપિકાઓના મંડળની મધ્યે નિત્ય સ્થિતિ કરી રહેલા છે; યમુનાજીના તટ પાસે આવેલા વૃંદાવનમાં બિરાજી રહ્યા છે, નિત્ય ગાન-રસમાં આવિષ્ટ રહે છે, ક્ષર ને અક્ષર બ્રહ્મથી વિશિષ્ટ છે, ભાવથી જ અનુભવી શકાય તેવા છે, અને સર્વત્ર પુરુષોત્તમ સ્વરૂપ છે. તેમનો આદ્ય અવતાર બ્રહ્માંડરૂપ પુરુષ છે (જેને વિરાટ પુરુષ કહેવામાં આવે છે.) મત્સ્યાદિ અવતારો આ પુરુષના અંશરૂપ છે એમ જાણવું. ૧, ૨, ૩.

અક્ષરધામ જ વૈકુંઠ કહેવાય છે. તે વ્યાપિ વૈકુંઠના નામથી પણ ઓળખાય છે. ત્યાં તે બ્રહ્માનંદરૂપે સ્થિતિ કરે છે ને લક્ષ્મીજી પણ ત્યાં જ બિરાજે છે. પરંતુ, હરિ આપ તો પૂર્ણાનંદ છે.

વળી રમા વૈકુંઠના વાસી એવા વિષ્ણુ વિભૂતિરૂપે બિરાજે છે. વૈષ્ણવી રમા (લક્ષ્મી) તેમાં પાલન કરનારી શક્તિરૂપે છે. ૪, ૫,

મૂળભૂત (શ્રીકૃષ્ણ)ના અવતારમાં અવતારરૂપ મૂર્તિ વ્યૂહ કહેવાય છે જે પ્રદ્યુમ્ન, વાસુદેવ અનિરુદ્ધ ને સંકર્ષણ-

રૂપે સ્થિતિ કરે છે. આ વ્યૂહને રચી પછી તેમાં જે સ્થાપન કરવામાં આવે છે તે પોતે નથી. આ પ્રમાણે આવૃત્ત થયેલા શ્રીકૃષ્ણ અવતારમાં ગમ્ય નથી ૬. ૭.

આથી જીવો ભ્રાન્તિમાં પડી જાય છે, તેથી તેઓ શ્રીકૃષ્ણને પ્રાકૃત કહે છે અને તેથી અજ્ઞાનતાને પ્રાપ્ત થયેલા તેઓ અંશના કાર્યને ફળરૂપ કલ્પે છે. ૮.

શ્રીકૃષ્ણ તો કેવળ રસરૂપ લીલા કરે છે તેમણે પૃથ્વીના ભારનુ હરણ તો સર્વથા કલા વડે જ કર્યું છે. ૯.

પોતે તો નિત્ય વ્રજમાં બિરાજે છે તે જ સ્વરૂપ પર-માનંદનું દાન કરે છે. જે મથુરામાં બિરાજે છે તે કૃપા કરે ત્યારે ફળસ્વરૂપથી પરમાનંદનું દાન કરે છે તેમાં પણ રસરૂપ પ્રભુ તો રૂપભેદ કરીને ક્રીડા કરે છે. પોતાની મર્યાદા સહિત કેવળ ધર્મી માત્ર રૂપ વ્રજમાં છે. ૧૦, ૧૧.

મથુરામાં તથા દ્વારકામાં જે સ્વરૂપ બિરાજે છે તે સર્વ ધર્મયુક્ત છે. જે લીલાઓ સ્વતંત્ર ને મર્યાદારહિત છે તે કેવળ વ્રજમાં કરવામાં આવેલી. તે લીલાઓ બાલલીલા–દિક ભેદેથી પરમાનંદરૂપ છે. સર્વત્ર ગૂઢ ભાવથી તેવી રસ–લીલાનું વર્ણન કરવામાં આવેલું છે. ૧૨, ૧૩.

શ્રીકૃષ્ણમાં કામરૂપતાની દૃષ્ટિએ તેમની વય નિયામક નથી. એવા મૂળ લીલાયુક્ત કૃષ્ણના મૂળ સ્વરૂપમાં ચિત્તને

નિરંતર સ્થાપવું. આનું નામ જ આપણી માર્ગીય સેવા: તેવી સેવા સિદ્ધ કરવાને તનુજા તથા વિત્તજા સેવા કરવી. ૧૪, ૧૫.

તથા નિવેદનનું અનુસંધાન તાદૃશી ભગવદીય સાથે કરવું; સત્સંગ પણ કરવો ને દૃઢ વિશ્વાસ રાખવો. ૧૬.

પોતાના કૃપાગુણને લીધે શ્રીકૃષ્ણ પરાધીન છે. તે દીનજનોની ઉપેક્ષા કરતા નથી. પોતાના ભક્તોના અનન્ય ભાવને લીધે તે પોતે જ સ્વતઃ તેમની રક્ષા કરે છે. ૧૭.

ધર્મમાર્ગની પ્રવૃત્તિ તો ચિત્તશુદ્ધિ માટે છે, જેથી હરિમાં ગતિ થાય ને પાખંડમાં ગતિ ન રહે. ૧૮.

આ પુષ્ટિમાર્ગના પ્રવર્તક શ્રીઆચાર્યજીના ચરણકમળમાં અતિ દૃઢ વિશ્વાસ રાખવો. વધુ તો ગોવર્ધનદાસના પત્રથી જાણશો. વધારે શુ લખું ? ૧૯.

एकोनचत्वारिंशत्तमं शिक्षापत्रम् ।

सत्संगेन प्रभौ चित्तं स्थापनीयं निरंतरम् ।
पूर्वं श्रुतानामर्थानामनुसंधानमादरात् ॥१॥

भगवत्सेवनं सम्यग्विधेयमिति निश्चयः ।
वैष्णवादिसमाधानं कृष्णसेवैव सर्वथा ॥२॥

यतः प्रभौः प्रपत्तिर्हि वर्धते कार्यकारणात् ।
सेवयैव हि संतुष्टः सुखसेव्यः प्रभुर्भवेत् ॥३॥

दुराराध्यस्य सेवैव वशीकरणसाधनम् ।
कृष्णसेवां प्रकुर्वंतो भाग्यवंतो जना मताः ॥४॥

तस्मान्मनः दृढं कृत्वा कृष्ण एव हि सेव्यताम् ।
अत्रत्यं वृत्तमखिलं वदिष्यति विशेषतः ॥५॥

श्रीविठ्ठलेशप्रभोर्दासः श्यामदाससहस्थितः ॥
तत्रत्यवृत्तांतोऽखिलो विविच्य लेख्यः किमधिकम् ॥६॥

इति श्रीहरिरायजीविरचितमेकोनचत्वारिंशत्तमं शिक्षापत्रम् ।

શિક્ષાપત્ર ૩૯મું.

ચિત્તને નિરંતર સત્સંગ દ્વારા પ્રભુમાં સ્થિર કરવું અને પૂર્વે સાંભળેલા અર્થનું આદરપૂર્વક અનુસંધાન કરવું. ૧.

ભગવાનની સેવા સારી પેઠે ને સુંદર રીતે કરવાનો નિશ્ચય રાખવો, વૈષ્ણવાદિકનું સમાધાન કરવું એ જ સર્વથા કૃષ્ણ સેવા છે. ૨.

કારણ કાર્યકારણભાવથી પ્રભુમાં પ્રપત્તિ વધે છે. માત્ર સેવાથી જ પ્રભુ સંતુષ્ટ થાય છે ને સુખસેવ્ય થાય છે. ૩.

પ્રભુ દુરારાધ્ય છે. સેવા એ જ શ્રીકૃષ્ણને વશ કરવાનું સાધન છે. જેઓ તેની સેવા કરે છે તેઓ જ ભાગ્યવાન છે. ૪.

માટે મનને દૃઢ કરી શ્રીકૃષ્ણની સેવા કરવી.

અહીંનો તમામ વૃત્તાંત શ્યામદાસની સંગે રહેલા એવા શ્રીવિઠ્ઠલરાયજીનો દાસ વિશેષતાથી કહેશે. ત્યાંના સર્વ વૃત્તાંત વિસ્તારથી લખશો. વિશેષ શું લખું? ૫, ૬.

चत्वारिंशत्तमं शिक्षापत्रम् ।

पत्रद्वारा प्रकरवै स्वदुःखविनिवेदनम् ।
महत्तराख्ये चलिते दूरगेषु भवत्सु च ॥१॥

जानामि निजमार्गस्य धर्मं किंचित्कृपाबलात् ।
तदसिद्धिजहृत्क्लेशं को मे दूरीकरिष्यति ॥२॥

प्रायः पाषण्डिमुख्योऽहं हरिणा हृदि चिंतितः ।
कृपालुरप्युपेक्षां मे कुरुते दीनवत्सलः ॥३॥

उपेक्षितश्चेद्धरिणा स्वजनैरप्युपेक्ष्यते ।
अतः कं यामि शरणं वनस्थ इव विस्मृतः ॥४॥

प्रभोरपि न वै दोषो गुणलेशोऽपि नो मयि ॥
विस्मृत्य दोषनिचयं यं गृह्णीयाद्गुणग्रहः ॥५॥

यथा निश्वासरहितं किं करोति सुभेषजम् ॥
तथा विगतभावं मां कथासेवादिकं पुनः ॥६॥

प्रायः कथैव नैषास्ति यतस्तिष्ठति नो हृदि ।
न वानुभवं कुरुते निजं त्यागाभिधं मयि ॥७॥

सेवा तु प्रतिबद्धा मे भोगोद्वेगादिबाधकैः ॥
गेहवित्तादिकासक्त्या कथं सा मानसी भवेत् ॥८॥

तातपादेषु यातेषु दुर्भगस्य परोक्षताम् ॥
सत्सु सर्वेषु यातेषु दशोर्दूरमहं स्थितः ॥९॥

श्रीभागवतचिंता तु न विना संगतेः सताम् ॥
मनसोऽत्यंतविक्षेपान्न वा शरणभावनम् ॥१०॥

वार्तान्तरकृतिप्रेम्णा नाष्टाक्षरमनोजपः ॥
महत्वमत्या लोकानां प्रपत्त्या दैन्यनाशनम् ॥११॥

निवेदनानुसंधानं सद्भिस्त्यक्तस्य मे कथम् ? ॥
केवलं शरणं सर्वत्यागाभावाच्च दुर्लभम् ॥१२॥

चांचल्याच्चेतसः कुत्र दृढः कृष्णपदाश्रयः ॥
विवेकधर्यै तद्वेद् मूर्खाधीशस्य मे कथम् ॥१३॥

भावो यदनुभावेन भवेन्निष्कासितस्ततः ॥
क्व ता व्रजभुवः कृष्णचरणांबुरुहांकिताः ॥१४॥

क्व शैलः कृष्णदासाख्यः पुलिंदीभावपोषकः ॥
क्व ते यमुनोद्देशा लीलारसवितारकाः ॥१५॥

क्व ते वेणुरवा यैर्वा समाकृष्टा व्रजस्थिताः ॥
व्रजनाथकरांभोजप्रोच्छिताः क्व गवां गणाः ॥१६॥

अनंतलीलाधारास्ते द्रुमाः क्व विपिनस्थिताः ॥
वेणुनादपरा वृक्षभुजारूढः क्व पक्षिणः ॥१७

व्रजस्त्रीचरणांभोजरेणवः क्व व्रजस्थिताः ॥
दधिनिर्मंथनोन्नादाः क्व ते श्रवणमङ्गलाः ॥१८॥

यमुनावालुकादेहसंबंधः क्व जलस्पृशिः ॥
बहिर्मुखत्वसातत्ये तदीयत्वं मे कुतः ॥१९॥

परमानंददूरस्थे चित्रं किं दुःखसंततौ ॥
पोषकाभावतो नैव दृढः स्वाचार्यसंश्रयः ॥२०॥

विषयाभिनिवेशेन प्रेक्षा न विशति प्रभौ ॥
जातोऽस्मि सांप्रतं सर्वसाधनाऽभाववानहम् ॥२१॥

निःसाधनत्वं भावे तु विद्यमाने प्रयोजकम् ॥
तदभावे केवलं मे दोषायैव न चान्यथा ॥२२॥

शरीरेणाप्यशक्तस्य क्रिया का चाऽत्र सेत्स्यति ॥
यथांधो बधीरो मूको विहस्तः पंगुरुन्मनाः ॥२३॥

अकामः कामविक्षिप्तो हरिणोपेक्षितोऽधुना ॥
विमृशामि सदा स्वांते का गतिर्मे भविष्यति ॥२४॥

विरक्तवेषिणास्माकमधिकारकृता पुनः ॥
कृतं युवतिवश्येन कार्यमेकमनीदृशम् ॥२५॥

कस्याश्चित्स्मरतिग्रामे विधवायाश्च संगमात् ॥
दुष्टेन स्थापितो गर्भः पातितश्च तथौषधात् ॥२६॥

मरणं चोभयोर्मध्ये कस्यचित्स्यान्न संशयः ॥
यत्नेन प्रेमजिन्नाम्ना मदापत्तिर्निवारिता ॥२७॥

विश्वासः कस्य कर्तव्य इति खिन्नं मनो मम ॥
गृहकार्यं न चलति मनुष्याणामभावतः ॥२८॥

अंतःस्निग्धोऽपि कार्ये तु मद्दोषानुस्मृतेः सदा ॥
प्रायशः प्रेमजिन्नाम्ना वर्ततेऽसौ विरक्तवत् ॥२९॥

चलितुं यतते तस्माल्लेख्या बहुसमाहृतिः ॥
क्षांतोऽपराधः सर्वोऽपि मृषा क्रोधवशस्ततः ॥३०॥

इदानीं तु कृपापूर्ववदस्तीति भयोज्झितैः ॥
भवद्भिः सर्वथा लेख्यः पत्रं सर्वैः पृथक् पृथक् ॥
[इदानीं तु (कृता) पूर्वमनोवृत्तिस्तु सर्वथा ।
तस्मात् भयोज्झितैः सर्वैः पत्रं लेख्यं पृथक् पृथक् ॥३१॥]

अतिप्रशंसया चित्तं यथा तस्य स्थिरं भवेत् ॥
मुखरोऽपि समीचीनो मुख्यदोषविवर्जितः ॥३२॥

वैद्यकेन गृहेऽस्माकं विशेषपरितोषणात् ।
भवत्संगात्कंचुकवत्पतितः पुनरुत्थितः ॥३३॥
विशेषः प्रेमजित्पत्राद् बोध्यः ॥

इति श्रीहरिरायजीविरचित चत्वारिंशत्तमं शिक्षापत्रम् ।

શિક્ષાપત્ર ૪૦ મું.

મહત્તર નામનો વૈષ્ણવ ચાલ્યો ગયો છે. તમે પણ દૂર છો. તેથી પત્રદ્વારા મારું દુઃખ જણાવવાનો પ્રયત્ન કરું છું. ૧.

પ્રભુકૃપાથી આપણા માર્ગનો ધર્મ શો છે એ હું જાણું છું પણ તેની અસિદ્ધિને લીધે મારા હૃદયમાં ક્લેશ ઉત્પન્ન થયો છે તેને કોણ દૂર કરશે.? ૨.

બહુધા પાખંડીઓમાં હું મુખ્ય છું. હરિએ જ એવું વિચાર્યું હશે. તેથી જ તે કૃપાળુ ને દીનબન્ધુ મારી ઉપેક્ષા કરે છે. ૩.

હરિએ ઉપેક્ષા કરી એટલે વૈષ્ણવોએ પણ ઉપેક્ષા કરી. વનમાં ત્યજાયેલો હું હવે કોને શરણે જાઉં ? ૪.

અરે, એમાં પ્રભુનો દોષ નથી. મારામાં જ લેશમાત્ર ગુણ નથી. પરંતુ પ્રભુ તો ગુણગ્રાહી છે. તે દોષોના સમૂહને વિસરી કેવળ ગુણોને જ ગ્રહણ કરે છે. ૫.

જેનો શ્વાસ જતો રહ્યો હોય તેને ઔષધિ પણ શું કરે ? તેમ મારામાંથી ભાવ જતો રહ્યો હોય તો પછી કથા-સેવાદિ પણ શું કરે ? ૬.

અરે, એવી કથા પણ થતી નથી, કે જેમાં હૃદય ઠરે. વળી સંન્યાસ નિર્ણયમાં ત્યાગ કહ્યો છે તે પણ કરાતો નથી. ૭.

ભોગ ને ઉદ્વેગાદિ પ્રતિબંધોથી સેવા તો બંધ થઈ ગઈ છે. ગૃહધનાદિકમાં આસક્તિ હોય તો પછી માનસી પણ શી રીતે સિદ્ધ થાય? ૮.

મારા જેવા દુર્ભાગ્યશાળીથી પિતા પણ પરોક્ષ થયા છે; સર્વ સત્પુરૂષો પણ દૂર ગયા છે ને હું તેમની દૃષ્ટિથી દૂર પડ્યો છું ૯.

સત્પુરૂષોના સંગ વિના શ્રીભાગવતનો વિચાર પણ થતો નથી. મનમાં અત્યંત વિક્ષેપ રહે છે તેથી શરણભાવના પણ થતી નથી. ૧૦.

બીજી વાર્તાઓ કહેવામાં પ્રેમ છે. તેથી મનનપૂર્વક અષ્ટાક્ષરનો જપ પણ થતો નથી. લોકો મને મોટો માની મારી પ્રત્યે શરણભાવ સેવે છે, તેથી હીનતાનો નાશ થાય છે. ૧૧.

સત્પુરૂષોએ મારો ત્યાગ કર્યો છે, એવો જે હું તેને નિવેદનનું અનુસંધાન ક્યાંથી થાય? મારામાં સર્વત્યાગ પણ નથી, કેવળ શરણ પણ દુર્લભ છે. ૧૨.

ચિત્ત ચંચળ રહે છે તો પછી શ્રીકૃષ્ણના ચરણારવિંદનો આશ્રય પણ ક્યાં? વિવેક ને ધૈર્ય જે આશ્રયના કારણરૂપ છે તે પણ મારા જેવા મૂર્ખાધીશમાં ક્યાંથી હોય? ૧૩.

જેના અનુભાવથી ભાવ ઉત્પન્ન થાય એવા વ્રજદેશથી હું નીકળ્યો છું તો હવે શ્રીકૃષ્ણના ચરણારવિંદના ચિન્હવાળી વ્રજભૂમિ ક્યાં? ૧૪.

પુલિંદીજીના ભાવનું પોષણ કરનાર હરિદાસ તરીકે પ્રસિદ્ધ થયેલ ગિરિરાજજી ક્યાં? અને લીલારસનો વિસ્તાર કરનાર શ્રીયમુનાજીથી ઉત્તમ થયેલો દેશ ક્યાં? ૧૫.

જેણે વ્રજમાં રહેલા વ્રજભક્તોનું આકર્ષણ કર્યું તે વેણુરવ ક્યાં છે? અને શ્રીકૃષ્ણે શ્રીહસ્તકમળ વડે પોંછેલી એવી ગાયોનો સમૂહ ક્યાં છે? ૧૬.

વૃંદાવનમાં સ્થિતિ કરી રહેલાં ને અનંત લીલાઓના આધારરૂપ તથા અનંદ લીલારૂપ મધુધારાને વહેવરાવતાં વૃક્ષો ક્યાં? વળી આ વૃક્ષોની શાખા પર બેઠેલાં અને વેણુનાદ સુણવામાં તત્પર એવાં મુનિરૂપ પક્ષીઓ ક્યાં? ૧૭.

વ્રજમાં રહેતી વ્રજસ્ત્રીઓના ચરણકમળની રેણુ ક્યાં? કાનને મંગલરૂપ એવો દધિમંથનનો નાદ ક્યાં? ૧૮.

શ્રીયમુનાજીની વાલુકા સાથે દેહનો સંબંધ ક્યાં?

શ્રીયમુનાજીના જલનો સ્પર્શ ક્યાં? જો મારામાં નિરંતર બહિર્મુખતાનો ભાવ હોય તો પછી તદીયત્વ ક્યાંથી હોય? ૧૯

પરમાનંદથી (શ્રીઠાકોરજીથી) દૂર રહેનારામાં દુઃખની પરંપરા ચાલે તેમાં નવાઇ શું? ભાવનું પોષણ કરનારના અભાવથી આપણા આચાર્યનો દઢ આશ્રય નથી. ૨૦.

વિષયમાં અભિનિવેશ થવાથી જ્ઞાનદષ્ટિ પ્રભુમાં પ્રવેશ કરતી નથીઃ આમ હું હવે સર્વ સાધનોના અભાવવાળો થયો છું. ૨૧.

જો ભાવ વિદ્યમાન હોય તો તો નિઃસાધનપણુ પ્રયોજક બને. પરંતુ, ભાવનો અભાવ થાય તો મારૂં નિઃસાધનપણું કેવળ દોષરૂપ બને છે, અન્યથા નહિ ૨૨.

આંધળો હોય, બહેરો હોય, મૂંગો હોય, હાથ વિનાનો હોય, પાંગળો હોય, બાવરો હોય, તેમ જ શરીરે અશક્ત હોય તો તેનું અહીં કયું કાર્ય સિદ્ધ થઈ શકે? ૨૩

હું ભગવદ્ધર્મની કામના વગરનો છું, લૌકિક કામથી વિક્ષિપ્ત છું, વળી હરિએ પણ હમણાં ઉપેક્ષા કરી છે તેથી હું મારા મનમાં હમેશાં વિચાર કરૂં છું કે મારી શી ગતિ થશે? ૨૪.

વળી કોઇએક વિરક્ત વેષધારી જે અમારૂં અધિકારી પણું કરતો હતો તેણે સ્ત્રી–વશ બનીને એક અનિચ્છનીય

(નિંદ્ય) કાર્ય કર્યું. તે દુષ્ટે સૂરતમાં કોઇક વિધવાની સોબતથી (તેનામાં) ગર્ભ સ્થાપન કરાવ્યો અને ઓષધિથી તે ગર્ભનો પાત કર્યો. (હવે) તે બંન્નેમાંથી કોઇકનું મૃત્યુ થાત એમાં સંશય નથી. (આ બાબતમાં) પ્રેમજી નામના (વૈષ્ણવે) પ્રયત્ન પૂર્વક મારી આપત્તિ ટાળી છે. ૨૫ ,૨૬, ૨૭.

કોનો વિશ્વાસ કરવો એ બાબતમાં મારૂં ચિત્ત બહુ ખેદ પામે છે. વળી મનુષ્યોનો અભાવ હોવાથી ઘરનું કામ પણ શી રીતે ચાલે? ૨૮.

પ્રેમજી નામનો વૈષ્ણવ ભીતર સ્નેહયુક્ત છે. પણ મારા દોષની સ્મૃતિથી તે ઘણું ખરૂં વિરક્તની પેઠે રહે છે. ૨૯.

(વૈષ્ણવના) સર્વે અપરાધ સહન કરાય છતાં પણ મિથ્યા ક્રોધને વશ થઇને તે જતા રહેવાનો યત્ન કરે છે. માટે ઘણું ઘણું કરીને તેમના મનનું સમાધાન કરજો. ૩૦.

હવે તો પહેલાંની પેઠે કૃપા છે. તેથી તમારે સર્વે નિર્ભય થઈ જુદા જુદા પત્રો લખવા. ૩૧.

તેનું ચિત્ત સ્થિર થાય તે પ્રમાણે અતિ પ્રશંસા કરીને પત્ર લખજો. તે જો કે બહુબોલો છે પણ મુખ્ય દોષોથી રહિત છે તેથી સારો છે. ૩૨.

તમારા સંગથી આપણા ઘરમાં વૈદ્યકનું વિશેષ સુખ છે તેથી હડાની પેઠે પડયો છતાં ફરીથી પાછો ઉઠયો છે. વિશેષ હકીકત પ્રેમજીના પત્રથી જાણજો. ૩૩.

एकचत्वारिंशत्तमं शिक्षापत्रम् ।

लौकिकं सकलं कार्यं प्रभुसेवोपयोजनात् ॥
परं सर्वत्र पूर्वं हि प्रभुश्चिन्त्यो न लौकिकम् ॥१॥

न रोचते हरेः स्वानां लौकिकासक्तियुङ्मनः ।
तदोपेक्षावशात्तस्य न सिद्ध्यत्यपि लौकिकम् ॥२॥

शुद्धभावः प्रभौ स्थाप्यो न चातुर्यं प्रयोजकम् ॥
अंतर्यामी समस्तानां भावं जानाति मानसम् ॥३॥

शुद्धभावे तदीयं तु लौकिकं साधयेत्स्वयम् ।
तत्साधितमविघ्नेन सर्वं सिद्ध्यति नान्यथा ॥४॥

आवश्यको हि कर्तव्यस्तदीयैर्लौकिके व्ययः ॥
अनासक्तौ लौकिकं तु वर्धते न च बाधते ॥५॥

अन्यथा वृद्धमप्येतद्बाधते तदुपेक्षया ।
कृष्णसेवैकविषये मुख्यं चेतो विधीयताम् ।
अन्यत्तदुपयोगित्वात्क्रियतां न तु मुख्यतः ॥६॥७॥

सेवैव साधनं सेवा फलमैहिकमत्र सा ।
सैवा लौकिकदेहेन संभवेत्पारलौकिकम् ॥८॥

तदर्थमेव कर्तव्यः सत्संगो भाववर्धकः ॥
अनिंधनो वह्निरिव भावः शाम्येत्तु लौकिकात् ॥९॥

आर्तिरेव सदा स्थाप्या हरिसंदर्शनादिषु ।
स्वास्थ्यं तु लौकिके नैव ददाति करुणानिधिः ॥ १० ॥

तदीयानां स्वतश्चिंतां कुरुते पितृवद्धरिः ।
पुनश्चिंतांप्रकुर्वाणा मूर्खा एव न संशयः ॥ ११ ॥

तस्मादाचार्यदासैस्तु मच्छिक्षायां सदा स्थितैः ।
सेव्यः प्रभुस्ततो भद्रमखिलं भावि सर्वथा ॥ १२ ॥

इति श्रीहरिरायजीविरचितमेकचत्वारिंशतमं शिक्षापत्रं संपूर्णम् ।

શિક્ષાપત્ર ૪૧ મું.

સર્વ લૌકિક કાર્ય પ્રભુસેવામાં ઉપયોગી હોય તે પ્રમાણે કરવું. સર્વ ઠેકાણે સર્વ કામમાં પ્રથમ પ્રભુનો જ વિચાર કરવો; લૌકિક ચિંતન કરવું યોગ્ય નથી. ૧.

જેઓ પ્રભુના જીવો છે તેમનું ચિત્ત લૌકિકમાં આસક્ત થાય એ ભગવાનને ગમતું નથી માટે પ્રભુ તેની ઉપેક્ષા કરે છે તેથી તેનું લૌકિક પણ સિદ્ધ થતું નથી. ૨.

પ્રભુમાં શુદ્ધભાવ સ્થાપન કરવો જોઇએ, તેમાં ચતુરાઇને અવકાશ નથી. પ્રભુ સર્વ જીવોના અન્તાર્યામી છે—તે મનમાં રહેલા ભાવને જાણે છે. ૩.

જો શુદ્ધભાવ હોય તો પ્રભુ તેનું લૌકિક પણ પોતે જ સિદ્ધ કરે છે. પ્રભુ જે કાંઇ સિદ્ધ કરે તે વિઘ્ન વિના પાર પડે છે; અન્યથા થતું નથી. ૪.

તદીયોએ લૌકિકમાં જેટલું આવશ્યક હોય તેટલું જ વ્યય કરવું. આસક્તિ ન હોય તો પણ લૌકિક તો વધે જાય તેમ છતાં તે બાધા કરે નહિ. ૫.

જો ઉપર પ્રમાણે ન કરે તો વધી ગયેલું લૌકિક પણ પ્રભુની ઉપેક્ષાથી બાધા કરે છે. માટે ચિત્તને શ્રીકૃષ્ણની

સેવારૂપ વિષયમાં સ્થાપન કરવું; બીજું જે કાંઇ કરવું તે સેવાના ઉપયોગીપણાની દૃષ્ટિથી કરવું, મુખ્યતાથી ન કરવું. ૬,૭.

સેવા જ સાધન છે. અહીં સેવા થાય એ ઐહિક ફળ છે. જે અલૌકિક દેહ વડે થાય એ પારલૌકિક ફળરૂપ છે. અને તે માટે જ ભાવ-વર્ધક એવો સત્સંગ કરવો. કેમ કે જેમ ઇંધન [બળતણ] વિનાનો અગ્નિ શાંત થઇ જાય છે તેમ લૌકિકોના સંગથી ભાવ શાંત થઇ જાય છે. ૮,૯.

હરિનાં સુંદર દર્શનાદિકમાં હમેશાં આર્તિ સ્થાપન કરવી. કરૂણાના સાગરરૂપ પ્રભુ લૌકિકમાં સ્વાસ્થ્ય નહિ કરે. ૧૦.

પિતાની પેઠે હરિ પોતાના ભક્તોની ચિંતા પોતાની જાતે કરે છે. તેમ છતાં જો કોઇ ચિંતા કરે તો તે મૂર્ખ જ કહેવાય એમાં સંશય નથી. ૧૦।

માટે જેઓ શ્રીમહાપ્રભુજીને શરણે આવી તેઓશ્રીના દાસ થયા છે તેમણે તો આ મારી શિક્ષા પ્રમાણે સદાયે રહેવું. એવા વૈષ્ણવોએ તો પ્રભુની સેવા કરવી, જેથી સર્વથા સર્વ કાંઇ સિદ્ધ થાય ૧૨.